



ઈ. સ. ૧૯૪૯
સળંગ અંક ૩૧૦મો
ઑક્ટોબર
કુમાર




આબુ ઉપરના વિમળશાહના જૈન
મંદિરના સ્તંભ પરની પૂતળીઓ
નીચે
દેલવાડા મંદિરની છતનું શિલ્પ
(ફોટો • રોહિત ધીરજલાલ મહેતા)

આબુ ઉપરનાં જૈન મંદિરોની દેવાર્પિત કલામાં ગુજરાતી કારીગરોનાં ભક્તિપૂત ટાંકણાંઓએ સફેદ આરસમાં આપણા લલિત સંસ્કાર-વારસાની જે અખૂટ લીલા વિસ્તારી છે તેનો પરિચય અગાઉ પણ અપાયો છે; છતાં એ સમૃદ્ધિનો પાર આવે એમ નથી. અહીં તેમજ બીજી આર્ટ-પ્લેટ ઉપર તેની થોડી વાનગી આપી છે. આ પાના પરની તેના સ્તંભ પરની નર્તકીઓ તથા છત પરની વાદ્ય વગાડનારીઓમાં વાસ્તવદર્શી દેહપ્રમાણો કે મોહક અંગસૌંદર્ય નહિ મળે; પણ અખૂટ અંગભંગોનું અભિરામ લાલિત્ય તથા આંખોને આસ્વાદક પ્રવાહી ગતિલીલા જે એમાં વિસ્તરી છે તે તો નિદાન મુગ્ધકર છે. ઉપરના ચિત્રમાં ડાબી પૂતળીના હોઠ પરનું સ્મિત, એમના અતિભંગો, અને નીચેની પટ્ટીમાંની એકેએક પૂતળીની એકબીજીથી તદ્દન અનોખી જ અંગછટા જુઓ. એ આખી પટ્ટી મુખચિત્ર પાછળ પણ છાપેલી છે.





ગયા અંકમાં જેમનું ચરિત્ર આવી ગયું તે મહાન જર્મન કવિ-પ્રાજ્ઞ ગઅટેની ગયા ઑગસ્ટમાં ઊજવાએલી ૨૦૦મી જન્મજયંતી પ્રસંગે જર્મનીના રશિયન ઝોનમાંથી બહાર પડેલી ખાસ ટિકિટો ચોડેલું, પોતાના ઉપર આવેલું આ કવર સાણંદથી ભાઇ યોગેન્દ્રલાલ સંઘવીએ મોકલ્યું છે. ગઅટેએ પોતાના જીવનનો મોટો ભાગ જ્યાં વિતાવેલો તે વાઈમારમાંથી જ એમના પત્રમિત્ર કાર્લ ઑટ્જરે એ મોકલ્યું છે, અને આપણે ત્યાંની ‘જય હિંદ’ તથા ‘ઇન્ડીપેન્ડેન્સ ડે’ના અક્ષરોવાળી કૅન્સલેશનની છાપ જેવીજ છાપ પણ તે પર છે. એ ટિકિટોમાં ગઅટેની જુદી જુદી ઉંમરની છબિઓ છે જેમાંની ૬+૪ ફેનિંગની જાંબલી રંગની પહેલી જ ટિકિટ પર ગઅટેને પચીસ વર્ષની વયે જ્યારે વાઇમારના ડ્યૂકે આમંત્ર્યો તે વયની તસ્વીર છે.



દેલવાડાનાં વિખ્યાત જૈનમંદિરોની છતમાં કંડારેલી આરસની પૂતળીઓના અંગભંગના લીલા દાખવતા આ શિલ્પનો પરિચય આ અંકના પૂંઠા પાછળ આપ્યો છે. (ફોટો - રોહિત મહેતા)

કૂવાકાંઠે

ચિત્રકાર · સોમાલાલ શાહ



કુમાર
ઑકટોબર ૧૯૪૯
અંક ૩૧૦

ચિત્રો

દેલવાડા (આબુ) મંદિરના સ્તંભ તથા છત ઉપરની પૂતળીઓ ફોટો · રોહિત મહેતા પૂઠાની પાછળ
ગબ્બટની ટિકિટો (યોગેન્દ્રલાલ સંઘવી) મુખચિત્ર પાછળ
કૂવાકાંઠે સોમાલાલ શાહ ત્રિરંગી મુખચિત્ર
મીરાં–ચિત્રપટ નંદલાલ વસુ ૩૧૮ સામે
દેલવાડા મંદિરનો મંડપ ફોટો · મફતલાલ દૂધિયા તેની પાછળ

કાવ્યો

લજ્જા નિરંજન ભગત ૨૮૯
અંધકારનું શિલ્પ અશોક હર્ષ ૨૮૯
હું સુબોધ મહેતા ૨૮૯
ચાંદની મકરન્દ દવે ૨૮૯
સરજનહારને દ્વારે પતીલ ૨૮૯
ઉત્તર પ્રિયકાન્ત મણિયાર ૨૮૯

ચરિત્ર

જયકૃષ્ણ ઇન્દ્રજી રામસિંહજી રાઠોડ ૨૯૧
હરિનારાયણ આચાર્ય ૩૦૨ અ

વાર્તા

આકાશવાણી (શરદીન્દુ બંદ્યોપાધ્યાય) રમણિક મેઘાણી ૨૯૫

લેખો

સંકેત-લિપિઓ કરણસિંહ ગોવિંદસિંહ ચુડાસમા ૨૯૭
ફૉસ્ફરસ [રોજિંદા જીવનમાં વિજ્ઞાન-૩૦] નરસિંહ મૂ. શાહ ૩૦૨
નાયકના બાહ્ય તથા અભ્યંતર ગણ [નાટ્યશાસ્ત્ર-૩૮] યોગેન્દ્ર ૩૦૩

વિભાગો

પચ્ચીસ વર્ષ પહેલાં ૨૯૯
ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ શ્રીદામ ભટ્ટ ૩૦૪ તથા પાછલું પૂઠું
પત્રમિત્ર વિભાગ ૩૦૫
ટિકિટ-સંગ્રહ [૩] ૩૦૯
માધુકરી ૩૧૪
ઇગ્રેટ-બગલાં [માસમાસનાં પંખી-૪૫] 'વનેચર' ૩૧૪
આ માસ ઇતિહાસમાં [વ્યક્તિ વિશેષ : શ્યામજી કૃષ્ણ વર્મા] ૩૧૭
છેલ્લું પાનું ૩૧૮

ગ્રાહકોને

કોઇ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ, પરંતુ એવા ગુમ થએલા કોઈપણ અંકો ભરપાઇ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૭ા; પરદેશમાં રૂ. ૯ા અથવા ૧૫ શિલિંગ. છુટક નકલના બાર આના.

જાહેરખબરના સોલ એજન્ટ: મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટી કંપની
ફર્નાન્ડિઝ બ્રિજ, ગાંધી રોડ, અમદાવાદ



મા
આવતી કાલનાં
નાગરિકોનું
માસિક
૧૯૪૯
ઑક્ટોબર

(મંદાક્રાન્તા) **લજ્જા !**

નિરંજન ભગત

રે શી સજ્જા, પ્રિય ! શિર પરે સિન્દુરે રમ્ય રેખા,
ને અંબોડે અલકલટમાં પુષ્પવેણી ય ઝૂલે;
તારે કાને અધિકતર શોભા ધરી કર્ણફૂલે,
ને ભાલે શી ટમક ટિલડી ચન્દ્રની બીજલેખા !
તારે આંજ્યાં અતલ નયનો અંજને, તો ય નીલાં;
ગાલે લાલી, અધર પર શો રાગ ! શી રૂપલીલા !

રે તો યે આ સકલ અધૂરી પ્રેમની પૂર્ણસજ્જા !
એની સંગે સખીરી તવ મુખ પરે જ્યાં લગી ન્હોય લજ્જા !

અંધકારનું શિલ્પ

· વસંત ·

એ રાત્રિએ નગર આ સરતું જતું'તું
અંધારની વિતરતી જતી સોડ માંહે;
ઉન્મત્ત શો પવન સુસ્ત બની રહ્યો'તો,
ડૂબ્યે જતા ચમકતા જુજ તારલાઓ;
ને મૌનમગ્ન પથશ્રાન્ત વહ્યે જતાં'તાં
પાસે જ સાગર તણાં જળ સ્વપ્નરમ્ય.
એ રાત્રિએ મખમલી નવલા વણાટે
શી ભાત આ નગરની નિરખી અવર્ણ્ય !
ક્યારે ય જે નગરને નવ સ્નેહભાવે
ભાળેલ, એ નગરનું કશું ધન્ય દૃશ્ય !
નેત્રો અમીટ, ઉર સ્પંદિત, સજ્જ ચિત્ત.
જાણ્યું ન મેં નગરનું, પ્રકૃતિતણું વા
સૌન્દર્ય એ અરધ જાગ્રત ચિત્ત કેરું:
મેં અંધકાર તણું શિલ્પ પરંતુ માણ્યું.

અશોક હર્ષ

ચાંદની

ઝીણી ઝીણી ઝરે ચાંદની રે
એની આંખલિયાળી ભાત,
અરુ પરુ એમાં ઊજળી રે
કાંઈ રાત રમે રળિયાત.
ઓલી શેરીમાંથી આવતા રે
મધમીઠા અમીઅલ સૂર,
ધીમા તે ઢોલક વાગતા રે
ધીમાં ઘેન ચડે ઘેઘૂર.
ચોખ્ખા આકાશની ચાંદની રે
આજ ભીંજવે ગામનો ચોક,
પૂરણ ખીલ્યાં પોયણાં રે
એમાં તરતાં જાય અથોક.
ઝીણાં ઝીણાં એને ઝીલતાં રે
બાઈ, મુખડાં મલકે કો'ક.

મકરન્દ દવે

હું

રે ! હું પત્થર !
કોઇ મુજમાં શ્રદ્ધા પૂરી પૂજે કરી પરમેશ્વર:—રે !૦
કદી કો'નું ઠોકર કારણ, કદી શિલ્પે સંગેમરમર,
હેત કરી કદી કાદવ ચોંટે, નવાડતાં કદી નિર્ઝર:—રે !૦
યુવતીઅંતર નિરખું કદી થૈ જવાહર નિતાંત સુંદર,
જેલદિવાલે બેસી જોતો નિરઅપરાધી અંદર:—રે !૦
શિલા બની શબ્દે આલેખું ઇતિહાસોના અક્ષર,
કારીગરની છીણી કરી દે કો યુગચિહ્ન અનશ્વર:—રે !૦
ગરિમા માગું ગિરિવર શી હું, કિંતુ ઉરે કલકલ સ્વર,
એ શું બને વિજનવાટે જ્યાં હું તો કેવલ કંકર ?—રે !૦

સુબોધ મહેતા

સર્જનહારને દ્વારે

· ગઝલ ·

નિહાળી ભવ્ય ટોડલો મહાન કર્દગારનો
કરે ઉચ્ચાર આગ્રહી સુભક્ત દાદગારનો :
ખુબીથી તારી આશકાર, ખોલી દ્વાર હેતનાં
ઉતાર દૃષ્ટિ તારી; રાહ જોઉં છું હું ક્યારનો !
મહેલવાસી, માહરી નથી વિશેષ ઝંખના,
મળે જરાક ઓટલો મને કૃપાવતારનો.
અનેક ભેટ-સંચયે સુહંત જિંદગી સમી
કરે વૃથા ન આજિજી કદી ઘરાક પ્યારનો !
ન છેતર્યો કદી ય મેં બતાવી અંધ ચાહના,
થયો તહારી સાથ એ ગુનો કયા પ્રકારનો ?
છું યાદ જેહને લીધે કંઇક મિત્રવર્ગમાં
ભૂલું હું કેમ આસરો અદીઠ તેહ યારનો ?
તું છે હજુય ઘેનમાંહીં તાહરા વિભુત્વનાં,
સુણી શકે નહિ તું જો પુકાર આ કુમારનો:
સુહાવતો ત્રિલોકને વસી પ્રકાશ-ઘોડલે
બનાવ કેદી ના મને નિતાંત અંધકારનો.
ખુણો હરેક રોકતો, દિશા દરેક પૂરતો
તને હું ઓળખું છું, ના થયો પતીલ, ત્યારનો !

પતીલ

કર્દગાર=પ્રભુ; દાદગાર=નિભાવ કરનાર, (ન્યાય આપનાર); આશકાર=ખુલ્લું, જાહેર.

ઉત્તર

'શું કરો છો ભાઇ ત્યાં આ જિંદગીની ધૂળમાં ?'
'આશના એકમ ઉપર ગીંડાં ચડાવ્યે જાઉં છું;
ને ડોલતાં આ પાન કેરું ગીત હું યે ગાઉં છું:
દર દરખતે લયલાવિષે મજનૂ પડ્યો છે મૂળમાં.'

પ્રિયકાન્ત મણિયાર

હું અને મારી સરકાર

અમેરિકામાં 'પશ્ચાત્તાપ ખાતું' કરીને એક સરકારી ખાતું છે. દેશના કોઈ નાગરિકના હાથે જો કોઈ કાયદાનો ભંગ થયો હોય ને તેમાટે જો સરકાર તરફથી તેને યોગ્ય સજા થવી રહી ગઇ હોય તો એ નાગરિક જાતે એ ગુનાના પ્રાયશ્ચિત્ત તરીકે અમુક દંડ એ ખાતામાં જઈ ભરી આવે છે. એ રીતે એ ખાતામાં એક પૈસાથી માંડી હજારો રૂપિયા સુધીની રકમ રોજ જમા થતી હોય છે! આ વાતને આપણે ત્યાં દરેક બાબતમાં સરકારને છેતરવાની જે પ્રવૃત્તિ ચાલી રહી છે તે સાથે સરખાવતાં ગ્લાનિ થયા વિના રહેતી નથી.

સ્વાતંત્ર્ય મળ્યા પછીની પલટાએલી સ્થિતિનું આપણને જાણે કશું ભાન જ થયું નથી. પરદેશી સરકાર પ્રત્યે આપણે જે વિરોધી કલ્પનાઓ સેવેલી તેનો આજે હવે આપણે ત્યાગ નહિ કરીએ તો ઈશ્વરને ઘેર ગુનેગાર ગણાઈશું. પરકીય અમલમાં હક માટે લડત ચલાવવી જેટલી ન્યાય્ય હતી તેટલું જ સ્વકીય અમલમાં કર્તવ્યને ખાતર નુકસાન સહન કરવું આવશ્યક છે. એ કાળમાં સ્વાતંત્ર્યપ્રાપ્તિ માટે કાયદાભંગ કરીને દુઃખ સહન કરવું જેટલું યોગ્ય હતું તેટલું જ, બલ્કે તેથીય વધુ, સ્વતંત્ર થયા પછી કાયદાનું પાલન કરતાં થતો ત્રાસ સહન કરવો આવશ્યક છે.

ગાંધીજીએ મૃત્યુ પહેલાં રચનાત્મક કાર્યકર્તાઓને ઉપદેશ કરતાં કહ્યું હતું કે 'હવે લોકોને હક્ક કરતાં જવાબદારીનું ભાન પહેલાં કરાવી આપો.' આજે ઘણાખરાને પોતાની જવાબદારીઓ શું છે તેનું ભાન ન હોવાને કારણે બીજાઓના દોષ શોધવાની વૃત્તિ ખૂબ વધી પડી છે. કોઇ સરકારી કાર્યપદ્ધતિને દોષી ગણે છે, કોઈ સરકારના અમલદારોને, તો કોઇ વળી વેપારીઓને અટ્ટલ સ્વાર્થી ગણાવે છે. આમ દરેક જણ બીજાઓ ઉપર જ દોષનો ટોપલો ઢોળ્યા કરે છે. પણ પોતાની વર્તણૂક કેવી હોવી જોઇએ એનો જ માત્ર કોઇ વિચાર કરતું નથી.

ખરું જોતાં આપણા કુટુંબમાં આપણે બંધનો પાળવા માટે અને કષ્ટ સહન કરવા જેટલા તત્પર હોઈએ છીએ એટલા જ પોતાની સરકાર માટે હોવા જોઈએ. આપણી રોજિંદી પ્રવૃત્તિ સહજરીતે જ કાયદાનાં બંધનોને માન આપનારી હોવી જોઈએ. કુટુંબના જેવી જ આત્મીયતા જો આપણે સરકાર પ્રત્યે કેળવીને તે પ્રમાણે આચરણ કરીશું તો રાષ્ટ્રપુરુષની આજની પ્રકૃતિમાં ઘણો મોટો ફેર પડ્યા સિવાય રહેશે નહિ. વાસ્તવિકરીતે, સરકાર એટલે શું? કુટુંબનું જ મોટું રૂપ. કુટુંબ થોડીક વ્યક્તિઓ માટે હોય છે જ્યારે સરકાર અનેક કુટુંબો માટે.

પણ આજે તો દરેક વ્યક્તિ સરકારને છેતરવાની ને કાયદામાંથી છટકબારીઓ શોધવાની જ વેતરણમાં દેખાય છે. 'હું વગર ટિકિટે મુસાફરી કરીશ નહિ; રૅશન, કંટ્રોલ આદિનાં બંધનો ગમે તેટલી તકલિફ વેઠીને પણ પ્રામાણિકરીતે પાળીશ; યોગ્ય વહેવારમાં જરૂરી રૅવન્યૂ સ્ટૅમ્પ લગાડવાનું ચૂકીશ નહિ; સરકારે આપેલી ખાસ સગવડોને એટલી જ નિષ્ઠાથી પાળીશ; અને જો આ સંકલ્પોમાં ક્યારે ય પણ નિયમભંગ થશે અને જો કોઈ મને એ બતાવી આપશે તો એને માટે મુકરર થએલો દંડ હું જાતે જ સરકારમાં જઇ ભરી આવીશ;' આ જાતની અચલ નિષ્ઠા દેશના દરેક જવાબદાર નાગરિકે ખીલવવી આવશ્યક છે.

બે વર્ષ પહેલાં સરકારે ૬૦ હજાર એકર જમીનને પહોંચે એટલું એક વિશિષ્ટ ખાતર ખેડૂતોને સાવ પડતર કિંમતે આપેલું. પણ ખેડૂતોએ તો એ બધું કાળા બજારમાં લઈ જઇ વેચી નાખ્યું! દર વર્ષે ૪૦ હજાર એકર જમીન ખેડાતી, પણ એ વર્ષે માત્ર ૨૦ હજાર એકર જમીનનું જ ખેડાણ થયું. આ કેટલો મોટો રાષ્ટ્રીય ગુનો છે એનો આપણે વિચાર કરવો જોઇએ. ગયાં પાંચ વર્ષમાં રેલવેના નોકરોને ખૂબ સસ્તા દરથી અનાજ તથા ઇતર વસ્તુઓ આપવામાં આવતી; પણ આપણી ખોરી દાનતને લીધે એનું એવા અનૈતિક સ્વરૂપનું પરિણામ આવ્યું કે ૯૦ ટકા રેલવે નોકરો કાળાબજાર વાળા દુકાનદાર બન્યા! સરકારને છેતરવાની આપણી મનોવૃત્તિનો એવો જ એક બીજો દાખલો છે. એક ગૃહસ્થને બીજા પાસેથી ૨૧ રૂપિયા લેવાના હતા. તેના પર એક આનાનો સ્ટૅમ્પ લગાડવો પડે. એ બચાવવા એ ગૃહસ્થે સાતસાત રૂપિયાની ત્રણ પાવતીઓ કરી આપી! વ્યવહારમાં આવા તો અનેક પ્રસંગો આવે છે જેમાં આપણે સરકારને ડગલે ને પગલે છેતરતા હોઈએ છીએ.

આને પડછે મુંબાઈમાં વેપાર કરતા એક યુરોપિયન વેપારીનો દાખલો મનન કરવા જેવો છે. એણે પોતાના દેશમાંથી બે પ્રકારની વસ્તુઓ મંગાવેલી. તેમાંથી એક વસ્તુ પર ત્યાંના કસ્ટમ અમલદારે જકાત લીધી અને બીજી પર લીધી નહિ. આ વેપારીને લાગ્યું કે બીજી વસ્તુ પર પણ કાયદાથી જકાત લેવી જરૂરી હતી. તેથી એણે પોતાની ગણતરીથી થતી એ વસ્તુ પરની જકાતની એકંદર રકમ પોતાના સરકારી અમલદાર પર મોકલી આપી. સાથે પત્ર લખ્યો કે 'મારા મત પ્રમાણે આપે બીજી વસ્તુ પર પણ જકાત લેવી જરૂરી હતી. અને તેથી હું મારા અંદાજથી રકમ મોકલું છું. જો જકાત ન હોય તો પૈસા પાછા મોકલશો. તમારા અજ્ઞાનને કારણે આપણી સરકારને નુકસાન થાય એ મને ઠીક લાગતું નથી.' દેશમાં જો આવા પ્રકારના પ્રામાણિક માણસો હશે તો આપણો દેશ ખરા અર્થમાં સ્વતંત્ર ને લોકરાજ્યવાળો ગણાશે; નહિતર સેતાન પણ એવા રાજ્યનો નાગરિક થવાની હિંમત કરશે નહિ.

આજની ઘડીની સૌથી પહેલી ને મુખ્ય કોઈ પણ જરૂરત હોય તો તે આપણી સરકાર પ્રત્યે નિતાંત આત્મીયતા કેળવવાની છે. આપણા રોજિંદા વર્તન પરથી જ આખા રાષ્ટ્રની દાનત અને શીલની પરખ થતી હોય છે.


ઉપર્યુક્ત દાખલા જેવો જ એક બીજો બોધપ્રદ દાખલો છે. બે હિંદી માણસો જાપાન ગએલા. ત્યાંથી તે એક જાપાની સ્ટીમરમાં બેસીને અમેરિકા જવા નીકળ્યા. હિંદુસ્તાનની એક બૅંકની ભૂલને લીધે એમને એમના પૈસા સ્ટીમરમાં બેસતાં પહેલાં મળ્યા નહિ. આગલા બંદરે એ મળશે એવી આશાથી એ સ્ટીમરમાં બેઠા, પણ ત્યાં પૈસા મળ્યા નહિ. બંને ગૃહસ્થ સ્વાભિમાની હોઇ સ્ટીમરમાંથી ઉધાર ન લેતાં તદ્દન ભૂખ્યા જ બેસી રહ્યા. સ્ટીમરમાં ઘણા જાપાનીઓ હતા. તેમાંના એકનું ધ્યાન તેમના તરફ ગયું. એણે તેમની પાસે જઈ તેમની મુશ્કેલી જાણી લીધી, ને તરત જઇને કેટલીક ખાવાની વસ્તુઓ લાવી તે લેવાની વિનતિ કરી. બંને ગૃહસ્થોએ તે લેવાનો સંકોચ દર્શાવતાં એ જાપાની ગૃહસ્થે કહ્યું, 'તમારી ગમે એ મુશ્કેલી હોય કે ભૂલ તમારી બૅંકની હોય; પણ તમે જ્યારે હિંદ પાછા જશો ત્યારે તમારા મોંમાથી સહજ જ શબ્દો નીકળશે કે જાપાની સ્ટીમરમાં અમને કાંઈ ખાવાનું ન મળ્યું. એથી જાપાનની સરકારની ને મારા દેશબાંધવોની મોટી અપકીર્તિ થશે. માટે તમે આ વસ્તુનો સ્વીકાર કરો. આમાં તમને ઓછું આવવાપણું કાંઈ જ નથી. બીજાની મુશ્કેલીમાં મદદ કરવી એ જાપાની તરીકે મારું પ્રથમ કર્તવ્ય છે.'

આપણે પણ આપણા દેશ ને સરકારના પ્રતિષ્ઠારક્ષણ માટે આટલા જ દક્ષ રહેવાની જરૂર નથી? (મરાઠી 'એકતા'ના આધારે)

વનસ્પતિવિદ્વર

જયકૃષ્ણ ઈન્દ્રજી

જેમની જન્મ-શતાબ્દી આ મહીને ગુજરાતે ઊજવી



'मन रे तू वृक्षन की मत ले'

'શ્રી જયકૃષ્ણ ઇંદ્રજી એ ગુજરાતનું ભૂષણ છે. ગુજરાતમાં પોતાના વિષયમાં તન્મય થએલી થોડી જ વ્યક્તિઓ છે. તેવી પ્રધાન વ્યક્તિઓમાં શ્રીજયકૃષ્ણ ઇંદ્રજી શોભે છે. બરડાનું ઝાડેઝાડ અને પાનેપાન તેઓ જાણે છે. વૃક્ષારોપણ ઉપર તેમનો એટલો બધો વિશ્વાસ છે કે તેઓ એ કાર્યને પ્રથમ સ્થાન આપે છે, અને તેથી અનેક પરિણામો આવી શકે છે એમ માને છે. એ વિષે એમનો ઉત્સાહ અને વિશ્વાસ ચેપી છે. મને તો એનો ચેપ ક્યારનોય લાગેલો છે. —ગાંધીજી

લેખક · રામસિંહજી રાઠોડ

(ફૉરેસ્ટ ડિપાર્ટમેન્ટ · કચ્છ)

એ જીવનસૂત્ર રાખીને વનસ્પતિવિદ્ જયકૃષ્ણભાઇએ તરુવર જેવી જ પરકાજુ જિંદગી જીવી ગુજરાતને તેની વનસ્પતિસમૃદ્ધિનું મૂલ્ય બતાવ્યું. આ હેતુની સિદ્ધિ માટે એમણે નિષ્કામભાવે ને આગ્રહપૂર્વક ગુજરાતીમાં જ પોતાનું સાહિત્ય લખ્યું. ગુજરાતને વનસ્પતિપારખુ બનાવવા એમણે લખેલો 'वनस्पतिशास्त्र'નો ગ્રંથ માત્ર ગુજરાતીમાં જ નહિ પણ હિંદભરની પ્રાંતીય ભાષાઓમાં પહેલો ગ્રંથ છે; અને આજ ત્રણેક દાયકા વીત્યા છતાં એની બરોબરીનો બીજો ગ્રંથ હજી નથી લખાયો. એ દ્વારા ગુજરાતને તેના આંગણામાં ઊગતી વનસ્પતિઓને ઓળખતું કરવા એમણે પગરણ કર્યું, અને એને ટેકે જ વનસ્પતિસૃષ્ટિમાં ગુજરાત રસલેતું થયું.

અરબસાગરની કચ્છકંઠારે, તેને પશ્ચિમ છેડે કોરી નાળ પર આવેલા લખપત બંદરમાં, આજથી એકસો વર્ષ પહેલાં, સં. ૧૯૦૫ની વિજયા દશમીએ, એક વૈષ્ણવ હવેલીના મુખિયાજી ઇન્દ્રજી નામના ગિરનારા બ્રાહ્મણને ત્યાં એમનો જન્મ થયો. ધર્મના, ભક્તિના, સંગીતના અને વિદ્યાના વાતાવરણવાળા તથા પરંપરાગત ઊતરેલા વૈષ્ણવ સંસ્કારોવાળા ગરીબ ઘરમાં તેમનું બાળપણ વીત્યું. પ્રાથમિક શિક્ષણના અભ્યાસકાળમાં જ તેમને કસરતનો નાદ લાગ્યો; એટલે નાથા સીદી પાસે તેઓ દંડ-બેઠક, મગદળ વગેરે કસરતો શીખ્યા. તરવાનો પણ શોખ કેળવ્યો; અને ગ્રામજીવનની ખડતલતાના વાતાવરણમાં તેમનાં મન અને શરીર એવાં સુદૃઢ થયાં કે એંશી વરસ સુધી એમણે એકધારું ઉદ્યમી ને ભાવનાશીલ જીવન ગાળ્યું.

પિતાના મૃત્યુ પછી અગિયાર વર્ષની વયે તેઓ તેમના મોટા ભાઇ પાસે કચ્છ માંડવીમાં આવી રહ્યા. અહીં તેમને બ્રાહ્મણવૃત્તિથી ભિક્ષા લઈ નિર્વાહ કરવાનો હતો, છતાં અંગ્રેજી ભણવાનો કોડ થયો. માધુકરી લેવા ફરતા ત્યારે પણ તેઓ અંગ્રેજી શબ્દોના સ્પેલિંગો ગોખતા જતા. આવી તંગ આર્થિક સ્થિતિનો લાભ લઇ માંડવીમાં કાપડી લોકોએ તેમને પોતાનો ચેલો મુંડાવા લલચાવ્યા; પણ ઘરના વૈષ્ણવ સંસ્કારોથી તેઓ તેમ થતા બચ્યા.

ઉદરપોષણની થતી જોગવાઇ માટે, અને કુમાર-સહજ દેશાટન કરવાના ઉત્સાહમાં, વૈષ્ણવ સંપ્રદાયની હવેલીનાં ચંદારાણી વહુજી મહારાજ સાથે રસોયા તરીકે કરાચી જવા જયકૃષ્ણ કબૂલ થયા. ત્યાં તેમને ફાવી ગયું અને થોડી મૂડી પણ એકઠી થઇ, એટલે નાની વયે જ તેઓ મુખિયાજી તરીકે ઓળખાવા લાગ્યા. પછી વહુજી મહારાજની સૂચનાથી જયકૃષ્ણ તેમના મોટા ભાઈ પાસે મુંબઈ આવી રહ્યા. ત્યાં ચૌદ વર્ષની ઉમરે બહેરામજી પારસીની નિશાળે ભણવા બેઠા. જોકે આત્યંતિક ગરીબ અવસ્થામાં પાસે ફી ભરવા કે પુસ્તકો ખરીદવા જેટલા પૈસા યે મળે નહિ, એટલે ઘણાં કષ્ટ વેઠી જેમતેમ કરી તેનો મેળ કરી લેતા. તેઓ લખે છે કે એ વખતની ફીના આઠ આના ક્યાંથી લાવવા તેના વિચારમાં હું ઘણી વખત રોતો. પણ જ્યારે ફી આઠ આનાથી વધીને એક રૂપિયો થઇ ત્યારે તે ભરવાની અશક્તિથી અંગ્રેજી ચોથા ધોરણથી ભણતર છોડ્યું. આ વખતે જ્યૉમેટ્રી અને Deserted Village કાવ્ય એમના પ્રિય વિષય હતા. આજને મુકાબલે તો એ વખતની અભ્યાસપદ્ધતિ બહુ સંગીન હતી એમ જયકૃષ્ણભાઈ ઘણી વખત કહેતા.

આમ, નિશાળ તો છોડવી પડી, પણ અભ્યાસશૉખ જારી જ રહ્યો. પાસે દીવો બાળવાના પૈસા નહિ એટલે કોટમાં ઊંચા મકાનના ઓટલા પર મ્યુનિસીપાલિટીના ફાનસ નીચે રાત્રે વાચન કરતા. અને મોડી રાત્રે તેની સામેના જ એક સાંકડા ઓટલા ઉપર સૂઈ રહેતા. એ ઓટલો તો સાંકડો હતો કે જરા પાસું ફેરવતાં નીચે જ પડાય. આ વખતે ઇન્સ્પેક્ટર બેલી નામે એક ક્રિશ્ચિયન તેમને ખ્રિસ્તી દેવળોમાં આવવાની લાલચો આપતો, પણ તેમાં તેઓ ફસાયા નહિ. એ જ અરસામાં ફણસવાડીના દત્તાત્રેય મંદિરમાંથી સંગીતજ્ઞાન મેળવ્યું, અને ખુદરત મુગ્લ નામે એક સજ્જનને અંગ્રેજી શીખવી તેની પાસેથી થોડું ફારસી પણ શીખ્યા. નિર્વાહ માટે તેમણે બૅંકની હૂંડીની દલાલીનો ધંધો શરૂ કર્યો, પણ તેમાં ફાવટ ન આવી.

એવામાં એમના મોટાભાઈ ભાણજી મથુરાની યાત્રાએ ગયા, તે એમને પણ પોતાની સાથે લઇ ગયા ત્યાં અનુકૂળ ક્ષેત્ર જણાતાં તેમણે વૈષ્ણવ સંપ્રદાયનાં તેમજ બીજાં જૂનાં-નવાં પુસ્તકો વેચવાની દુકાન માંડી આપી અને જયકૃષ્ણ ત્યાં જ રોકાઈ ગયા. એમાં કેટલાંક પ્રાચીન હસ્તલિખિત તથા બીજાં જૂનાં પુસ્તકો લોકો તેમને જૂજ કીમતે વેચવા આપી જતા; તેમાંથી પોતે પણ કેટલાંક રાખી લેતા. દુકાને ઝાઝું કામ નહિ, એટલે વાચન ખૂબ વધ્યું. આ રીતે મથુરામાં તેમને વ્રજભાષા અને હિંદીનો અનુભવ મળ્યાં. ઉપરાંત તેમણે વૈષ્ણવ હવેલીમાં ગવાતાં કીર્તનો ઢાળ સહિત કંઠસ્થ કર્યાં અને મથુરામાં જગનામૈયાની શ્રદ્ધાભક્તિ કેળવી જીવનમાં સ્વચ્છતાનો ગુણ ઉતાર્યો.

આ ધંધાને અંગે તેઓ મુંબઇવાળા વિદ્વાન પુસ્તકવિક્રેતા પંડિત જ્યેષ્ઠારામ મુકુંદજીના પરિચયમાં આવ્યા અને તેમની સાથે કાશી, બરેલી, અયોધ્યા વગેરેની યાત્રાનો તેમને લાભ મળ્યો. આ પ્રવાસમાંથી તેઓ મુંબઇ પહોંચ્યા ત્યારે જયકૃષ્ણને પેટનો સખત દુખાવો શરૂ થયો અને તબિયત તદ્દન નંખાઇ ગઇ. આ વખતે આપણા પ્રખર પુરાવિદ્ સ્વ. ભગવાનલાલ ઇંદ્રજી મુંબઇમાં રહેતા હતા. તેમને વનૌષધિનો શોખ હતો અને વૈદકનું કામ પણ કરતા. આથી જ્યેષ્ઠારામે એમને ભગવાનલાલભાઈ પાસે મોકલ્યા. એમની દવાથી જયકૃષ્ણને સારું થયું અને એ બન્નેનો પરિચય કેળવાયો.

ભગવાનલાલભાઈ એ વેળા જૂનાગઢથી મુંબાઈ આવીને પુરાતત્ત્વ અને શિલાલેખ-સંશોધનનું કાર્ય કરતા હતા. રોગમુક્ત કર્યા પછી ભગવાનલાલભાઈએ એમને વ્યવસાય તરીકે પોતાની પાસેના શિલાલેખોની નકલો કરવાનું કામ સોંપ્યું. જયકૃષ્ણે તેમાં રસ લઈ વધુ જિજ્ઞાસા દેખાડી, એટલે હિંદના આર્કીઑલૉજિકલ સર્વેયર(પુરાતત્ત્વ અધિકારી)સર જેમ્સ બર્જેસ સાથે જ્યારે ભગવાનલાલભાઈ સર્વેકામ (મોજણીકામ) માટે નાશિક ગયા ત્યારે જયકૃષ્ણને પણ સાથે લઇ ગયા. આ દરમ્યાન જયકૃષ્ણની અભ્યાસી વૃત્તિ, આચાર તથા વગર સમજ્યે પણ એમનામા કુદરતીરીતે રહેલો વનસ્પતિ પ્રત્યેનો પ્રેમ જોઈ ભગવાનલાલભાઇએ તેમનું વનસ્પતિજ્ઞાન વિકસે તેવા સંજોગો મેળવી દીધા, અને નાશિકમાં પ્રત્યક્ષ પરિચયથી જયકૃષ્ણ ઘણી વનસ્પતિને પિછાનતા થયા. આથી મુંબઇ આવીને ભગવાનલાલભાઇએ તેમને ગ્રાંટ મેડિકલ કૉલેજના બૉટનિસ્ટ (વનસ્પતિવિદ્) ડૉ. સખારામ અર્જુન પાસે મોકલ્યા. જયકૃષ્ણનું વનસ્પતિનું જ્ઞાન અને તેમણે ભેગા કરેલા નમૂનાઓ જોઈ સખારામ ખૂબ પ્રસન્ન થયા. તેમણે જયકૃષ્ણના બધા નમૂના રાખી લીધા, અને બદલામાં પોતાના બીજા થોડા આપ્યા. પછી તો સખારામે ન જોએલા એવા કેટલા યે નવાનવા નમૂના જયકૃષ્ણ લાવવા માંડયા અને એ રીતે મુંબઇની આસપાસની વનસ્પતિનો તેમણે અભ્યાસ કરી લીધો. સખારામ પોતાના હર્બેરિયમમાં જયકૃષ્ણે લાવેલા નવા નમૂના ઉપરના લેબલમાં 'As identified by Jayakrishna' (જયકૃષ્ણે નિર્ણિત કરેલા) એ રીતનો ઋણસ્વીકાર લખીને સંગ્રહવા લાગ્યા. આથી જયકૃષ્ણની અભ્યાસની પ્રેરણા વધતી જ રહી અને તેમનો સંબંધ ઉત્તરોત્તર ગાઢ થઈ કાયમી બન્યો. છેવટે સખારામને પણ ખાત્રી થઈ કે જયકૃષ્ણ સમા શિષ્યને પહોંચી વળવું સહેલું નથી.

પછી તો મુંબઇમાં વનસ્પતિજ્ઞાનનો કોઈ પણ રસિયો આવે કે તરત જયકૃષ્ણની પૂછા થતી. સખારામના મૃત્યુ પછી તેમની જગ્યાએ આવનાર ડૉ. મૅકડોનલ્ડનો પણ જયકૃષ્ણ સાથે એ સંબંધ કાયમ રહ્યો. એવામાં રાજકોટની રાજકુમાર કૉલેજના પ્રિન્સિપલ મિ. ચેસ્ટર મૅકનૉટનને વનસ્પતિશાસ્ત્રનો રસ લાગ્યો. તેમની સાથે વનસ્પતિક્ષેત્રાન્વેષક (Field Botanist) તરીકે જવા મૅકડોનલ્ડે જયકૃષ્ણને ભલામણ કરી અને ભગવાનલાલભાઇની આજ્ઞાથી જયકૃષ્ણ માથેરાન ગયા. ત્યાં મૅકડોનલ્ડ, બર્ડવૂડ, મૅકનૉટન અને જયકૃષ્ણ રોજ વનસ્પતિનાં અભ્યાસ, અવલોકન અને સંશોધન કરવા જવા લાગ્યા. અજ્ઞાત અથવા શંકાસ્પદ વનસ્પતિઓનો તેઓ ત્યાં નિર્ણય કરતા, અને જેને કોઈ ન ઓળખી શકે તે વનસ્પતિ છેવટે જયકૃષ્ણ પાસે રજૂ થતી. તેમની કને તો પરિચય અને પ્રમાણભૂત નિર્ણય આપતો ઉત્તર હમેશાં તૈયાર જ હોય!

માથેરાનથી પાછા આવ્યા એ અરસામાં ડૉ. આર. એન. ખોરી 'મટીરિયા મેડિકા' નામનો વૈદકનો મહાગ્રંથ લખતા હતા. તેમની માગણીથી તે લખાવવામાં જયકૃષ્ણે મદદ કરી. ડૉ. ખોરી આ કાર્ય માટે જયકૃષ્ણને માસિક રૂ. ૩૦નો દરમાયો આપતા. એ કામ પૂરું થયા પછી તેમના યુરોપિયન મિત્રો બર્ડવૂડ અને મૅકનૉટન જયકૃષ્ણને તેમની શક્તિ અને જ્ઞાનસંચયનો સદુપયોગ થાય તેવું તેમને યોગ્ય અને મનગમતું કોઈ કામ અપાવવા ઉત્સુક હતા. એવામાં બરડા ડુંગરની વનસ્પતિઓનો શાસ્ત્રીય અભ્યાસ થઇને તે દેશપરદેશમાં જાણીતી થાય તેમ કરાવવાની પોરબંદરના મહારાણાને ભાવના થઈ. આને માટે મૅક્નૉટને જયકૃષ્ણની ભલામણ કરી. જોકે જયકૃષ્ણની ઇચ્છા તો હજુ મુંબાઈમાં રહીને ભગવાનલાલભાઈ વગેરેના સહવાસમાં પોતાનું જ્ઞાન વધારવાની હતી. પણ તે વખતના પોરબંદરના ઍડમિનિસ્ટ્રેટર સર એફ. એસ. પી. લેલીએ પોરબંદરમાં તેમના અભ્યાસ માટેની તથા તેમને ગમતા કામમાં જરૂરી એવી પૂરતી સગવડ આપવાની ખાત્રી આપી અને જયકૃષ્ણભાઈને રોકી લીધા.

આમ, પોરબંદરમાં ૧લી ઑક્ટોબર ૧૮૮૬માં 'ક્યુરેટર ઓવ ફૉરેસ્ટ્સ ઍન્ડ ગાર્ડન્સ'ના હોદ્દે જયકૃષ્ણભાઈની નિમણૂક થઈ. અહીં તેમણે એવો તો વનસ્પતિપ્રેમ કેળવ્યો કે વનસ્પતિ સાથે જાણે પ્રત્યક્ષ વાતો કરતા હોય એ રીતે તેનો ઘનિષ્ઠ પરિચય તેઓ અનુભવવા લાગ્યા. આ રીતે તેમણે કેવળ સ્વતંત્રપણે વનસ્પતિવિદ્યાનો અભ્યાસ કર્યો અને સ્વશિક્ષિત વનસ્પતિવિદ્ બન્યા.

તેમણે ત્યાં પુષ્કળ નવાં ઝાડો રોપાવ્યાં અને તેમનાં રક્ષણ માટે પાકો પ્રબંધ કરાવ્યો. પોરબંદરમાં હજુ યે જૂનું ઝાડ દેખાડી કોઈ પૂછે કે 'આ ઝાડ કોણે રોપાવ્યું?' તો ઉત્તર મળે કે 'જયકૃષ્ણભાઈએ!' જાતે સખત કામ કરવું અને બીજા પાસે કરાવવાના કામ પર કડક દેખરેખ રાખવી એ તેમનો સ્વભાવ હતો. તેઓ પરમ કર્તવ્યનિષ્ઠ હતા. જંગલમાં રબારીઓ વચ્ચે ફરતાં તેમની સાથે કુટુંબ જેવો નાતો કેળવેલો. આજે પણ બરડાના રબારીઓ જયકૃષ્ણભાઇને યાદ કરી તેમનાં સ્મરણો તાજાં કરે છે કે "બરડાનું એકેએક ઝાડ એ ઓળખે. બહુ ભલો આદમી. કોઈની પાઈ લે નહિ અને રાજની વસુલાત છોડે નહિ. એની સાથે ચાલતાં રબારી પણ થાકે એવી ખડતલ તો એની કાયા!" જયકૃષ્ણભાઈના પણ આ રબારીઓ વિષેના અભ્યાસ અને અનુભવ ખૂબ હતાં. આ રબારીઓને તે પોતાના વનસ્પતિ-અભ્યાસના સહાયક ગણાવે છે. પોરબંદરમાં તેમણે વનસ્પતિજગત માટે ખરી દિલ્લગી અને મમતા કેળવી અને સાચા રાજભક્ત પણ બની રહ્યા.

તેમની કામની ચીવટ, ખંત તથા અભ્યાસ માટેની તમન્ના જોઈ સર લેલીએ મુંબાઈ સરકારની પરવાનગી મેળવી સરકારી જંગલખાતામાં બાર મહીના માટે કામગીરી શીખવા તેમને પૂના મોકલ્યા. ત્યાં તેમણે વનવિદ્યા (forestry)નો અભ્યાસ કર્યો. ઉપરાંત પોતાના ત્યાંના ઉપરી વિલ્કિન્સનને એમણે વનસ્પતિવિદ્યા(botany)નો અભ્યાસ વધારવામાં મદદ કરી. છેવટે એમને પોતાની જ્ઞાનશક્તિ

માટે સાચું આત્મભાન થયું. તેઓ ઘણી વખત કહેતા: 'પ્રેમ જ વિદ્યા શીખવે છે,—કૉલેજ કે શાળાઓ નહિ. આપણામાં સાચો વિદ્યાપ્રેમ નથી એટલે જ જ્ઞાન નથી.'

સં૦ ૧૯૫૪માં પોરબંદરમાં જનતા પ્લેગથી પાયમાલ થઈ ત્યારે એમણે એ આજારીઓની માવજત માટે સ્વયંસેવક તરીકે પોતાની સેવા આપેલી. આ વખતે પોરબંદર પાંજરાપોળના મૅનેજર શ્રાવક સાવડીઆને એક જૈન યતિ જડીબુટ્ટીનો એક કકડો આપી ગએલા. તે ઘસીને ગાંઠ ઉપર ચોપડવાથી ગાંઠ ફૂટી જતી અને દરદીને આરામ થતો. આ કટકો ખૂટવા આવ્યો ત્યારે સાવડીઆએ તે ત્યાંના ચીફ મેડિકલ ઑફિસરને મોકલ્યો. ઘણા પ્રયત્નો છતાં કોઈ તેને ઓળખી શક્યું નહિ. છેવટે જયકૃષ્ણભાઇ પાસે તે આવતાં તેમણે તપાસી તેને ઘોડાકુન (Withania Somnifera)ના મૂળ તરીકે પિછાણ્યું. પછી તો પ્લેગની અને બીજી ગાંઠો ઉપર એ વનસ્પતિનો ઉપયોગ થતાં દરદીઓને ફાયદો થવા લાગ્યો અને જનતાને આનો ઉપયોગ કરવાની જાહેરાત પણ પોરબંદર સ્ટેટ ગેઝેટમાં આપવામાં આવેલી, (વ૦ પા૦ ૫૫૨). ઇ. ૧૯૦૨ના ડિસેમ્બરમાં અમદાવાદમાં ભરાએલા પ્રદર્શનમાં એ ઘોડાકુનના મૂળનો નમૂનો મૂકવામાં આવ્યો હતો. પછી તો બરડા ડુંગરની વનસ્પતિના નમૂનાઓનો એમણે સંગ્રહ કરવા માંડયો. તેમનો એ અમૂલ્ય સંગ્રહ ઘણાં પ્રદર્શનોમાં મૂકવામાં આવતો. ૧૯મી તથા ૨૦મી હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસનાં તથા વૈદ્ય સંમેલનનાં કેટલાંક પ્રદર્શનોમાં આ સંગ્રહ ખાસ આકર્ષણ બનેલો ને તે માટે એમને પ્રસિદ્ધિપત્રો, માનપત્રો તથા ચંદ્રકો મળેલા. પ્રદર્શનોમાં તેઓ જાતે જઇને જનતાને નમૂનાઓનો પરિચય આપી તેની ઉપયોગિતા સમજાવતા. એ પ્રદર્શનોમાં એમનું પ્રિય પેય કાસુંદ્રા (Cassia Occidentalis)ની નીઓ કૉફી, અને ઘોડાકકુનનું મૂળિયું તો હોય જ. આ રીતે જયકૃષ્ણભાઇએ બરડાને મુલ્કખ્યાત કર્યો.

'પરદેશ બેઠાંબેઠાં યુરોપિયનો આ દેશની વનસ્પતિ વિષે જાણે ને મારા દેશબાંધવો પોતાને આંગણે ઊગતી ને પગ તળે છુંદાતી વનસ્પતિને પણ ન ઓળખે' આ પોતાનું મનદુઃખ હળવું કરવા એમણે સ્વભાષા ગુજરાતીમાં જ 'વનસ્પતિશાસ્ત્ર' લખવાની તૈયારી કરી. આ પુસ્તક જો અંગ્રેજીમાં લખાય તો તેનો બહોળો ફેલાવો થઇ એમની અમાપ કદર થાય એવી અનેક યુરોપિયન અને હિંદી મિત્રો તરફથી એમને સૂચના મળી, પણ સ્વદેશાભિમાનથી પ્રેરાઇ તેમણે ગુજરાતીમાં જ એ પુસ્તક લખવા માંડ્યું. ગુજરાતીમાં આ વિષયને લગતું કોઈ માર્ગદર્શક પુસ્તક ન હતું એ કાળમાં, અંગ્રેજી ફ્લોરાઓની મદદથી અભ્યાસ કરી, જાત-અનુભવથી એકઠી કરાએલી બરડાની વનસ્પતિની પૂરતી માહિતી તેમની કને હતી. પોરબંદરની નોકરીમાંથી નિવૃત્તિ મેળવી સને ૧૯૦૪માં લખવું શરૂ કરેલું એ પુસ્તક ૧૯૦૭ સુધીમાં પૂરું કર્યું. વનસ્પતિની માત્ર શુદ્ધ શાસ્ત્રીય માહિતી જ આપતું પુસ્તક તો ગુજરાતીમાં નહિ ખપે એમ સમજી શ્રી ઈચ્છારામ સૂર્યરામની સૂચનાથી તેમાં તેમણે વનસ્પતિના સ્વરૂપદર્શન ઉપરાંત તેના ગુણદોષોનું વિવરણ ને ઉપયોગના ટુચકા પણ ઉમેર્યા; તથા આખ્યાયિકાઓ, દુહા, કવિત, શ્લોકો વગેરેથી તેને અલંકૃત કરી તેમાં રસ લાવવા યત્ન કર્યો. વળી એમાં વનસ્પતિની કેટલીક નવી પરિભાષા પણ ઉમેરી. આમ ગુજરાતીમાં એ વેળા અપૂર્વ એવો એ ગ્રંથ બન્યો.

એવામાં પોરબંદરના મહારાણા શ્રી ભાવસિંહજી અચાનક સ્વર્ગવાસી થઈ જતાં તેમને પોરબંદર રાજ્ય તરફથી બરડા ડુંગરની વનસ્પતિનું આ પુસ્તક છપાવવા કાંઇ મદદ કે ઉત્તેજન મળ્યાં નહિ; અને એ વખતના ત્યાંના ઍડમિનિસ્ટ્રેટરે માત્ર ૧૦થી૧૫ નકલ જ ખરીદવા



સંવત ૧૯૮૫ની વિજયા દશમીએ ભૂજમાં શ્રી નાનીબા સંસ્કૃત પાઠશાળાના મકાનમાં જયકૃષ્ણભાઈએ વનસ્પતિનું ભવ્ય પ્રદર્શન યોજ્યું હતું તે સમયની તસ્વીર. ડાબી તરફ પાઘડી વાળા કુમારની ઉપર ધોળી મૂછો વાળા છે તે શ્રી જયકૃષ્ણભાઈ અને એમની જોડે ચશ્માવાળા છે તે કચ્છના દીવાન સ્વ. શ્રી જદુરામભાઇ ભટ્ટ. નીચે જમણી તરફ મહારાજકુમાર શ્રી મનુભા સાહેબ ઊભેલા છે.

ઉદારતા દાખવી. આથી પોતાના પુસ્તકની હસ્તપ્રત લઈ તે મુંબઈ જતા હતા. એવામાં રસ્તામાં ટ્રેનમાં તેમને અમદાવાદના સ્વ૦ લાલશંકર ઉમિયાશંકર મળી ગયા. એ પુસ્તકની પોરબંદરના મહારાણાને કરાએલી અર્પણપત્રિકા કાઢી નાખવામાં આવે તો ગુજરાત વર્નાક્યુલર સોસાએટી (હાલની ગુજરાત વિદ્યાસભા) તરફથી તે છપાવવાનો પ્રબંધ કરાવી આપવાની વાત લાલશંકરે મૂકી. પણ એકનિષ્ઠ રાજ્યભક્ત જયકૃષ્ણ બદલ્યા નહિ. તેમણે પોતાની પત્નીનાં ઘરેણાં ગીરો મૂકી પૈસા મેળવ્યા ને પુસ્તક છપાવવા માંડ્યું. આમ, ૭૭૫ પાનાંનું, ૯૫ વર્ગની ૬૧૧ વનસ્પતિના વર્ણનવાળું આ પુસ્તક 'ગુજરાતી' પ્રિન્ટિંગ પ્રેસમાં છપાઈ સને ૧૯૧૦માં પ્રસિદ્ધ થયું. એ પુસ્તક તૈયાર કરવામાં ખરેખર તો બરડાની ખુદ વનસ્પતિનો અને ત્યાંના રબારીઓની સાહાય્યનો જયકૃષ્ણભાઇ મહત્ત્વભાવે ઉલ્લેખ કરે છે. સર ભાલચંદ્ર કૃષ્ણ ભાટવડેકર ને વનસ્પતિના સમર્થ જ્ઞાતા કર્નલ કીર્તિકર તો આ ગ્રંથ ઉપર ફિદા હતા! સ્વાનુભવે લખાએલા અનન્ય એવા આ ગ્રંથને પ્રો૦ દાવરે બાખૂબ બિરદાવ્યો હતો. ગુજરાતીમાં માત્ર 'ગુજરાતી' પત્રે તેની વિસ્તૃત આલોચના કરી હતી. તે પછી છેક ઇ. ૧૯૨૪માં ભાવનગરમાં મળેલી સાહિત્ય પરિષદના વિજ્ઞાનવિભાગના પ્રમુખે તેનો ઉલ્લેખ કરેલો નહિ ત્યાં લગી ગુજરાતના સાહિત્યજગતમાં તેના વિષે ક્યાંયે જરા સરખો પણ નિર્દેશ થએલો નહિ! ગ્રંથની એક હજાર નકલ છપાએલી. તેમાંથી ૨૦૦થી૨૫૦ નકલ મફત આપવામાં ગઈ. ને તેને વેચાતું તો કોણ લે? આથી અંતે એ પુસ્તક અરધી કીમતે કાઢી નાખવા તે તત્પર થયા; અને તેની જાહેરાત મફત લેવાય તેવી વ્યવસ્થા કરવાની તથા ત્રણ-ચાર રૂપિઆની કીમતે પણ એ પુસ્તક કોઈ ખરીદે તો તે કાઢી નાખવાની સસ્તું સાહિત્યવાળા સ્વ. ભિક્ષુ અખંડાનંદે એમને સલાહ આપી. આ મુજબ એ પુસ્તકની ૭૫૦ નકલ ૧૯૨૮ સુધીમાં માંડમાંડ ખપી! છતાં એમને પોતે આ પુસ્તક લખ્યા વિષે પૂરતો સંતોષ હતો. આખર અવસ્થામાં તેઓ લખી ગયા છે કે 'વનસ્પતિશાસ્ત્ર લખ્યું ત્યારે એમ માન્યું કે આને કોણ વાંચશે; અને લોકો પણ કહેતા કે કોણ ખરીદશે?—એનાં

વનસ્પતિ-જ્ઞાનનો મોંઘો વારસો સાચવતા. તેમના શિષ્યોમાં અત્યારે 'વનસ્પતિસૃષ્ટિ'ના લેખક શ્રી ગોકુલદાસ ખીમજી બાંભડાઇ અને હાંસોટના વૈદ્ય શ્રી બાપાલાલ અગ્રગણ્ય ગણાવી શકાય.

મટીરિયા મેડિકા લખવામાં ડૉ. ખોરીને એમણે મદદ કરેલી. એ પુસ્તકમાં ડૅા. ખોરીએ તો એમનો નામનિર્દેશ કરવા જેટલી કૃતજ્ઞતા પણ નથી દાખવી. શ્રી ચેસ્ટર મૅકનૅાટને પોતાના પત્રમાં આને શરમભર્યાં કાર્ય તરીકે જાહેર કર્યું છે. 'ફ્લાવરિંગ પ્લાન્ટ્સ આવ વેસ્ટર્ન ઇન્ડિયા'(પશ્ચિમ હિંદની સપુષ્પ વનસ્પતિ)ના લેખક ડૅા. નેઈર્નને, 'મટીરિયા મેડિકા' અને 'ફાર્માકોપિયા ઇન્ડિકા'ના લેખક ડૅા. ડીમક, તથા 'માથેરાન-ફ્લોરા'ના લેખક ડૅા. થીઓડોર કૂકને પણ એમણે સ્વરીતિએ મદદ આપેલી. ઈ. ૧૯૦૫ના જાન્યુઆરીની ૧૯મી તારીખે રૅાયલ એશિયાટિક સોસાએટીની મુંબાઈ શાખાની શત સંવત્સરી પ્રસંગે સ્વ. ડૅા. કીર્તિકરે પણ જયકૃષ્ણભાઇને યોગ્ય અંજલિ આપી હતી. 'ઇન્ડિયન મેડિસિનલ પ્લૅન્ટ્સ' અને પૅાઇઝનસ

શ્રી જયકૃષ્ણભાઇના કાર્યના નમૂના તરીકે 'કચ્છ સ્વસ્થાનની વનસ્પતિઓ' નામના એમના પુસ્તકમાંથી ઉતારેલો લેખ



ગળો સં.૧
TINOSPORA CORDIFOLIA, MIERS.

નામો: ગદ્દુ, ગદુજી વલ (કચ્છી); ગળો (ગુજરાતી); गुडूची (संस्कृत); गीलोय (हिंदी); (Tinospora Cordifolia (લૅટિન).

વર્ણન: ગળોના વેલાને ઘણું કરી સૌકોઈ ઓળખે છે. બારેમાસ તે હોય છે, તોપણ ચોમાસે ઘણા ઊગી આવે છે. એનાં પારસપીપળાનાં જેવાં પાન લીસાં, ચળકતાં ને ચોજ્યેથી ચીકણાં લાગે છે. **નર ને માદા** ફૂલ જુદાજુદા વેલાઓ પર આવે છે. તે બારીક ને પીળાશ લેતા લીલા રંગનાં હોય છે. ફળ મરીના દાણાથી કંઈક મોટાં, લીસાં, ચળકતાં, પ્રથમ લીલાં અને પાકે ત્યારે રાતાં થઈ જાય છે. એ વેલાનાં સર્વાંગ કડવાં હોય છે ને તે બધાં યે અંગ ઔષધોપયોગી છે.

ઉપયોગ: ગળોનાં મૂળ અને દાંડી વિશેષ કરી ઓસડના કામમાં વધારે આવે છે, તેથી તે ઉનાળે એકઠાં કરી લેવાં જોઇએ, કેમકે તે વખતે તેમાં કડવો તત્ત્વ વધારે એકઠો થએલો હોય છે. ગળોના વેલામાંથી સત્ત્વ કાઢવામાં આવે છે તેને **ગળોસત** કહે છે. તે પણ થોડેઘણે અંશે કડવાશવાળો હોય છે. જો તેમાં કડવાશ ન હોય, તો તેમાં ઘઉંનો મેંદો અથવા ચોખાના સતનો ભેગ કરવામાં આવેલો છે એમ સમજવું. ગળોનાં મૂળ ઝેરી ગણાય છે. તે સર્પદંશ પર વપરાય છે. તેથી ઊલટી-ઝાડા થઇ ઝેર નીકળી જાય છે એમ કહેવાય છે.

ગળોની દાંડીનો ફાંટ અથવા ઉકાળો ૩ થી ૧૦ કે ૧૫ તોલા સુધી દિવસમાં ત્રણ વાર આપવાથી તરિયા તાવ પર સારી અસર કરે છે. એ અરુચિ અને તાવ પછીની નબળાઇ ઉપર, અથવા શરીરની સામાન્ય નબળાઈ ઉપર વાપરવાથી શરીરને ધીમી પણ સારી શક્તિ આપે છે. રતલામ નિવાસી મહંત સુખરામદાસજી પોતાના "બૂટીપ્રચાર વૈદ્યક" ગ્રંથમાં લખે છે કે 'લીંબડાની ગળો માસા ૩, એલચી રતી ૨, વંશલોચન માસો અરધો, સાકર માસા ૬, એ મેળવી, વાટી, નવ દિવસ ખાય તો લોહિયાળ વાયુ (હરસ) અને ગરમી મટે.'

ગળોસત: તાવ પછીની નબળાઈ અને તાપતલ્લી અર્થાત્ બરોળનાં દરદવાળાને, તેમજ કુકર્ણાં(મૂત્રાશય)ના તીક્ષ્ણ સોજાવાળાને આપવામાં આવે છે. ધાતુપુષ્ટિ માટે ગળોસત, દૂધ, સાકર અને તેમાં એલચી નાખી પીએ છે. ગળોસતની માત્રા ૧ થી ૩ ડ્રામ અર્થાત એક તોલા સુધીની છે. ગળોનાં કોમળ પાન દૂધમાં વાટી રતવા ઉપર ચોપડે છે. ગળોમાંનો કડવો તત્ત્વ દારૂહલદી અથવા રસવંતીમાંના કડવા તત્ત્વ(Berberine બરબેરીન)ને કેટલેક અંશે મળતો છે, એમ રાસાયનિકોએ શોધેલું છે. વિશેષ ઉપયોગ માટે જુવો વનસ્પતિશાસ્ત્ર.

કાઠિયાવાડ તેમજ કચ્છમાં ગળોના વેલા ઊંટબકરીના ચારા તરીકે બહુ કપાઇ વપરાઈ જાય છે. એના વેલા ઘણું કરી ખરસાણી થોરની વાડો પર બહુ ચડેલા હોય છે; પણ એવા વેલા પર થોરનું ક્ષીર લાગવાનો સંભવ હોવાથી થોરના ઝાડ પર ચડેલો ગળો ઓસડના કામમાં વપરાતો નથી. એ માટે તો પ્રથમ દરજ્જે લીમડાના ઝાડ પરનો, અને તે ન મળે તો પછી આંબા, ગૂંદી કે બાવળ આદિનાં ઝાડ પરનો લેવાય છે; પણ આવાં ઝાડ પર ચડેલો ગળો ભાગ્યે જ જોવામાં આવે છે. માટે ગળોના વેલા એક અમૂલ્ય ઔષધી તરીકે તેમજ સેંકડો ઊંટ અને હજારો બકરાંના ચારા તરીકે કામમાં આવતા હોવાથી એને, બાગ, વાડી અને ખેતરોની વાડો તથા શેઢાઓ પર તેમજ જ્યાંજ્યાં ફાવી શકે ત્યાંત્યાં લીમડા, આંબા, ગૂંદી, બાવળ આદિનાં ઝાડો પર ચડાવી દઈ ઘણો વધારો કરવો જોઇએ.

કોઈ રાજાનો ગુરુ વૈદ્ય હતો. તેને રાજાએ પૂછ્યું કે—

'મીઠી પ્રકૃતિ કુંવરની, પણ ભણતાં જીભ ઝલાય;
ભણતર ચિત્ત ચડે નહિ, તેનો શીયો ઉપાય ?'

ત્યારે વૈદ્યરાજ ગુરુએ કહ્યું કે:

'ગળો, અઘેડો, વાવડીંગ, શંખાવલિ, વજ, સૂંઠ;
વિદ્યાબ્રાહ્મી, શતાવરી, ગા(ય)ના ઘીમાં ઘૂંટ.
ઊઠી પ્રભાતે જો ગળે, એ ગોળી નિત એક;
મટે સ્વભાવે વિસ્મૃતિ, વિદ્યા ચડે વિશેક.
સોબત પંડિત વૃદ્ધની, સુધરે વળી ભણનાર;
ભણવાની રુચિ ઉપજે, સુધરે રાજકુમાર.'

'ઇન્ડિયન મેડિસિનલ પ્લૅન્ટ્સ' માં ગળોનો ઉપયોગ આપેલો છે તે જિજ્ઞાસુએ વાંચવા જેવો છે.

આ- - કા - - શ - - વા - - ણી

‘કુમાર’ના ચિરપરિચિત **શ્રી શરદીન્દુ બંદ્યોપાધ્યાયની** નવી કલ્પનારંગી કથા

અનુવાદક

રમણિક મેઘાણી



ક્લબના વરંડામાં બેઠાબેઠા અમે કેટલાક સભ્ય મૂગામૂગા ધુમાડાના ગોટા કાઢી રહ્યા હતા. ફાગણની એ અતિ સોહામણી સંધ્યા હવામાં સ્નિગ્ધ આહ્‌લાદક શીતળતા ફેલાવતી હતી. એવી એ સંધ્યાએ વરદા જેવાના મોંમાંથી પણ ભૂતની વાત ભાગી ગઈ હતી અને એ ગણગણ કરતો એક પ્રેમ-ગીત ઉપાડતો હતો કે ‘‘જોબનને માંડવડે પંખી ગણ ગીત ગાય–’’

એવે વખતે સુધાંશુ આવી પહોંચ્યો. સુધાંશુ અમારી જ વયનો મિત્ર હોવા છતાં હજુ હમણાં સુધી ક્લબનો સભ્ય નહતો. તાજેતરમાં જ ક્લબમાં દાખલ થયો છે અને બનતાં સુધી ભૂત-પ્રેત અંગે વરદા સાથે ચર્ચા કરવાના વિચારે જ એ સભ્ય બન્યો છે. કારણકે પ્રેતવિદ્યાનો એના જેવો પ્રખર વિરોધી ભાગ્યે જ દેખાય છે. વરદા સાથે આંખ મળતાં જ એના મોં પર યુદ્ધોન્મુખ ઘોડા જેવો યુયુત્સુ ભાવ આવી જાય છે. અને એ પછી એ બન્ને જણ વચ્ચે એવું તો ચર્ચા-યુદ્ધ ચાલે છે કે એની જોડી શોધવા રામાયણ-મહાભારતનો આધાર લેવા જવું પડે. પણ આજે જોયું તો સુધાંશુના મોં પર એવું તેજ નહોતું. ન જાણે શાને એનું મોં ફિક્કું પડી ગયું હતું. એને કોઇ જબ્બર માનસિક આઘાત પહોંચ્યો હોય એમ લાગતું હતું.

‘કેમ સુધાંશુ, આજે મોં પડી કેમ ગયું છે?’ સુધાંશુને આવતાં વેંત અમૂલ્યે પૂછ્યું.

સુધાંશુએ કંઈ ઉત્તર ન આપ્યો. એ સીધો જઇને વરદાની નિકટ ઊભો રહ્યો. થોડી વાર એકી ટશે વરદા સામે જોઇ રહી, પછી ભારે દબાતે સાદે એણે કહ્યું, ‘ભાઇ વરદા, ચરણરજ લેવા દો.’ અને વરદાને ચરણસ્પર્શ કરી એણે હાથ માથે અડાડ્યા!

અમે સૌ તો આભા થઇને જોઈ જ રહ્યા કે આ બધું શું ચાલે છે! વરદા પણ બેબાકળા જેવો થઇ ગયો. સુધાંશુનો હાથ પકડી તેણે એને બાજુની ખુરશી પર બેસાડતાં જ સુધાંશુ બોલી ઊઠ્યો, તમારી માફી માગું છું વરદા. કાલના પ્રસંગ પછી હવે મને પ્રેત-યોનિમાં અશ્રદ્ધા જેવું જરા યે રહ્યું નથી.

આ પછી એ ‘કાલનો પ્રસંગ’ સાંભળવા અમે સૌ સુધાંશુને ઘેરીને બેઠા. થોડી વાર અન્યમનસ્કપણે આકાશ તરફ જોઇ રહી પછી એણે શરૂઆત કરી:

લગભગ મહિના દિવસ પહેલાં અમારી બાજુએ એક નવા બંગાળી સજ્જન રહેવા આવ્યા છે. પ્રિયતોષબાબુ એમનું નામ છે. જે મકાનમાં અગાઉ પ્રાથમિક શાળા હતી એ જ મકાન એમણે ભાડે રાખ્યું છે. મકાનની ચારે બાજુ વંડીથી ઘેરેલી ખુલ્લી જગ્યા છે. પીળું મકાન છે; કદાચ તમે એ જોયું હશે.

પહેલે જ દિવસે પ્રિયતોષબાબુ સાથે મેળાપ થઈ ગયો હતો. પડોશમાં જ નવા બંગાળી આવ્યા હોઇ એમની સાથે પરિચય પાડવા અને કંઈ કામકાજ હોય તો અમને પરાયા ન ગણવા કહેવા સામેથી ગયો હતો. એ લગભગ પિસ્તાળીસની વયના, જરા શૉખીન સ્વભાવના સજ્જન હતા. આવ્યા એ દિવસે જ મિસ્ત્રીને બોલાવી મકાનની અગાશી ઉપર રેડિયોનું એરિયલ બેસાડતા હતા. મારી સાથે બેચાર આડી-અવળી વાતો થઇ. ધંધો-ધાપો કંઈ કરતા નથી. પાસે પૈસો છે. બાળ-બચ્ચાં પણ કંઈ છે નહિ. દસેક વર્ષ પહેલાં પત્ની અવસાન પામી છે ત્યારથી ફાવે તેમ અહીં-તહીં ફરતા ફરે છે. અહીં આવ્યા પહેલાં દોઢેક વરસ ગયામાં રહ્યા હતા. ત્યાંથી મન ઉચક થયું એટલે હવે અહીં ચાલ્યા આવ્યા છે.

એ એકલા જ રહે છે, તો આટલા મોટા મકાનને શું કરશે? આ વિચારથી મને આશ્ચર્ય થએલું. પણ પહેલી મુલાકાતમાં એ બધું પૂછવું બરાબર નહોતું લાગ્યું. એમનો સરસામાન પણ કીમતી અને શોખીન માણસને હોય છે તેવો હતો. એ પત્નીવિહોણા હતા, અને ઉમર પણ કંઇ ઓછી તો નહોતી જ; છતાં મન એમનું ઠીકઠીક તાજું જણાતું હતું. ઉમરની અસર મનમાં નહોતી ઊતરી.

એ પછી પણ બીજી બે વાર એમને ત્યાં ગયો હતો. એમનામાં થોડીક અસંગતતા નજરે ચડી હતી. એ શોખીન હતા, છતાં સ્વયંપાકમાં માનતા હતા. નોકરોમાં પણ એક માત્ર છુટ્ટો ઘાટી રાખ્યો હતો, જે દિવસનું બધું કામકાજ કરી ઘેર ચાલ્યો જતો હતો. એમને ત્યાં કોઇ બાઈ માણસ નહોતું, છતાં ઘર એવું તો અરીસા જેવું સાફ રહેતું કે પુરુષો પણ ઘર આવું સાફ રાખી શકે એ વિચારે દિંગ થઈ

જવાતું. બીજું એ જોયું કે એ પ્રમાણમાં જેટલા સરળ ને સ્નેહાળ છે તેટલા મિલનસાર નથી. બોલે બહુ મીઠું, પણ બહુ જ ઓછાબોલા. વાત કરતાંકરતાં ક્યારેક એવા તો અન્યમનસ્ક થઈ જાય કે આપણે ચમકી જ જઇએ. વળી, હું ત્રણ વાર એમને ઘેર જઈ આવ્યો, પરંતુ એ એક વાર પણ અમારી બાજુ ડોકાયા નહિ. જરા રોષ આવ્યો. કદાચ એ પોતાને 'મોટા માણસ' માની મને એમની ખુશામદ કરવા આવનાર કો'ક માનતા હશે. અંતે મેં પણ એમને ત્યાં જવું બંધ કર્યું. ત્યાર બાદ અમે વાટેઘાટે મળી જતા એટલું જ.

કંઇ ખાસ વાત નહોતી; છતાં કોણ જાણે શાને મન ઉચકઉચક રહેવા લાગ્યું. પ્રિયતોષબાબુને જેટલા ઓળખતો હતો તેટલા પરથી એ લંપટ--દુરાચારી નહોતા જણાયા. છતાં કંઇ ન કહેવાય. જેમને વર્ષોથી જોઉં છું-જાણું છું એમને પણ પૂરેપૂરા ઓળખી શક્યો નથી, તો પછી પ્રિયતોષબાબુને આટલા ટૂંક ગાળામાં ઓળખી ગયો છું એવો અહંકાર કઇ રીતે કરું?

વળી વાત સાચી હોય યા ખોટી, એ વિષે મારે કંઈ કરવાપણું હતું નહિ. કરવા જેવું કંઈ હોય તો તે એ કે બેઠક-ઘરમાં બેસીને મન અને મોંને ગમે તેવી ઘડા વિનાની વાતો એમને વિષે કરી શકું. ઓછામાં આછું ત્યારે તો આમ જ લાગતું હતું.

કાલ સવારે શેરીના છોકરાઓનો સરદાર ભૂતો મને મળવા આવ્યો. એ ભડભડિયો છોકરો છે. એના મનમાં કંઇ ન હોય, છતાં સ્વભાવ જ એવો આકરો કે બસ વાત ન પૂછો. આવતાંવેંત જ પ્રિય-તોષબાબુની વાત કાઢીને બોલ્યો: 'સાંભળ્યું લાગે છે?'

ને મેં જોયું કે ભૂતો હજુ મારા જેવો ગપ્પીદાસ નહોતો થયો. જરા અચકાતાં અચકાતાં કબૂલ કરવું પડ્યું કે 'હા, કંઇક કંઈક સાંભળ્યું છે ખરું?'

ભૂતો ટેબલ પર મુક્કી મારતાં બોલ્યો, 'એવા માણસને આ શેરીમાં રાખી નહિ શકાય. છોકરાઓ કહે છે કે પકડીને બે ડાંસા મારીએ એટલી જ વાર;—તરત ભાગશે આ શેરી છોડીને.'

ભૂતો અને તેનું ટોળું ઉમરમાં મારાથી ઘણું નાનું હતું. પણ હું મનોમન એમનાં બાહુબળની પ્રશંસા કરતો હતો. છતાં જરા વાંધો દર્શાવતાં મેં કહ્યું, 'પણ ફક્ત સાંભળેલી વાતો ઉપર વાત આટલી વધારી દેવી એ બરાબર કહેવાય? પ્રથમ વાત સાચી છે કે ખોટી એની તપાસ કરી પછી જે કરવું હોય તે કરજો.'

'વારુ, તો તમે જ તપાસ કરો'. ભૂતોએ જવાબ વાળ્યો.

એ પછી ભૂતો સાથે મારે નક્કી થયું કે રાત્રે પ્રિયતોષબાબુને ત્યાં જઈ, છુપાઇને બધો ખેલ જોવો-જાણવો. જોકે એ જરા યે સારું કહેવાય તેવું કામ તો નહોતું, છતાં કોઈને પણ સજા કરતાં પહેલાં એના ગુના વિષે નિઃશંક થઈ જવું જરૂરી છે.

રાત્રે ખાવાપીવાનું પતાવી, પગમાં રબર સોલવાળા જોડા પહેરી લગભગ સાડા દસ વાગે હું નીકળ્યો. ઘેર પત્નીને કહ્યું કે 'પાછા વળતાં કદાચ મોડું થશે, તો ઊંઘી ન જતી. દિલ્હીથી ફિલ્મી ગીતો આવે છે એ રેડિયોમાં સાંભળતી જાગજે.'

પ્રિયતોષબાબુના મકાનના દરવાજા પાસે ભૂતો આવી મળ્યો. ભૂતો એવો તો ગમાર અને અક્કલનો ઓથમીર હતો કે એના જોડાનો અવાજ દોઢ માઈલ દૂરથી સંભળાતો હતો! એને કહ્યું 'કે આવા જોડા પહેરી તારાથી અંદર ન જવાય. આપણો શિકાર ભડકી જશે.

'ભલે, તો હું બહાર ધ્યાન રાખું છું.' અણે કહ્યું.

મારગ ત્યારે નિર્જન થઇ ગયો હતો. પ્રિયતોષબાબુને ઘેર અંધારું થઇ ગયું હતું. દરવાજો વટાવી હું બિલ્લી પગે આગળ વધ્યો. અંદર બરોબર એમના ઓરડા પાસે આવતાં બારણા ઉપરની વા-બારી (વેન્ટીલેટર)માંથી અંદર જરા જેવું અજવાળું દેખાયું.

ઘરનાં બારી-બારણાં બધું જ બંધ હતું. છતાં અંદરથી એક અ-સ્પષ્ટ ગુંજન આવતું હતું. કોઇ જાણે બહુ ધીમા સાદે વાતો કરતું હતું. મારા હૈયામાં એકવાર તરફડાટ થઇ ગયો. કારણ, ચોરની જેમ પારકા ઘરની વાતો કાન માંડીને સાંભળવાની ટેવ કદી યે નહોતી. જો એમ કરતાં પકડાઈ જાઉં તો લોકો શું કહેશે? એના ખુલાસાની એક તપસીલ તો જો કે મેં મનોમન તૈયાર રાખી હતી; તેમ છતાં સ્નાયુ-ઓની ધ્રુજારી એથી અટકી નહિ. પણ જવા દો. અણગમતું કામ જ્યારે કર્તવ્ય તરીકે કરવાનું છે તો દ્વિધામાં રહે કંઈ ફાયદો નથી.

એક ઓરડાની સામે જ થોડોક ઉઘાડો વરંડા હતો અને એની પછી જ બેઠકઘર પડતું હતું. શક્ય એટલી ચૂપકીદી ને નિસ્તબ્ધતાથી હું બેઠકઘરના બંધ દરવાજા પાસે જઇને ઊભો રહ્યો. ફાગણી રાતનો શીતળ ને સુંવાળો પવન થોડો થોડો આવતો હતો. અને હું હજી કંઈ એવો મોટો પણ થયો નથી. મનમાં થયું કે આવી રાત્રે કોઇ પણ પ્રણયીના ઘરમાં જાસુસી કરવી એ ગુનો છે; પછી ભલેને એ ગેર-કાયદેસર પ્રણય હોય! પણ એ જવા દો. એ તો એક પળવારની દુર્બળતા જ માત્ર હતી.

ઓરડામાં બે જણ વાતો કરતાં હતાં: સારી પેઠે, સહજપણે જ વાતો કરતાં હતાં બેમાંથી એકનો સાદ ઓળખી કાઢતાં વાર ન લાગી. નિઃશંકપણે એ પ્રિયતોષબાબુનો જ સાદ હતો. અને બીજો હળવો સાદ એ કોક સ્ત્રીનો જ હતો. બહુ મીઠો હતો એ સાદ; છતાં જોઇએ તેવો સ્વાભાવિક નહોતો લાગતો. દિલરૂબાના ઝંકાર જેવો એક ઝંકાર એ સાદમાં હતો.

કાન માંડીને સાંભળવા લાગ્યો. સાદ બરાબર સ્પષ્ટ સંભળાતો હતો, પરંતુ શબ્દો બરાબર પકડાતા નહોતા. એક વાર એવું લાગ્યું કે જાણે પ્રિયતોષબાબુ મોટેથી કવિતા વાંચતા ન હોય?—'સકળ સુહાગ તેં શોભવ્યા'તા સખિ!'—ને પછી થોડી વાર ફરી અસ્પષ્ટ વાતો ચાલી. બારણાંની વધુ નજીક સરી તે સાંભળવા હું મથ્યો, પણ ત્યારે વાતનો સૂર પલટાઇ ચૂક્યો હતો. જાણે રિસામણાં મનામણાં ચાલતાં હતાં. જાણે કોઈ સ્ત્રી સાદ બોલતો હતો કે—'જાવ, તમારી સાથે હવે વધુ નહિ બોલું...હવે ફરી આવશો મા...શા માટે તમે--?'

ને મારા મનમાં માત્ર વિસ્મય જ નહિ પણ એક ભયે પણ ઘર કર્યું હતું. કારણ એ સ્ત્રીનો સાદ માત્ર કોઇ બંગાળી સ્ત્રીનો સાદ હતો એટલું જ નહિ પણ એ કોઈ કેળવાએલી ને સુસંસ્કારી બંગાળી સ્ત્રીનો સાદ હતો! અને હું પરસેવે રેબઝેબ બની ગયો ને વિચારવા લાગ્યો કે એવું તે એ કોણ હોઇ શકે?

એકાએક ઓરડામાંથી આવતો અવાજ એકદમ બંધ થઇ ગયો. લગભગ દસ સેકન્ડ સુધી બીજો કંઇ જ અવાજ–કોઇનો યે કંઈ સાદ સંભળાયો નહિ. ને એ પછી એક સુમિષ્ટ વ્યંગ હાસ્ય ઉભરાઇ ઊઠ્યું.

હાસ્ય પૂરું થતાં પેલો સ્ત્રી-કંઠ સ્પષ્ટ સંભળાયો. એ કહેતી હતી કે 'એક સજ્જન બારણાં પાસે ઊભા રહી કાન માંડીને આપણી વાતો સાંભળે છે. જાઓ, એમને પ્રેમથી આદર આપી અંદર તેડી લાવો!'

હું ચોંકી ઊઠ્યો. ભાગું કે નહિં એ વિચારતો હતો ત્યાં તો બારણું ઉઘાડી પ્રિયતોષબાબુ મારી સામે આવી ઊભા! ઘરમાં એક બહુ ઓછા પાવરનો આસમાની વીજળિક દીવો બળતો હતો. પ્રિયતોષબાબુ તરફ જોયું તો એમના મોં પર દુઃખ અને ક્ષોભ સ્પષ્ટપણે દેખાતાં હતાં: પરંતુ ગેરકાયદેસર પ્રણય કરતાં પકડાઇ ગયા હોય (અનુ.પૃ. ૩૦૯ ઉપર)

સંકેત-લિપિઓ

લેખક
કરણસિંહ ગોવિંદસિંહ ચુડાસમા

માનવજગતમાં સંસ્કૃતિના ઇતિહાસની સાથોસાથ જ ભાષાઓ તથા તેની લિપિઓ અને સંજ્ઞાઓનો વિકાસ પણ થતો જ રહ્યો છે. ભાષાઓમાં જેમ ક્લિષ્ટ અગર ખામીવાળાં ઉચ્ચારણો ટાળવા (અથવા તો બોલવામાં બેકાળજી વધતી જવાથી પણ) સરળ ઉચ્ચારણો તરફ જગત વધતું જાય છે, તેમ લિપિઓમાં પણ પહેલાં ચિત્રાત્મકમાંથી શબ્દાત્મક ને પછી એકાક્ષરી લિપિનો વિકાસ થતો ગયો.

સામાન્ય રીતે તો ભાષા અને લિપિઓનાં આ સ્વરૂપો વ્યવહાર માટે તથા જ્ઞાનના પ્રચાર તેમજ સાર્વત્રિક ઉપયોગને માટે, કોઈ પણ જાતના ગુરુભેદ (ગુપ્તતા) સિવાયનાં, તદ્દન ખુલ્લાં રહ્યાં. પરંતુ પ્રાચીન કાળથી તે આજ સુધી સામાન્ય જાહેર વ્યવહારની સાથોસાથ જ અમુક ગુપ્ત વ્યવહારો પણ રહેતા જ આવ્યા છે. પોતાના હિતનું કે સ્વાર્થનું રક્ષણ કરવા માટે, માણસ જેમ બીજાઓથી ગુપ્તતા રાખે છે, તેમ બીજાઓની સાથે વિચારભેદ થતાં પણ પોતાના વ્યવહાર માટે ગુપ્તતા રાખતો થાય છે. આ વિચારભેદના કારણે માણસને વિચારો તથા છાની વાતોનું રહસ્ય ગુપ્ત રાખવાની વૃત્તિ થઈ; ને એમાંથી ગુપ્ત વાતચિતનો વિકાસ થયો. દ્વિઅર્થી શબ્દો, કટાક્ષો, ચેષ્ટાઓ, ઘાવો તથા ચિત્રાક્ષરી વગેરે ખાસ સંજ્ઞાઓ જન્મી. પ્રાચીન કાળમાં પણ રાજદૂતો, જાસૂસો, જાસૂસી કરનાર નર્તિકાઓ, માળણો, બાંદીઓ, સાધુઓ વગેરે દ્વારા આનો ઉપયોગ થતો. એ જ રીતે વ્યાપારની પણ ખાનગી ભાષા જન્મી. વ્યાપારી સોદા કરતી વખતે દલાલ કે વેપારી હાથ ઉપર પછેડી કે ખેસ નાખીને આંગળાંથી ભાવ વગેરે દર્શાવે છે, એ જાણીતું છે. એ જ રીતે સોની, લુહાર, કંસારા, દરજી વગેરે ધંધાદારીઓ પણ ગ્રાહકો તથા જનસામાન્યથી પોતાના ધંધાનાં રહસ્યો તેમજ હિતો ખાનગી રાખવા સંકેતો અને ગુપ્ત ભાષા (જેને પારસી કહે છે) નો ઉપયોગ કરતા-કરે છે. આ જ રીતે તમામ સંકેત ભાષાઓ યા લિપિઓનો વિકાસ યા વૃદ્ધિ જેમ થઇ, તેમ જ ગણિતવિદ્યા, વિજ્ઞાનો, સાંચાકામ વગેરેના લાંબા શબ્દોની ટૂંકાક્ષરી સંજ્ઞાઓ પણ સરળતા ખાતર યોજાઇ છે. આ બધાંમાંથી ગુપ્ત લખાણો, ઝડપી લખાણો, ગુપ્ત અવાજો, નિશાનો, સંજ્ઞાઓ, સંકેતો વગેરે જન્મ્યાં એનો પણ નાનો એવો ઇતિહાસ સર્જાયો છે.

પ્રાચીન કાળમાં આવા સંકેતો દૂરને સ્થળે જણાવવા માટે શંખ, શરણાઇ, તૂરી, રણશીંગાં, ઢોલ, નોબત, ડંકા, વાવટા, મશાલ વગેરેથી કરવામાં આવતા. આવાં સાધનોથી ઉપજતા અવાજોની ભાષા ટૂંકા સૂચક શબ્દો વગેરેથી ઉપયોગમાં લેવાતી. નજીકના ખાનગી વ્યવહારો માટે સંકેત-સંજ્ઞાઓ પ્રચલિત હતી. ઊંચાં કુટુંબોમાં ચિત્રાક્ષરી ભાષા, દ્વિઅર્થી લખાણો, હાથની ઈશારતો, પંખા વગેરેનાં સાધનો દ્વારા થતા સંકેતો આદિ મારફત પ્રેમસંદેશા, રાજ્યના જાસૂસી ખબરો, મુત્સદ્દીઓના ગુપ્ત સંદેશા વગેરે મોકલાતા, તેમ વિનોદ માટે પણ તેનો ઉપયોગ થતો.

આવી અનેક સંજ્ઞાઓ પૈકી અહીં આપણે જે થોડીકનો વિચાર કરવાના છીએ તેમાં એક 'કરપલ્લવી' છે. કરપલ્લવી એટલે હાથથી વાતચિત કરવાની ભાષા. તેનો ઉપયોગ નર્તિકાઓ, ગાલણો, જાસૂસો, જાદુગરો, બાંદીઓ, સાધુઓ વગેરેથી કરવામાં આવતો. આપણે તો એ મૂક લિપિનો ઉપયોગ લોકહિતાર્થે કેમ કરી શકાય એ ઉદ્દેશથી જ અહીં એ કરપલ્લવી, ધ્વજસંદેશ, દુંદુભીસંદેશ વગેરે જોઈશું.

બ્રિટિશ રાજ્ય સ્થપાયા પહેલાંના કાળને પરદેશીઓએ લખેલા ઈતિહાસની દૃષ્ટિએ જે અંધાધૂંધીનો સમય ગણવામાં આવ્યો છે, તે સમયે ચોર, લુટારા, બહારવટીઆઓ જ્યારે ગામો ભાંગતા ત્યારે નિઃશસ્ત્ર ગ્રામ-પ્રજા પોતાના બચાવ માટે અને મહાકષ્ટે મેળવેલી ઘરવખરી તથા માલમિલ્કતો માટે પોતાનાથી બનતો સામનો કરી શકે તે સારુ ચોરા પાસે અથવા ચબૂતરા ઉપર ઊંચો ગોળ કોઠો અથવા બુરજ બનાવવામાં આવતો, જે આખા ગામનાં તમામ મકાનો કરતાં ઉંચાઇમાં વધારે હતો. આવા કોઠાઓ ઉપર ચોવીસે કલાક માણસો વારાફરતી દૂર સુધી નજર રાખતા ખડે પગે ઊભા રહેતા. આવા માણસો રણવટિયા અથવા કોઠિયા કહેવાતા. દૂરથી ધૂળની ડગરી ઊડતી માલૂમ પડે કે તરત તે બૂંગીઓ ઢોલ (બૂંગીઓ —બૂમોના બદલે વગાડવામાં આવતો ઢોલ) 'ધ્રી-જાંગ, ધ્રી-જાંગ, ધ્રી-જાંગ' કરતો વગાડવા માંડતો, અને લાગલા જ ગામના કે સીમના, નાના કે મોટા, સ્ત્રી કે પુરુષ જે જ્યાં હોય ત્યાંથી, અને જે હથિયાર હાથ આવે તે લઇને એકીશ્વાસે દોડી આવી એકઠાં થઇ સામનો કરતાં. ગામમાં આગ લાગે કે કોઇને સર્પ કરડવા જેવી આપત્તિ આવે ત્યારે પણ આ બૂંગીઓ ઢોલ વગાડવામાં આવતો.

એક લશ્કર બીજા પર હુમલો કરતું હોય, 'મારો', 'કાપો', 'આગે બઢો', 'પીછે હટો', 'બાજુ હટો'ના હુકમોના દેકારા બોલતા હોય, એમાં સેનાપતિના મૌખિક હુકમો સંભળાય નહિ. આથી સેનાપતિના હાથી અથવા ઘોડા પાસે ઊંટ કે ઘોડા ઉપર ડંકો (નોબત) અને નિશાન (ધ્વજા) રાખવામાં આવતાં. અને તે ડંકા નિશાનવાળાને જે હુકમો અપાતા તે મુજબ તેઓ નોબતના અવાજના તથા ધજાની નિશાનીઓના સંકેતથી લશ્કરને એ હુકમો સમજાવતા.

છૂપી રીતે સમાચારો આપવા કે લેવા માટે કરપલ્લવીનો અને દૂરના સ્થળોના વ્યવહાર માટે ઊંચી જગ્યાએથી ધ્વજસંદેશનો ઉપયોગ થતો. રાત્રે દુંદુભી-સંદેશ વપરાતા. એ હવે ક્રમવાર જોઇએ.

(૧) કરપલ્લવી

પ્રાચીન શાસ્ત્રોમાં કરપલ્લવીની યોજના માટે આ મુજબનો એક શ્લોક છે:

આદર્શમ્ કમલમ્ ચિત્રમ્ ટંકારમ્ તલહસ્તકમ્
પાશ યૌવન શૃંગારમ્ એતેષામ્ કરપલ્લવી

એનો હિંદી અનુવાદ પણ આ મુજબ પ્રચલિત છે:

અહિફન કમલ ચક્ર ટંકારા, તરુ પર્વત યૌવન શૃંગારા;
અંગુલિન્ અક્ષર ચુટકિન માત્રા, રામ કહે સુન લક્ષ્મન ભ્રાતા.

આ કરપલ્લવીની રચનાને આધારે જ ધ્વજસંદેશ અને દુંદુભિસંદેશ રચાયા છે; એટલે પ્રથમ આપણે કરપલ્લવી જોઇએ.

આ બધા ગુપ્ત સંકેતોનો પાયો તો ભાષાના મૂળાક્ષરો ઉપર જ રચાએલો છે. એટલે તેની રચના આપણી લિપિના અક્ષરોના ઉચ્ચાર પ્રમાણે જે સમૂહો પડેલા છે તે (ક, ચ, ટ, ત, પ, વગેરે વર્ગો) અનુસાર જ કરવામાં આવી છે. લિપિની ૫૫ સંજ્ઞાઓના પાંચપાંચના સમૂહમાં ૧૧ ભાગ પાડી નાખ્યા છે; તે દરેક ભાગના પ્રથમાક્ષરને તે વર્ગનો નાયક ઠરાવ્યો છે, અને તે નાયક પ્રથમાક્ષરના ઉચ્ચાર અનુસાર ૧૧ સંજ્ઞાઓ નક્કી કરી છે. દાખલા તરીકે

'ક-ખ-ગ-ઘ-ક્ષ' એ 'ક-વર્ગ'નો નાયક 'ક', અને તે વર્ગની સંજ્ઞા 'ક' ઉપરથી થતો શબ્દ 'કમળ' કલ્પવામાં આવ્યો છે. આ રીતના અગિયાર સમૂહ નક્કી કરી તેને સરળતાથી યાદ રાખવા માટે આ મુજબ સવૈયા છંદમાં કવિતારૂપ આપ્યું છે :

કમળ[૧],ચક્ર[૨],ટંકાર[૩],તરુ[૪],વળી પાસા[૫],ને યૌવન[૬], શણગાર[૭].
અહિફેણ[૮] સ્વર, કાનામાત્રા[૯] એક[૧૦].શૂન્ય[૧૧] સંખ્યા પરિમાણ.


આ ૧૧ સંકેતોનાં ચિત્રો, તે તે વર્ગના અક્ષરો તથા સંજ્ઞાની સમજૂતી સાથે આ નીચે આપ્યાં છે:



'ક—ખ—ગ—ઘ—ક્ષ': એ ક-વર્ગ માટેની સંજ્ઞા 'કમળ';-એમાં ડાબા હાથથી કમળનો આ રીતે દેખાવ કરવો.



'ચ—છ—જ—ઝ—ઞ': એ ચ-વર્ગ માટેની સંજ્ઞા 'ચક્ર';—એમાં ડાબા હાથની અંગૂઠા પાસેની આંગળી ફેરવીને હવામાં ચક્ર દોરવું.



'ટ—ઠ—ડ—ઢ—ણ': એ ટ-વર્ગ માટે સંજ્ઞા 'ટંકાર';—એમાં ડાબા હાથે ઘંટ વગાડતા હોઇએ એવી નિશાની કરવી.



'ત-થ-દ-ધ-ન': એ ત-વર્ગ માટેની સંજ્ઞા 'તરુ';—એમાં ડાબા હાથે મૂઠી વાળી હાથ કોણીમાંથી કાટખૂણે ઝાડ જેમ ઊભો રાખવો.



'પ-ફ-બ-ભ-મ': એ પ-વર્ગ માટેની સંજ્ઞા 'પાસા'; —એમાં ડાબા હાથે ચોપાટના પાસા ફેંકતા હોઈએ તેમ દર્શાવવું.



'ય-ર-લ-વ-ઋ':એ ય-વર્ગ માટેની સંજ્ઞા 'યૌવન';—એમાં હાથે મૂછે હાથ ફેરવતા હોઈએ તેમ દર્શાવવું.



'શ—ષ—સ—હ—ળ': એ શ-વર્ગની સંજ્ઞા 'શણગાર';—એમાં છાતી ઉપર હાથ ફેરવી પહેરેલો શણગાર (ઘરેણું) દર્શાવવું.



'અ—ઇ—ઈ—ઉ—ઊ': એ સ્વર-વર્ગ માટે 'અહિફેણ' એટલે સાપની ફેણની સંજ્ઞા;—એમાં ડાબા હાથનાં પાંચ આંગળાં સાથે રાખી નાગની ફેણ જેવો આકાર કરી હલાવવાં.



'ા ે ૈ ં ઃ': કાનો, માત્રા, બે માત્રા, અનુસ્વાર, વિસર્ગ વગેરે વ્યંજનોને લગાડવા માટેનાં સ્વચિહ્નોની સંજ્ઞા 'કાન';—એમાં ડાબા હાથે ડાબો કાન દબાવવો.



'૧-૨-૩-૪-૫': એ ૧થી ૫ સુધીની સંખ્યાના વર્ગ માટે સંજ્ઞા 'એક';—એમાં ડાબા હાથની અંગૂઠા પાસેની એક આંગળી સીધી ઊંચી દેખાડવી.



'૦—૬—૭—૮—૯': એ ૯ થી ૦ સુધીના સંખ્યા-વર્ગ માટેની સંજ્ઞા 'શૂન્ય';—એમાં અંગૂઠા તથા અંગૂઠા પાસેની આંગળીથી શૂન્ય-મીંડાનો આકાર દર્શાવવો.

હવે આ સંજ્ઞાઓને કેમ દર્શાવવી તે જોઇએ. આ બધા વર્ગોની નિશાની ડાબા હાથ વડે જ કરવાની છે. એની સાથે જમણા હાથનો ઉપયોગ, તે તે વર્ગનો પહેલો, બીજો, ત્રીજો, ચોથો ને પાંચમો અક્ષર સમજવા માટે કરવો. પહેલો અક્ષર દર્શાવવા જમણા હાથની એક આંગળી, બીજો દર્શાવવા બે, ત્રીજા માટે ત્રણ, ચોથા માટે ચાર અને પાંચમા માટે પાંચે આંગળી, ડાબા હાથની નિશાની જોડે દર્શાવવી. દાખલા તરીકે 'ગ' અક્ષર બતાવવો હોય તો ડાબા હાથે કમળપત્રની સંજ્ઞા કરી, તેને પડખે જમણા હાથની ૩ આંગળી ઊંચી કરવી.

અહીં અક્ષર દર્શાવવા માટે તે તે અક્ષરને કાપતા હોઇએ તેમ કરવું. અક્ષરને કાપવો એટલે તે અક્ષર દર્શાવ્યા બાદ ડાબા હાથની આંગળી ઉપર જમણા હાથે શેરડી છોલતા હોઇએ તેમ દર્શાવવું તે.

શબ્દ પૂરો થાય ત્યારે ડાબા હાથની મૂઠી ઉપર જમણો હાથ મૂકવો. સંદેશ પૂરો થાય ત્યારે બન્ને હાથ લમણા પર મૂકી નિરાશ થઇને બેઠા હોઇએ તેમ દર્શાવવું.

હવે આ કરપલ્લવી દ્વારા સંજ્ઞા-સંદેશ કેમ મોકલાય તેનું એક ઉદાહરણ લઇએ. દા.ત. તરીકે 'દુશ્મન આવી ચડયો છે' એવો (અ.પૃ.૩૦૯)



પચ્ચીસ વર્ષ પહેલાં


અંક ૧૦ · આસો ૧૯૮૦ (ઑક્ટોબર ૧૯૨૪)

પોતાના પહેલા જ દિવાળી અંકમાં કુમારે' માત્ર ચાળીસ પાનાંમાં પણ આટલી વૈવિધ્યભરી ને રંગદર્શી સામગ્રી આપેલી: કુમાર-જીવન માટે સર્વથા ઉચિત આદર્શ રૂપ 'એકલવ્ય'ની વિદ્યા માટેની તપશ્ચર્યાની શ્રી ધૂમકેતુ રચિત નાટિકા, શ્રી રાવળના એ ત્રિરંગી અને એક સાદા એવાં બે મોટાં ચિત્રો સાથે; દુનિયાની મોટામાં મોટી શોધ મુદ્રણકળાના શોધક ગટનબર્ગનું ચરિત્ર; શ્રીનરહરિ પરીખે ઉતારેલી એક રહસ્યભરી જાપાની કથા 'ચોરકુરા', વિજયાદશમીનો બોધ, દિવાળીની તૈયારી ને બેસતા વર્ષની વાર્તા જેવા પ્રસંગાનુષંગી લેખો; બૉયસ્કાઉટ્ (કુમારસેના) પ્રવૃત્તિ સમજાવતો ઉપયોગી લેખ; 'પ્રાણીઓ પોતાનું રક્ષણ શા વડે કરે છે?' તે દર્શાવતાં તેમનાં કુદરતી રક્ષકસાધનો દર્શાવતો 'ચિત્રબોધ' આમ એટલી બધી સામગ્રી હતી કે જેનો આસ્વાદક ઉતારો પણ ઘણાં પાનાં રોકે. એટલે અહીં તો, એ અંકમાં આવેલો એક નવી દિશા ઉઘાડતો, કુમારોને માટે ઘણો રસદાયક ને બોધક લેખ જે ગુજરાતમાં પહેલી જ વાર રજૂ થયો તેનો ચિત્રમય પરિચય આપવો ઉચિત થશે. 'સુલેખન' અથવા સુંદર અક્ષરો લખવાની કળા ઉપરનો એ લેખ આજે પણ એટલો જ તાજો, શિક્ષણાત્મક ને માર્ગદર્શક જણાશે:

તમને તમારા ઘરમાં સુંદર ને પ્રેરક વાક્યો, સરસ શ્લોકો, કે જીવનમંત્રોની તકતીઓ લખીને ચોડવાનો શૉખ થાય; તમારા ઘરને બારણે તમારું નામ લખવાની જરૂર પડે; કોઈ વખત ઉત્સવ કે મંગળ પ્રસંગે મંડપની શોભા માટે મોટા અક્ષરો કોતરવા પડે, ત્યારે સારા અક્ષરો લખવાની કળાની જરૂરિયાત સમજાઈ હશે. તમારાં પુસ્તકોનાં પૂઠાં ઉપર કે તમારા સામાન ઉપર તમે સફાઈદાર, સ્વચ્છ, આકર્ષક અક્ષરો લખી શકો તો તમને તે ચીજો શોધી કાઢતાં તેમ મુસાફરીમાં ઘણી સરળતા થાય. આમ સારા અક્ષરો લખવાનું કામ શોભા અને સગવડ ખાતર બહુ ઉપયોગી થઇ પડે છે. ને તે તમે બહુ જ થોડી મહેનતે શીખી શકો.

શરૂઆતમાં તો અરધા ફુલ્સકેપના માપના કાગળ ઉપર આકૃતિ ૧ માં બતાવ્યા પ્રમાણે લીટીઓ આંકો. ચોરસ ખાનાં પાડી લીટીઓ બરાબર સરખે અંતરે અંકાય અને ખાનાં બધાં એકસરખાં ચોરસ રહે તેની ખાસ કાળજી રાખજો. પહેલેથી ચોક્કસ અંતરે બિંદુઓ મૂકી જશો તો આંકની વેળા ભૂલ નહિ થવા પામે.


પહેલાં તો ઉભા કાનાનો વળાંકો બરાબર સમજી લો. તેના રૂપમાં ફેરફાર ન થાય તે માટે ખાસ સાવચેતી રાખજો. જ્યાંજ્યાં



ઉપર: આકૃતિ ૧: પહેલી લીટીમાં સીધા કાના તથા તેને મળતા સીધા પાંખડાવાળા અક્ષરોથી શરૂ કરીને ધીમેધીમે બીજી ત્રીજી લીટીમાં વળાંકાવાળા અક્ષરોના આલેખનની ને પછીની લીટીઓમાં વધુ ગોળાઈવાળા મુશ્કેલ અક્ષરોની તાલીમ માટે માર્ગદર્શન છે.

કિત્તો વળે ત્યાં-ત્યાં જે જે કાપ પડે છે તે બધા કાપ એકસરખે ખૂણે જ કપાતા રાખવા જોઈએ. તેમાં ભૂલ થાય તો કાનો બેડોળ લાગે. કાનો કરતાં જે ભૂલો થવાનો સંભવ છે તે પ્રથમથી જ જાણી લો. જુઓ આકૃતિ(૨) માંનાં તેનાં સૂચન તથા નમૂના.

કાના પછી વળાકાવાળાં પાંખડાં હાથે બેસાડો. (આકૃતિ ૧માં પહેલી ત્રણ લીટી) પાંખડાંમાં જ્યાં-જ્યાં ઊભી રેખાઓ આવે છે ત્યાં-ત્યાં બધે તેનું સીધાપણું બરોબર જળવાય છે કે નહિ એ દરેક વખતે ખાસ ધ્યાન રાખી તપાસતા રહો. ત્યાર પછી વધારે અઘરો વળાકો લો. (આકૃતિ ૧માં છેલ્લી ૩ લીટી.) આ વળાકો કરતાં આંકેલાં ખાનાં તરફ બરોબર ધ્યાન આપો અને દરેક ખાનામાં દરેક લીટી કેટલી કમાન કરે છે તે પર ચોક્કસ ધ્યાન આપી બરોબર અનુકરણ કરો. 'ગ', 'ર', 'ચ', 'સ', 'શ', 'ક્ષ' આ અક્ષરોનો પાકો અભ્યાસ કરી લો. પછી તેથી ઉલટા વ-



ઉપરઃ આકૃતિ નં. ૨–સુલેખન શીખતાં ભૂલો થવાના જ્યાં સંભવ હોય તે દર્શાવીને ખરા તથા ખોટા કાપ અને વળાકાવાળા અક્ષરો એમાં આલેખી બતાવ્યા છે. સાથેસાથે અક્ષરોમાં આડી, ઊભી, ત્રાંસી, ગોળ, છાયાદાર વગેરે ભાત નાખીને કેવી વિવિધ રીતે સુશોભિત કરી શકાય તે પણ મથાળાની લીટીના અક્ષરોમાં આલેખી બતાવ્યું છે. નીચેઃ આકૃતિ નં. ૩માં સુલેખનમાં કલાત્મક રીતે સૂત્રો લખવા માટેના વિવિધ કદ તથા આકારના માર્ગદર્શક નમૂના છે.



ળાકવાળા અક્ષરો 'દ' 'છ' 'ધ' 'પ' 'ય' 'વ' વગેરેની આકૃતિઓની ચોક્કસાઇ તથા ઘાટ ઉપર ખાસ ધ્યાન આપો.

સૌથી વધારે અઘરા, છતાં સુંદર અને છટાદાર વળાંકા હાથે બેસાડતાં તમને જરા વખત લાગશે. પણ આ પદ્ધતિને વળગી રહી તમે તે અક્ષરો પાકા યાદ કરી લેશો તો જરૂર સફળ થશો.

આ રીતે માપસર દરેક અક્ષર નમૂના પ્રમાણે આંકેલી લીટી પર તમે કરી શકો છો એમ લાગે, એટલે એક સારો કિત્તો લઇ તે વડે લગભગ બે ઇંચના માપના અક્ષરો છૂટે હાથે લખો.

હવે તમે મોટા અક્ષર કરવાની શરૂઆત કરો. ઘરમાં એકાદ મોટા પાટિયા ઉપર હલકા કાગળો ચોડી, તે પર પોચી પેન્સિલથી લખવાની તાલીમ લો. રંગીન ચાક મળે તો વધુ સારું. આકૃતિ નં. ૨ માં પ્રથમ લીટીમાં પહેલાં ફૂટપટીથી ત્રણ લીટીઓ આંકી સામે બતાવ્યા મુજબ છૂટે હાથે અક્ષરો લખો.

દરેક કાનો બરોબર ઊભો જ થવો જોઈએ; દરેક વળાંકો જોસદાર કમાન કરતો હોવો જોઇએ; દરેક કાપો બીજા કાપાઓને મળતા ખૂણાનો જ થવો જોઈએ; દરેક અક્ષરની જાડાઈ એકબીજાને મળતી એકસરખી જ રહેવી જોઇએ;–આટલી બાબતો ભૂલાય નહિ તેની ખાસ કાળજી લેજો. ભૂલ થઇને બેડોળ અક્ષરો થવાના સંભવ ક્યાં ક્યાં છે તે આકૃતિ '૨' માં બતાવ્યું છે.

તમને લાગે કે હવે તમે કોઈ પણ અક્ષર સહેલાઈથી ખેંચી શકો છો ત્યારે નાનાં વાક્યો કે સૂત્રો લખવાનું શરુ કરો. જે વાક્ય કે સૂત્ર લખવું હોય તે, પહેલાં તો, એક હલકા કાગળ પર સારું લખી જાઓ. પછી કાર્બન કાગળની મદદથી, અથવા એ જ કાગળ પાછળ પેન્સિલનો કે રંગીન ચાકનો ભૂકો ભૂંસીને, તે કાગળ બીજા કાગળ પર રાખી, પેન્સિલ વડે ઘૂંટીને તેની રેખાઓ ઉતારી લો: અને સ્વચ્છ રેખામાં તે ફરી ઉપાડો. આ રીતે તૈયાર થએલા અક્ષરમાં તમે કોઇ રંગ ભરશો ત્યારે તમને તમારા કામથી અનહદ આનંદ થશે.

વળાંકાઓ ને કાપાઓનો ખ્યાલ જો તમને બરાબર રહ્યો હશે તો કિત્તા વડે છૂટે હાથે પણ તમે કારીગર લહિયા જેવા અક્ષરો લખી શકશો. નાનાં લેબલો, ચોપડીનાં પૂંઠાં ઉપરનાં નામો, સૂચનાઓ વગેરે લખવામાં કિત્તાની જરૂર પડવાની જ; એટલે કિત્તે લખતાં શીખી જવું જરૂરનું છે. અક્ષરો કાઢતાં આવડી ગયાની ખાતરી થઈ ગયા પછી, તેમાં રંગ ભરવાનું શીખવા માંડવું. રંગ ભરવા સારુ તો પીછીની મદદ બહુ કામની છે. તે માટે 'સેબલ'ના વાળની સારી નં. ૧ ની તથા નં. ૫ ની પીછીઓ લઈ રાખવી. પીછીથી રંગ ભરતાં શીખતાં થોડો વખત મુશ્કેલી પડશે, પણ ફાવી ગયા પછી તો તેના જેવી સરળતા તમને બીજા કોઈ સાધનમાં નહિ જણાય. પીછીનો મહાવરો જામી રહ્યા પછી તો પેન્સિલની નિશાનીઓ કર્યા વિના પરભાર્યા જ પીછીથી સુંદર અક્ષરો કાઢી શકશો. અને બધા વળાંકા પર તમારા હાથનો કાબૂ જામ્યો હશે તો તો એ અક્ષરોના મરોડમાં તમે અવનવા સુંદર ફેરફારો કરીને તેમાં વધુ સુંદરતા લાવી શકશો.

સારાં વાક્યો કે સૂત્રો લખો તેની ચારે બાજુ જાડીપાતળી લીટીઓ, વેલપટ્ટીઓ, બુટ્ટાઓ કે સુંદર ખૂણિયા મૂકીને તેની શોભા વધારી શકો. (આકૃતિ ૩) આવા શોભાશણગાર કે વેલ-બુટ્ટાઓ તમને પોતાને ચીતરતાં કે ઉપજાવી કાઢતાં ન આવડતાં હોય તો ક્યાંક એના સારા નમૂના જુઓ તેમાંથી પસંદ કરીને પણ તેનો ઉપયોગ કરી લેવો. એવા નમૂનાઓ ઉપર સોંસરું દેખાય તેવો પાતળો કાગળ મૂકી ટ્રેસ કરી લો, અને પછી તમારા ઉપયોગમાં લઈ લો. કોઇ કોઈવાર સૂચના કે દિશા બતાવવા સારુ હાથ કે એવી આકૃતિઓ ને નિશાનો મુકાય છે, તે કેમ દોરવાં એ પણ સાથે બતાવ્યું છે:

ફૉસ્ફરસ (અનુસંધાન પાછળના પાનેથી)

સ્વાદ નથી તેમજ તે ઝેરી પણ નથી. આમ, રાતો ફૉસ્ફરસ સહીસલામત હોવાથી દીવાસળીના ઉદ્યોગમાં તેનો જ ઉપયોગ ખૂબ થાય છે. પીળા ફૉસ્ફરસને કૉસ્ટિકના દ્રાવણ સાથે ગરમ કરવાથી તેમાંથી ફૉસ્ફીન નામનો વાયુ નીકળે છે. આ વાયુ હવામાં સળગી ઊઠે છે. તેનો ઉપયોગ દરિયામાં સંકેતો આપવા–સિગ્નલિંગ–માટે કરવામાં આવે છે. તેમાં કૅલ્શયમ ફૉસ્ફાઇડના ડબ્બાને કાણાં પાડી દરિયામાં તરતા મૂકવામાં આવે છે, એટલે તેમાંથી છૂટતો વાયુ બળે છે.

દીવાસળી

સંસ્કૃતિના ઇતિહાસમાં દીવાસળીની શોધ એક સીમાચિહ્નરૂપ છે. દીવાસળી એટલે માનવીની ઇચ્છા મુજબ અગ્નિ પ્રગટાવવાની કરામત. અને આપણા જીવનમાં અગ્નિની જરૂર તો અનેક કામ માટે પડે છે. જૂના જમાનાનાં ચકમક અને ગજવેલ ઘસીને અગ્નિ પેદા કરવામાં આવતો. દીવાસળીની શોધથી એ કડાકૂટ તદ્દન ઓછી થઇ ગઈ અને અગ્નિ હસ્તામલકવત્ થઇ ગયો. એ શોધ ઓગણીસમી સદીના પ્રથમ ચરણમાં થઇ ગણાય. એ પ્રાથમિક દીવાસળીમાં પોટાશ્યમ ક્લોરેઈટ, ઍન્ટીમની સલ્ફાઇડ ને ગુંદર મેળવીને, એ મિશ્રણને પાતળા લાકડાના ટુકડાઓ પર ચોંટાડવામાં આવતું, અને તેને સળગાવવા માટે કાચ-કાગળના પડ વચ્ચે તેને ઘસવામાં આવતી.

ફૉસ્ફરસની શોધ થતાં ઍન્ટીમની સલ્ફાઈડને બદલે તેનો ઉપયોગ થવા લાગ્યો. પરંતુ તેમાંથી બનતી પ્રથમ દીવાસળી ખામીવાળી હતી, કેમકે તેમાં વપરાએલો ફૉસ્ફરસ ઝેરી હોઇ નુકસાનકારક હતો; અને વળી તે ગમે ત્યાં ઘસાવાથી સળગી ઊઠતી. તે પછી રાતો ફૉસ્ફરસ (જે સલામત હતો તે) વપરાવા લાગ્યો. આજની દીવાસળીઓમાં તો રાતો ફૉસ્ફરસ પણ નથી વપરાતો: પરંતુ ફૉસ્ફરસ સલ્ફાઈડ (ફૉસ્ફરસ અને ગંધકનું સંયોજન) વપરાય છે, એટલેકે આધુનિક દીવાસળીનાં ટોપકાંમાં ફૉસ્ફરસ સલ્ફાઈડ, પોટાશ્યમ ક્લોરેઈટ અને મૅન્ગેનીઝ ડાયૉક્સાઇડને સરેસ સાથે મેળવીને લગાડવામાં આવે છે. તેમાં ઘર્ષણનો ગુણ વધારવા કાચનો બારીક ભૂકો નાખવામાં આવે છે તથા રંગીન પદાર્થ તરીકે પ્રૂશિયન બ્લુ યા ક્રોમ યલો નામના રંગ ઉમેરેલા હોય છે.

'સેઈફ્ટી મૅચ'ની બનાવટમાં પોટાશ્યમ ક્લોરેટ, ડાયક્રોમેટ, અને સીસાની રાતી ભસ્મ જેવા જારણકર્તા પદાર્થો (Oxidising agents) હોય છે, ને તેની સાથે ઍન્ટીમની સલ્ફાઇડ તથા ક્વચિત ગંધક યા કોલસાની બારીક ભૂકી નાખેલી હોય છે. આ થયું ટોપકું. દીવાસળીની પેટી પર ઘસવાની પટ્ટીમાં રાતો ફૉસ્ફરસ હોય છે. સેઈફ્ટી દીવાસળી એ પટ્ટી ઉપર ઘસવાથી જ સળગી ઊઠે, બાકી બીજે ગમે ત્યાં ઘસવાથી તે સહેલાઈથી સળગતી નથી. ફૉસ્ફરસને બાળવાથી તેનો પૅન્ટૉક્સાઈડ બને છે. આ પૅન્ટૉક્સાઇડને પાણી સાથે ઉકાળવાથી ફૉસ્ફૅરિક ઍસિડ થાય છે. તેના ક્ષારો ફૉસ્ફેટો કહેવાય છે. એ પૈકી ટ્રાયસોડિયમ ફૉસ્ફેટ પાણી નરમ કરવા માટે 'ટ્રિપ્સા' નામથી વપરાય છે. ફૉસ્ફરસ પૅન્ટૉક્સાઇડ તીવ્ર જળગ્રાહી પદાર્થ હોઈ પદાર્થો ને ભેજમુક્ત કરવા માટે વપરાય છે.

સંસ્કૃતિના ઇતિહાસમાં સીમાચિહ્ન સમી શોધ

દીવાસળીનો પિતા ફૉસ્ફરસ

લેખક - ડૉ. નરસિંહ મૂ. શાહ

પ્રાણીમાત્રને ઉપયોગી એવા આ મૂળ તત્ત્વનો ઇતિહાસ અતિ રસિક છે. હૅનિંગ બ્રાન્ડ્ટ નામનો એક જર્મન વેપારી હૅમ્બર્ગમાં થઇ ગયો. તેને કીમિયાગીરીમાં ખૂબ રસ હતો ને રૂપામાંથી સોનું પેદા કરવાની તેની મહત્ત્વાકાંક્ષા હતી. તે માટે તે અનેક અટપટા પ્રયોગો કર્યા કરતો. મૂત્રને ઉકાળ્યા બાદ જે વસ્તુ પાછળ રહે તેમાં કદાચ એ કીમિયાના ગુણ હશે એમ માની તેણે એ પ્રયોગ શરૂ કર્યો! તેની પાછળ અનેક રાતના ઉજાગરા કર્યા પછી એક મીણ જેવો પોચો પદાર્થ તેને મળ્યો. તેમાં એવા ગુણ હતા કે જરાક ઘસતાં તે સળગી ઊઠે! આ થઈ પશ્ચિમમાં ફૉસ્ફરસની સૌ પ્રથમ શોધની વાત (ઇ. સ. ૧૬૬૯). તે પછી બ્રાન્ડ્ટે પોતાના મિત્રોને આનંદ કરાવવા એ ફૉસ્ફરસનો ઉપયોગ કરવા માંડ્યો.

આ શોધની ક્રાફ્ટ નામના એક માણસને ખબર પડી. તેને ખબર આપનાર બ્રાન્ડ્ટનો મિત્ર કુન્કેલ હતો. ક્રાફ્ટ તો સીધો ઊપડ્યો હૅમ્બર્ગ અને ફૉસ્ફરસ બનાવવાની રીત ખરીદી લેવાની દરખાસ્ત મૂકી. સોદો નક્કી થયો, રકમ પણ નક્કી થઇ, ને ક્રાફ્ટે ફૉસ્ફરસ બનાવવાનું રહસ્ય જાણી લીધું. પરંતુ કુન્કેલને આ વાત ન ગમી. તેણે પોતે જ આ દિશામાં કામ શરૂ કર્યું અને ૧૬૭૨માં અનેક પ્રયોગોને અંતે ફૉસ્ફરસની બનાવવામાં તે પણ સફળ થયો.

ઈ. ૧૬૭૪માં મહાન રાસાયનિક શીલે અને ગાહને આ તત્ત્વ હાડકાંમાંથી શોધી કાઢ્યું ને મોટા પાયા ઉપર બનાવી શકાય એવી રીતો યોજી. એ તો હવે સૌ જાણે છે કે રાત્રે સ્મશાનમાં થતા જે ભડકાને અગાઉ ભૂતાવળનાં સ્વરૂપ ગણવામાં આવતા તે ભૂતાવળ એટલે ફૉસ્ફરસ. એ ભડકો મુડદાંનાં હાડકાંમાં ફૉસ્ફરસનાં જે સંયોજનો હોય છે તેમાંથી કોઇ વાર ફૉસ્ફરસ છૂટો પડતાં તે એકદમ હવામાં સળગી ઊઠે છે, તે પરથી એ ભડકા મરનાર માણસના ભૂતના હોવાની વહેમી લોકમાન્યતા ચાલે છે.

ઈ. ૧૬૮૦માં અંતે ફૉસ્ફરસ બનાવવાનું શરૂ થયું. શરૂમાં તો તેનો ભાવ એક ઔંસનો ૫૦ ગિની હતો. આ ફૉસ્ફરસને કાગળના પડમાં રાખીને બનાવેલી ગંધકવાળી લાકડાની સળી, બૉઈલ નામના અંગ્રેજ વૈજ્ઞાનિકે સળગાવી. આ થઈ દીવાસળીની પ્રાથમિક બનાવટ. આમ ફૉસ્ફરસની ઉપયોગિતા દીવાસળીની બનાવટમાં માલૂમ પડી એટલે તેની મહત્તા વધતી ગઈ. આજે તો ફૉસ્ફરસ અને દીવાસળીનો ઉદ્યોગ એટલી ગાઢ રીતે સંકળાએલા છે કે ફૉસ્ફરસની શોધ વિના આજની આપણી દીવાસળીની બનાવટ જ અસંભવિત બની હોત. શરૂશરૂમાં તો એક સૈકા સુધી ફૉસ્ફરસની આ શોધ ખાસ કાંઈ પણ ઉપયોગ વિના નિરર્થક જ પડી રહેલી.

ફૉસ્ફરસમાં રાત્રે અંધારામાં ચળકવાનો પણ ગુણ છે. એ પરથી ગ્રીક શબ્દ ફૉસ એટલે પ્રકાશ અને ફેરો એટલે ધારણ કરવું એમ સંધિ થઈને 'ફૉસ્ફરસ' નામ પાડવામાં આવ્યું છે.

ફૉસ્ફરસ પ્રખર પ્રક્રિયાશીલ છે. કુદરતમાં ક્યાં યે તે સ્વતંત્ર અવસ્થામાં મળતો નથી, પરંતુ તેનાં અનેક ઉપયોગી સંયોજનો મળી આવે છે. આ સંયોજનો બે પ્રકારનાં હોય છે. 'સખત' ફૉસ્ફેટોનો ઉપયોગ ફૉસ્ફરસ કાઢવા માટે કરવામાં આવે છે, ને 'પોચા' ફૉસ્ફેટો સુપર ફૉસ્ફેટ નામનું ખાતર બનાવવા માટે વપરાય છે.

વનસ્પતિ તેમજ પ્રાણીના શરીરમાં ફૉસ્ફરસ એક આવશ્યક અંશ છે. જીવનરસમાં પણ તેનું અસ્તિત્વ છે. હાડકાંઓમાં ૫૮ ટકા કૅલ્શ્યમ ફૉસ્ફેટ હોય છે. ઇંડાંની ઝર્દી (પીળા ભાગ)માં તથા આપણા જ્ઞાનતંતુઓ તેમજ મગજમાં તો ફૉસ્ફરસ મહત્ત્વપૂર્ણ ભાગ ભજવે છે, અને તેથી જ મગજની નબળાઈનાં દર્દોમાં અથવા સામાન્ય નબળાઇમાં ઇસ્ટન સીરપ, ગ્લીસેરોફૉસ્ફેટ વગેરે ફૉસ્ફરસવાળી ટૉનિક દવાઓ આપવામાં આવે છે. વળી એ પણ જાણીતું છે કે નાઇટ્રોજન તથા ફૉસ્ફરસવાળા ગ્લીસરીનયુક્ત પદાર્થો (જેવાં કે લેસિથીન) મગજ ને જ્ઞાનતંતુઓમાં રહેલા છે તેથી લેસિથીનવાળા પદાર્થો (જેવાં કે ઇંડાં, બદામ, સોયાબીન અને બીજાં કઠોળ) માનસિક પરિશ્રમ કરનારને ઉપયોગી થઇ પડે છે. આ દૃષ્ટિએ દૂધ પણ ખૂબ કિંમતી છે, કારણ કે તેમાં પણ આવાં પોષક તત્ત્વો રહેલા છે.

વનસ્પતિ પોતાને જોઈતો ફૉસ્ફરસ જમીનમાંથી લઇ લે છે. આ ફૉસ્ફરસ તેને પૂરતા પ્રમાણમાં મળે એટલા માટે હાડકાંનો ભૂકો ને સુપર-ફૉસ્ફેટ જેવાં ફૉસ્ફરસવાળાં ખાતરો ખેતીમાં ઉપયોગી લેખાય છે. સ્વતંત્ર દેશો તો આજે પોતાની હદ બહાર થતી હાડકાંની નિકાસ કાયદા વડે અટકાવે છે, કારણ કે હાડકાં એ દેશનું કાચું ધન છે. ખેતીની આબાદી તેના પર જ નભે છે.

હાડકાંનાં સંયોજનોમાંથી ફૉસ્ફરસ કાઢવાની બે રીતો પ્રચલિત છે: પ્રથમ રીતમાં હાડકાંની રાખનું સલ્ફ્યુરિક ઍસિડ વડે વિઘટન કરવામાં આવે છે, એટલે તેમાંથી ફૉસ્ફોરિક ઍસિડ બને છે. આ ફૉસ્ફોરિક ઍસિડને ઉકાળીને ઘટ્ટ બનાવી તેમાં કોલસાનો ભૂકો ઉમેરી ખૂબ ગરમ કરવાથી તેમાંથી ફૉસ્ફરસ છૂટો પડે છે. બીજી રીતમાં વીજળીનો ઉપયોગ કરવામાં આવે છે. કુદરતી ફૉસ્ફેટો અથવા હાડકાંના ભૂકાને રેતી અને કોલસા સાથે ભેળવીને પછી તે મિશ્રણને વીજળિક ભઠ્ઠીમાં તપાવવામાં આવે એટલે તેમાંથી ફૉસ્ફરસ છૂટો પડે છે.

ફૉસ્ફરસ હવાના સંપર્કમાં આવતાં એકદમ સળગી ઊઠે છે. આથી તેને સાચવવા માટે પાણીમાં રાખવો પડે છે. આ પીળો ફૉસ્ફરસ કહેવાય છે. તેને છરી વડે કાપી પણ શકાય છે. તે પાણીમાં ઓગળતો નથી; પણ કાર્બન ડાય સલ્ફાઈડમાં ઓગળે છે. આવા દ્રાવણને એક કાગળ ઉપર રેડી હવામાં રાખવાથી અચાનક સળગી ઊઠે છે અને ભૂતના ભડકા જેવો દેખાવ થાય છે.

ફૉસ્ફરસનો મોટો ભાગ દીવાસળીના ઉદ્યોગમાં જ વપરાય છે. આ ઉપરાંત કેટલોક ભાગ ફૉસ્ફર-બ્રૉન્ઝની બનાવટમાં જાય છે. ફૉસ્ફરસ ઝેરી હોવાથી ઉંદર મારવા માટે પણ તેનો ઉપયોગ થાય છે. આ ઉપરાંત બૉમ્બની બનાવટમાં પણ તે ઉપયોગી છે. તેનાં ઉપયોગી સંયોજનો ફૉસ્ફરસ ટ્રાયક્લોરાઇડ, પેન્ટાક્લોરાઈડ, પેન્ટૉક્સાઈડ વગેરે છે. ફૉસ્ફરસનાં કારખાનાંમાં કામ કરતા મજૂરોને ફૉસ્ફરસની બાષ્પને લીધે જડબાંનું દર્દ થાય છે. આથી દીવાસળીની બનાવટમાં પીળા ફૉસ્ફરસનો નિષેધ કરવામાં આવ્યો છે.

ગંધકની માફક ફૉસ્ફરસ પણ બહુરૂપતા (allotropy) દાખવે છે. પીળા ફૉસ્ફરસને ૨૦૦ ડિગ્રીએ ગરમ કરવાથી તેમાંથી રાતો ફૉસ્ફરસ બને છે. આ જાત સહેલાઇથી સળગતી નથી. વળી તેને ગંધ કે

પ્રકૃતિતત્ત્વવિદ્

શ્રી હરિનારાયણ આચાર્ય



ઈ.૧૯૨૪ના મે-જૂનના દિવસોમાં ઊંઝા ગામના પાદર પાસેથી પસાર થતી ઉત્તર ગુજરાતની રેલવે ટ્રેનના મુસાફરો, રેલવેના પાટા પાસે આવેલા એક ઉજ્જડ ને અવાવરુ જમીનવાળા ખેતરમાં, રોજ સવારે, બપોરે ને સાંજે એક એકલદોકલ જુવાનને કોદાળી વડે એ ખેતર ખોદતાં જોતા. પડછંદ પણ પાતળી પડી ગએલી કાયાવાળો શ્યામવર્ણનો એ જુવાન, ગરદન પર ગૂંચળાં લેતાં લાંબાં સુંદર ઓળિયાંને રૂમાલ વડે માથાબાનાની જેમ બાંધીને, આવે કાળે ઉનાળે એકલો જ શા માટે આવું ઉજ્જડ ખેતર ખોદવાનો પરિશ્રમ ખેડતો હશે તેનું એ આવતીજતી ટ્રેનોના મુસાફરોને રોજ અચરજ થતું. પણ એમને એ કૃતનિશ્ચયથી કોદાળી ચલાવતા, સખતરીતે બીડાએલા એના હોઠ પાછળનો નિરધાર કયાંથી જણાય? અને કોઈ કહે તોપણ માન્યામાં યે કેમ આવે, કે પોતાને આજ અઢારઅઢાર માસથી વ્યાકુળ કરી મૂકનારો દમનો કપરો વ્યાધિ શરીરમાંથી કાઢવા માટે એ આવું હાસ્યાસ્પદ ગણાય તેવું કાર્ય લઈ બેઠો હતો?

એ જુવાન તે આપણા ૧૯૪૭ના સુવર્ણચંદ્રક-ધારક વિદ્વાન શ્રી હરિનારાયણ આચાર્ય. પેલી ટ્રેનોના મુસાફરોની જેમ સૌને કદાચ આશ્ચર્ય થશે કે જેને માટે એમને આ સુવર્ણચન્દ્રક મળે છે તે પ્રકૃતિવિજ્ઞાનને ને આ ખેતર ખોદાવનારા દમના વ્યાધિને શો સંબંધ? પણ આગળ આપણે જાણીશું તેમ, જે અનેક વિદ્યાવિજ્ઞાનોનો એમને વ્યાસંગ છે, અને જે અમુકમાં તો એ પારંગત છે, તે પૈકી એક શરીરસૌષ્ઠવશાસ્ત્ર અને વ્યાયામશાસ્ત્ર (ફિઝિકલ કલ્ચર) પણ છે. ગુજરાતભરમાં ભાગ્યે જ કોઈ હશે એવા વિરલ એ શાસ્ત્રના તે નિષ્ણાત છે. અને એ વિદ્યાનો એમને યોગ કરાવનાર આ દમનો વ્યાધિ જ. ૧૯૨૦ની શરૂઆતમાં એમને લાગુ પડેલા એ વ્યાધિએ લીધેલા ગંભીર રૂપને અંતે એમનું પડછંદ હાડવાળું પરંપરાગત મજબૂત શરીર પણ તદ્દન કૃશ થઇ ગયું અને તેનાથી તે એવા તો વાજ આવી ગયા કે આપઘાત કરવા સુધીનો મનસૂબો એમને થઈ આવતો. વિદ્યાવ્યાસંગી તો એ છેક બાળપણથી જ હતા, અને જીવનમાં કોઈ પણ નિમિત્તે ભેટો થતા વિવિધ વિષયોનું તલસ્પર્શી જ્ઞાન મેળવી લેવાનો એમને મૂળથી જ છંદ હતો. એટલે પોતાના આ રોગના નિદાન માટે એમણે એ રોગ અંગેનાં અને શરીરશાસ્ત્રનાં મળ્યાં તેટલાં પુસ્તકો વાંચવા માંડચાં, અને એમાં અમેરિકાના ખ્યાતનામા વ્યાયામપટુ તથા શરીરવિજ્ઞાની બર્નાર મૅકફૅડનનાં લખાણોએ એમનામાં શ્રદ્ધા પ્રેરી. મૅકફૅડન સાથેના પત્રવ્યવહાર તથા શરીરશાસ્ત્રના પોતાના જ્ઞાન પરથી કરેલી અનેક વિચારણાને અંતે તે એવા નિર્ણય ઉપર આવ્યા કે એ વ્યાધિનું મૂળ નબળી હોજરી ને આંતરડાંમાં હતું. તે માટે દોડવું, લાકડાં ફાડવાં, જમીન ખોદવી વગેરે પેટ તથા પેડુને વલોવી નાખનારો વ્યાયામ જરૂરી હતો. તરત એમને, જેને કોઈ હાથ નહોતું અડાડતું એવું પોણોસો વર્ષથી નકામું પડી રહેલું પોતાનું ખેતર યાદ આવ્યું, અને એમાં જ એ ઉપચાર અજમાવવાનો કપરો નિરધાર કરી એ ઉનાળાની રજાઓમાં ઊંઝા ગયા ને દોઢેક માસમાં તો એક શેઢાથી બીજા શેઢા સુધી એ આખું ખેતર એવું તો ખોદી કાઢયું કે ફરી એ પાક આપતું થઇ ગયું! અલબત્ત, શરીરનો વ્યાધિ તો ગયો જ.

આ પ્રસંગ પછી તો શરીરસૌષ્ઠવ અને વ્યાયામવિજ્ઞાનમાં એમનો રસ એટલો જાગૃત થયો કે રાતદિવસની એ જ એમની ધૂન થઈ પડી. ગ્રામજીવનની મહેનતથી નાનપણથી જ ખડતલ એવા શરીરને હવે એમણે કસવા માંડયું; અને દંડ તથા બેઠક, ભારે મગદળ, સ્કિપિંગ, દોડ, કુસ્તી એમ ઉત્તરોત્તર અનેક વ્યાયામપ્રકારો વડે શરીરને પલોટ આપીઆપીને તેને જાણે કોઈ ઉમદા શિલ્પીએ સીસમની ગાંઠમાંથી કંડારેલું હોય તેવું સુષ્ઠુ, બલિષ્ઠ ને દીપ્તિમાન બનાવ્યું. સાથેસાથે દુનિયામાં જેટલા વ્યાયામપ્રકારો ખેડાએલા છે તે સર્વનું શાસ્ત્રીય જ્ઞાન પણ એમણે એટલું તલસ્પર્શી મેળવેલું કે સ્વ૦ પ્રો. રામમૂર્તિ જેવા વ્યાયામવીર પણ એમનું શરીર જોઇને જેટલા મુગ્ધ થએલા તેટલા જ એમના જ્ઞાન પર આફરીન થએલા. પછી તો એ બંને વચ્ચે ગાઢ મિત્રાચારી જામી, અને વચમાં ગુજરાત વિદ્યાપીઠના દિવસો દરમ્યાન સ્વ૦ રામમૂર્તિ ગુજરાતમાં જ સ્થાયી થઇને એક આદર્શ વ્યાયામ-વિદ્યાલય કાઢવાનો મનસૂબો કરતા હતા તેમને શ્રી આચાર્યે એ આખા વિદ્યાલયની રૂપરેખા, અભ્યાસક્રમ આદિ ગોઠવી આપેલાં. આજથી બે અઢી દાયકા ઉપર જ્યારે પુરાણી ભાઈઓની વ્યાયામપ્રવૃત્તિથી ગુજરાત ધમધમતું હતું ત્યારે અને ત્યાર પછીની ગુજરાતભરની વ્યાયામ-હરીફાઈઓમાં નિષ્ણાત અને તજ્જ્ઞ પંચ (અમ્પાયર) તરીકે શ્રી આચાર્યની નિમણૂક થતી.

આ અરસામાં મૅકફૅડનના ફિઝિકલ કલ્ચર ઉપરાંત ઍલન કૅલ્વર્ટે 'સ્ટ્રૅન્ગ્થ' (બલ) નામનું નવું સામયિક શરુ કરેલું. તેના વાચન અને વિચારણાને અંતે એમને જણાયું કે સમસ્ત શરીરને એકસરખો ને સાર્વત્રિક વ્યાયામ આપી તેને સુષ્ઠુ ને બલિષ્ઠ રાખનાર કોઈ એકમાત્ર વ્યાયામ હોય તો તે 'વેઈટ લિફ્ટિંગ'—વજન ઉપાડવાનો વ્યાયામ છે. લાગલો જ એમણે એ વ્યાયામ શરુ કર્યો અને એમાં એટલું પ્રભુત્વ મેળવ્યું કે ગુજરાતભરમાં એ સર્વોચ્ચ કક્ષાએ હતા. સુસંહત શરીર ઘડવા અર્થે જે વ્યાયામપ્રક્રિયા એમણે ગોઠવી હતી એમાં માથા ઉપર બે હાથે ૨૧૦ રતલથી ય વધુ વજન ઊચકવાનું થતું; અને પગની પેશીઓના ઘડતર માટે ૨૫૦થી ૪૦૦ રતલ વજનનો એ ઉપયોગ કરતા હતા. આમ છતાં એમણે વધુમાં વધુ વજન ઉપાડવાના રેકોર્ડ માટે કદી પ્રયત્ન કર્યો ન હતો. એમનું

સમગ્ર લક્ષ વેઇટ લિફ્ટિંગ દ્વારા શરીરને દૃઢ, બલિષ્ઠ અને સુસંહત બનાવવામાં જ કેન્દ્રિત રહેલું. પરિણામે, ૨૭ ઇંચ સાથળ, ૪૬ ઇંચ છાતી, ૧૮ ઇંચ ગરદન અને ૧૪ ઇંચ પ્રકોષ્ઠ કેળવવા એ શક્તિમાન થયા હતા. એ વખતનો એમનો શરીરવિકાસ અતિ ઉચ્ચ કક્ષાએ પહોંચેલો. એમનું પોતાનું વજન ૨૧૦ રતલ હતું.

વ્યાયામના આટલા જ્ઞાન સાથે શરીર અને આરોગ્યના શાસ્ત્રમાં પણ એ તજ્જ્ઞ છે. શરીરમાંથી દમનો વ્યાધિ કાઢ્યા પછી એમને કદી વ્યાધિ થયો નથી; અને શરીરને નીરોગી રાખવા માટે જ્યારે જરૂર પડે ત્યારે એ લાંબા ઉપવાસ ખેંચે છે. એક વખત તો એમણે કેવળ પાણી ઉપર ૨૧ લાંઘણો કરેલી અને એ દરમ્યાન ૩૦-૪૦ રતલ જેટલું વજન ઘટી ગએલું; છતાં પણ એ બધા દિવસો દરમ્યાન એમનો મિલનો રોજનો આઠ કલાકનો વ્યવસાય તો ચાલુ જ હતો! આ એમના શરીરની ચેતનાશક્તિનું સચોટ ઉદાહરણ છે.

સુવર્ણચંદ્રક-નિમિત્ત પ્રકૃતિવિજ્ઞાનના એ વિદ્વાનનો પરિચય આપતાં અહીં એમના એ ખાસ વિષયને બદલે એમની વ્યાયામ-પટુતાની કરેલી આ લંબાણ કથા કદાચ આડવાત લાગશે; પણ એ અપ્રસ્તુત નથી; બલ્કે એમનું એ વિષયનું જ્ઞાન એટલું તલસ્પર્શી, સંપૂર્ણ અને પંડ ઉપર જ પ્રતીત કરેલું સોદાહરણ છે, કે પ્રકૃતિવિજ્ઞાનને માટે ન મળ્યો હોત તો વ્યાયામવિજ્ઞાનને માટે પણ આ ચંદ્રક એમને અવશ્ય મળે એમ છે, એ લખવામાં લેશમાત્ર અતિશયોક્તિ નથી.

એમનો જન્મ વિક્રમ સંવત ૧૯૫૩ના શ્રાવણ વદિ ૧૨ ને બુધવાર, તા. ૨૫મી ઑગસ્ટ ૧૮૯૭ના રોજ, ઔદીચ્ય સહસ્ર બ્રાહ્મણ જ્ઞાતિમાં, એમના મોસાળ વીરમગામમાં થયો હતો. ઉત્તર ગુજરાતમાં વડોદરા રાજ્યમાં આવેલું ઊંઝા એમનું વતન. એમના પિતાનું નામ ગિરધરલાલ ત્રિભુવનજી આચાર્ય, ને માતાનું નામ રેવાબાઈ. વતનના જ ગામમાં ઊગરા મહેતાની ગામઠી શાળામાં પ્રાથમિક અભ્યાસનો આરંભ કરીને ગાયકવાડી સરકારી નિશાળમાં ગુજરાતી છઠ્ઠું ધોરણ પૂરું કરી એ વધુ અભ્યાસ માટે સિદ્ધપુર ગયા; અને ત્યાંની ઍંગ્લો-વર્નાક્યુલર સ્કૂલમાં તથા પછીથી પાટણની હાઇસ્કૂલમાં અંગ્રેજીનો અભ્યાસ કરી ઈ. ૧૯૧૪માં મૅટ્રિક થયા. ત્યાર પછી ઉચ્ચ અભ્યાસ માટે અમદાવાદ જઈ ગુજરાત કૉલેજમાંથી સંસ્કૃતનો વિષય લઇ બી. એ. (ઑનર્સ) થયા. કૌટુંબિક પરંપરાગત સંસ્કાર, ઊગતા અભ્યાસકાળથી જ કેળવાએલો વાચનનો શૉખ અને શરુઆતનાં વર્ષોમાં શ્રેયઃસાધક અધિકારી વર્ગનાં પ્રકાશનોની અસરથી એમનું સંસ્કૃતનું તથા વેદાંત આદિ તત્ત્વજ્ઞાનના વિષયોનું જ્ઞાન એટલું સારું હતું કે કૉલેજના અભ્યાસ દરમ્યાન, સંસ્કૃતના તે કાળના અધ્યાપક સ્વ. આચાર્ય આનંદશંકરભાઈના અગ્રણી શિષ્યો પૈકી તે એક ગણાતા. વીસમી સદીના એ પ્રારંભના દાયકાઓમાં પશ્ચિમી પોશાકાદિ આકર્ષણો ને આવરણોથી વ્યાપ્ત વાતાવરણ વચ્ચે પણ એમણે વતનનો તળપદો ગ્રામપોશાક કાયમ રાખેલો, એ નાની બાબત એમના દૃઢાગ્રહી સ્વભાવની દ્યોતક છે. શુદ્ધ બ્રાહ્મણ સંસ્કારના પ્રતીકરૂપ ત્રિપુંડધારી કપાળ પર માથે શિખા સિવાયનું મુંડન, તેના પર જાડા કાપડનો ફેંટો, એવો જ જાડો થેપાડાનો લાંબો કોટ અને ટૂંકી ધોતી તથા જાડા જોડા પહેરીને કે ઉઘાડે પગે, ફૅશનેબલ કૉલેજિયનો વચ્ચે તેઓ નિઃક્ષોભ ફરતા અને આવા વિશિષ્ટ પોશાક તળે ઢંકાએલી તેજસ્વી બુદ્ધિના ચમકારાથી સૌને ચકિત કરતા.

ઈ. ૧૯૧૯માં બી. એ. પસાર કરી એ કાયદાના અભ્યાસ માટે મુંબાઈ ગયા અને ત્યાં ગોકુલદાસ તેજપાલ હાઇસ્કૂલમાં શિક્ષકનો વ્યવસાય સ્વીકારી તેમાંથી ગુજરાન ચલાવતા જઇને ગવર્નમેન્ટ લૉ કૉલેજમાં પહેલા એલએલ. બી.નો અભ્યાસ શરુ કર્યો. પણ તેની પરીક્ષા આપવાનો સમય આવતાં જ ગાંધીજીએ અસહકાર પોકાર્યો એટલે તેને માન આપી અભ્યાસને તિલાંજલિ આપી, અને મુંબાઇની ચંદારામજી ગર્લ્સ હાઈસ્કૂલમાં તથા ટિળક રાષ્ટ્રીય કન્યાશાળામાં થોડો સમય અધ્યાપનકાર્ય કર્યું. એવામાં, મહાત્માજીએ અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કરતાં તે ગુજરાત મહાવિદ્યાલયના ગુજરાતી સંસ્કૃત ને તત્ત્વજ્ઞાનના અધ્યાપક તરીકે અમદાવાદ આવ્યા.

પોતાના અધ્યાપનના વિષયોમાં પારંગતતા ઉપરાંત વિશાળ વાચનને લીધે કેળવાએલી બહુશ્રુતતા, તથા વિવિધ વિષયોના એમના જ્ઞાનને લીધે વિદ્યાપીઠમાં તેઓ એટલા વિદ્યાર્થીપ્રિય થઇ પડચા કે એમનાં પર્યટનો, વ્યાયામો, નાટ્યપ્રયોગો, ઉત્સવો, સાહિત્યચર્ચાઓ અને અંધારી રાતના લાંબા સાઇકલપ્રવાસો જેવી ખડતલ પ્રવૃત્તિઓમાં પણ તેમને કેન્દ્રસ્થાને વિદ્યાર્થીઓ ટોળે વળતા.

એવામાં ઈ. સ. ૧૯૨૮માં, આવું વિદ્યા, વ્યાયામ, જ્ઞાન અને અભ્યાસનું વાતાવરણ છોડી એમણે અમદાવાદની એક ભરતખંડ ટેક્સ્ટાઈલ મિલમાં મૅનેજરની નોકરી લીધી ત્યારે સ્વજનોને આશ્ચર્ય થયું. વિદ્યાપીઠના દિવસો દરમ્યાન એ મિલના એજન્ટ સાથે તેઓ સાહિત્યાદિ અભ્યાસ-વિષયોનું વાચન કરતા, તેમાંથી પરિચય ગાઢ થતાં એમના આગ્રહથી એમણે એ વ્યવસાય સ્વીકાર્યો; અને ત્યાં ગયા પછી, એ તદ્દન અજાણ્યા અને કેવળ વિપરીત દિશાના ક્ષેત્રમાં પણ ટૂંક સમયમાં એવી કાબેલિયત કેળવી, કે ઈ. ૧૯૪૫માં એ સ્થાન છોડચું ત્યારે અમદાવાદની આટલી વિપુલ સંખ્યાવાળી મિલોના મૅનેજરોમાં સૌથી કુશળ અને નિપુણ અધિકારીઓ પૈકીના એક તરીકે એમની ગણના થતી. અને તેથી જ, એ વ્યવસાયમાંથી મુક્ત થયા કે તરત, અમદાવાદના મિલ ઓનર્સ એસોસીએશનના સહાયક મંત્રી તરીકેના જવાબદારીભર્યા સ્થાને સારા પગારે એમની વરણી થઇ.

મનના નિર્વ્યાજ આનંદને ખાતર જ્ઞાન—સદા અભિનવ દિશાઓનું વિવિધ જ્ઞાન, અને તે પણ પ્રત્યેક વિષયમાં બને તેટલા ઊંડા ઊતરીને તલસ્પર્શી જ્ઞાન—મેળવવાની ઝંખના એમનામાં છેક હાઈસ્કૂલના દિવસોથી ઊગેલી, જ્યારે ગામની લાયબ્રેરીને બારણે, સાંજે છેક અક્ષરો ન ઊકલે ત્યાં સુધી સંધ્યાનાં અંધારાં પથરાતાં લગી વાંચતા એ બેસતા. વાર્તાઓ, જીવનચરિત્રો ને કવિતા-સાહિત્યથી થએલી શરૂઆત ધીમેધીમે ધર્મ અને તત્ત્વજ્ઞાનના અભ્યાસવિષયો ઉપરાંત પુરાતત્ત્વ, સિક્કાશાસ્ત્ર, ભાષાશાસ્ત્ર, આદિ જેવાં અનેકવિધ ક્ષેત્રોમાં વિસ્તરી. લોકસાહિત્યના આદિ પુરસ્કર્તા સ્વ. રણજીતરામ પછી, પણ ગિજુભાઈ ને મેઘાણીની યે પહેલાં એમણે ગામગામડે ફરી લોકગીતો ભેગાં કરેલાં; વચ્ચે વળી સિક્કાશાસ્ત્ર ને ભાષાશાસ્ત્રનો નાદ લાગેલો; ને કવિતાના ક્ષેત્રમાં પણ એમની કલમ ચાલેલી તે તો કદાચ આજ લગી કોઈએ કદી નથી જાણ્યું: એટલે, છેક ઈ.૧૯૨૩માં 'સમાલોચક'માં 'વનફૂલ'ની સહીથી લખેલા 'સીત-વિવાસન' નામે લાંબા કાવ્યમાંથી માત્ર વાનગી તરીકે થોડી પંક્તિઓ અહીં ઉતારીએ:

ઊગે શશાંક, રજનીરમણી ધીરેથી
આલિંગને ભુજ ભીડી નિજ કંઠ બાંધે;
તારાવલિ ચમકતી કહિં વ્યોમભાગે
મંદાકિનીજલ-પડચાં કુમુદાવલિ શી.

કવિ નાનાલાલના તેઓ એટલા નિકટના પરિચયમાં આવેલા કે કવિ અમદાવાદમાં હઠીભાઈની વાડીએ રહેતા ત્યારે એમની બેઠકો લગભગ રોજ જામતી અને તેમાં અનેકવિધ વિષયોની ચર્ચાઓ થતી.

એમની લેખનપ્રવૃત્તિ શરૂઆતમાં 'કુમાર' અને પછી 'પ્રકૃતિ'

પૂરતી જ મર્યાદિત રહી છે, પણ એમાં વહેવડાવેલા સમૃદ્ધ જ્ઞાન-રાશિ અને પ્રાસાદિક ભાષાવૈભવ વડે એમણે ગુજરાતી સાહિત્યમાં ગણનાપાત્ર ફાળો આપ્યો છે. એ સૌથી વધુ લોકપ્રિય થયા, કદાચ, 'કુમાર'માં 'વનેચર'ની સહીથી લખેલી એમની લેખમાળા 'વનવગડા-નાં વાસી'માં અપાએલાં પક્ષી-પ્રાણીઓનાં અભ્યાસ ને અવલોકન-ભર્યાં રસપ્રચુર પરિચયોથી; પરંતુ એમનાં બીજાં લખાણો પણ એટલી જ ઉચ્ચ કક્ષાનાં છે. રામમૂર્તિ, ગામા અને ઝિબિસ્કો જેવા મલ્લશિરોમણિઓનાં ચરિત્રો, થોડી પક્ષી-પ્રાણીકથાઓ તથા 'સ્વાસ્થ્ય-શક્તિ સૌન્દર્ય'ના વિભાગમાં આવતી શરીર-સૌષ્ઠવ પર-ની નોંધો ઉપરાંત 'અખાડો' ને 'ખભે ખડિયો' નામના 'કુમાર'ના વિભાગો એટલા જ લોકપ્રિય થએલા.

પ્રકૃતિવિજ્ઞાનના અભ્યાસમાં પોતે કેમ પ્રવેશ કર્યો એની હકી-કત તો હવે એમના પોતાના જ શબ્દોમાં સાંભળીએ:

"પ્રકૃતિ-અવલોકનના અભ્યાસનો મારા જીવનમાં પ્રવેશ થયો છે કેવળ અકસ્માત રૂપે જ. સને ૧૯૨૯નો ડિસેમ્બર માસ હતો. એક દિવસે બપોરે હું કુમાર કાર્યાલયમાં બેઠો હતો. એ વખતે શ્રી બચુભાઇ ટપાલમાં આવેલા કાગળો વાંચતા હતા. મને નિરુદ્યમી બેસી રહેલો જોઈ એમણે ટપાલમાં આવેલો 'ઇંડિયન સ્ટેટ રેલવેઝ મૅગઝીન'નો નાતાલ નિમિત્તે પ્રસિદ્ધ થએલો ખાસ અંક કાળ વ્યતીત કરવા આપ્યો. અલસપણે એનાં પાનાં ફેરવવા માંડતાં 'ભારતવર્ષની દિવાચર પતંગિકાઓ' (Butterflies) વિષયનો લેખ એમાં મારા જોવામાં આવ્યો. એના લેખક મુંબાઇની નૅચરલ હિસ્ટરી સોસાએટી'ના ક્યુરેટર શ્રી એસ. એચ. પ્રેટર હતા. લેખની સાથે પતંગિ-કાઓની સુંદર દેહછટા ને વર્ણશોભાની પ્રતીતિ આપતું રમણીય ચિત્ર પણ હતું. ચિત્રથી આકર્ષાઈ હું એ લેખ વાંચી ગયો, અને એ વિષેનું વિશેષ જ્ઞાન મેળવવાની ઉત્કંઠા મારા મનમાં જાગૃત થઈ. અંગ્રેજી સાહિત્યના વાચન દ્વારા પતંગિયાંના એ લોકોના અ-ભ્યાસ અને રસવૃત્તિથી હું પરિચિત હતો, પરંતુ આપણા દેશમાં આવાં રૂપાળાં પતંગિયાં થાય છે ને એનો અભ્યાસ સામાન્ય જન પણ સરળ-તાથી કરી શકે છે એનું તો મને એ ઘડીએ જ ભાન થયું એ થતાં જ મેં, લેખકે પ્રમાણ રૂપ ગણાવેલો એવન્સ પ્રણીત 'ભારતવર્ષનાં પતંગિયાં'નો ગ્રંથ ખરીદ્યો. પ્રકૃતિ-અવલોકનના ક્ષેત્રમાં મારું એ પ્રથમ પાદાર્પણ. એ સમયે ઉત્પન્ન થએલું કુતૂહલ સામાન્યજનસુલભ કુતૂહલ જ માત્ર હતું. એ સમયે મેં કલ્પેલું નહિ કે આવી એક અતિ સામાન્ય જિજ્ઞાસા દ્વારા મારું અભ્યાસક્ષેત્ર પલટાઇ જશે ને યદૃચ્છા રોપાએલા એક બીજમાં-થી આટલો વિશાળ વૃક્ષાધિરાજ ફાલશેફૂલશે. એ સમયે મારી જિજ્ઞાસા કેવળ દિવાચર પતંગિકાઓ પૂરતી જ પરિમિત હતી. એવ-ન્સનું પુસ્તક મંગાવીને મેં એ વિષયનો અભ્યાસ આરંભ્યો. વિશેષ સહાય પામવા હું મુંબાઇની નૅચરલ હિસ્ટરી સોસાએટીનો સભ્ય પણ એ જ વખતે થયો.

એવામાં અન્ય એક અકસ્માત થયો. એ જ વર્ષમાં અહીંની સે-શન્સ કોર્ટમાં મારે જ્યૂરીમાં હાજરી આપવાની થઈ. ખૂનનો મુક-દમો હતો. જ્યૂરીના પ્રતિનિધિ રૂપે મારે કેસ દરમ્યાન કેટલીક વખત પ્રશ્નો પૂછવા પડેલા. એ ઉપરથી એ કેસ ચલાવનારા સેશન્સ જજ મારા પ્રત્યે સહજ આકર્ષાયા. એમાંથી અમારો પરિચય વધ્યો. એ પોતે કલાપ્રેમી અને પક્ષીઓના ભારે અભ્યાસી હતા. એમણે મને પક્ષીઓમાં રસ લેતો કર્યો. સવિશેષ પક્ષીઓ પાળવાનો ચેપ તો એમણે જ મને લગાડેલો. એ વખતે મારું સમગ્ર ધ્યાન કીટકસૃષ્ટિ-નાં અભ્યાસ-અવલોકનમાં સ્થિર થયું હતું. એટલે પક્ષી-અવલોકન-માં મને વધુ ઉત્સાહ થયો ન હતો. પરંતુ એ સજ્જનના સંબંધના યોગે પક્ષીપાલનમાં તો હું ગાંડો બનેલો.

એ વાતને વીસ વર્ષ થઇ ગયાં. આરંભની પતંગિયાંની સૃષ્ટિના પરિચયમાંથી અન્ય કીટકસૃષ્ટિનો પરિચય, પક્ષીપાલનમાંથી પક્ષી-પરિચય, પછી સાપ, ઘો આદિ સરિસૃપો તથા મીઠા જળની માછ-લીઓની સૃષ્ટિ, પછી કરોળિયા,—એમ ઉત્તરોત્તર મારી જિજ્ઞાસા વધતાં હું પ્રકૃતિનાં અન્યાન્ય અંગોનાં પરિચય, અવલોકન અને અભ્યાસમાં પરોવાયો. એ પળથી આજ સુધીનાં અશેષ વર્ષોમાં આહારાદિ શરીર-વ્યવહારો અને વિત્તોપાર્જનના વ્યવસાય કરવા-માંથી બચેલા સમગ્ર સમયનો ઉપયોગ મેં મારા આ નવા વ્યા-સંગમાં કરેલો છે. એ માટે મેં ભારે પુરુષાર્થ પણ કર્યો છે. અરધી રાતે એકાદ અજાણ્યા પક્ષીને બોલતું સાંભ-ળીને સફાળો જાગીને એનો પરિચય કરવા દોડ્યો છું. વર્ષો સુધી, પ્રત્યેક રજાએ, બ્રાહ્મ-મુહૂર્તથી રાત્રિપર્યંત, આખો દિવસ અમદાવાદના પરિસ-રોમાં ખભે ખડિયો ભરાવીને હું આ-થડ્યો છું. એ જ વિષયના વધુ દૃઢીક-રણ અર્થે અવકાશ મધ્યે મેં પગપાળા







ડાબી બાજુ: શ્રી હરિનારાયણ આચાર્ય ઈ. ૧૯૨૦માં મુંબાઇ હતા ત્યારે; વચ્ચે: ઇ. ૧૯૩૨માં; જમણી બાજુ: ઇ. ૧૯૪૮માં

અનેક પરિભ્રમણો કર્યાં છે. પરિણામે પ્રાણીજીવનનાં વિવિધ પાસાંઓનું જે જ્ઞાન મને રણભૂમિ, અરણ્યો ને પહાડી પ્રદેશોમાં થયું છે એ અનેક ગ્રન્થોના વાચનથી પણ હું ભાગ્યે જ મેળવી શક્યો હોત.

છતાં મારો અભ્યાસ કેવળ પ્રાણીજીવનમાં જ પરિમિત રહેલો નથી. પ્રાણીજીવનની કાલિક ઉત્ક્રાન્તિના પ્રશ્નના વિચાર અંગે મારે ભૂવિદ્યાનો, સવિશેષ પુરાણ જીવવિદ્યાના અંગ સમા ઉત્ખાત અશ્મીભૂત અવશેષોનો અભ્યાસ પણ કરવો પડ્યો છે. વનસ્પતિઓને પણ હું ભૂલ્યો નથી, જોકે એમનો સંગ્રહ કરવાની મારી પ્રવૃત્તિ સાધનોના અભાવે વેગવતી થઇ શકી નથી.”

ઉપર આપણે જાણ્યું તેમ ઘરની ઘોલકીમાં આરામખુરશીમાં બેસીને માત્ર વાચનજ્ઞાન મેળવેલા એ પુસ્તકપંડિત નથી, પણ ખડતલ ‘ફીલ્ડ-નૅચરાલિસ્ટ’ છે. પક્ષીપરિચયનો શૉખ જાગ્યો ત્યારે એ પ્રવૃત્તિએ એમના સમગ્ર દેહ, મન ને સમયનો કબજો લઇ લીધેલો. પછી તો ઘેર પણ પંખીઓ પાળ્યાં અને ભાડાના નાના ઘરની સાંકડી પરસાળમાં પણ પાંજરાંઓની ભીડ જામવા માંડી.

એવામાં, એમનાં પત્ની સૌ. વિજયાબહેનને ભયંકર બીમારી આવી. (એમનું આ બીજું લગ્ન વીરમગામમાં ૧૯૨૦માં થએલું) એમની એકમાત્ર પુત્રી ઉષાબહેનના જન્મ પછી એકાદ વર્ષે, ઈ. ૧૯૩૧માં એમનાં પત્નીને કરોડરજ્જુનો ક્ષય લાગુ પડ્યો. તજ્જ્ઞો જાણે છે કે અમુક સ્થિતિએ પહોંચે એટલે એ જીવલેણ બને છે. દર્દે ઝડપથી વેગ પકડ્યો ને થોડા સમયમાં તો પગ તદ્દન ખોટા પડી ગયા. ડૉક્ટરોએ આશા મૂકી દીધી. એ સમયની એમની ચિંતા ને જહેમત તો અંગત મિત્રો જ જાણે છે. રાત ને દિવસ, પત્નીના એ દર્દ સામે એમણે એવી કારમી લડત માંડી કે અંતે એના પર વિજય મેળવ્યો. લેશમાત્ર હલવાચલવા દીધા વિના વરસો સુધી કેવળ ચત્તા જ સુવાડી રાખવાં પડેલાં એ પત્નીની એમણે જે અખંડ ને એકનિષ્ઠ સેવા કરી છે એ વર્ણવવાનું આ સ્થાન નથી; પણ કાયમનાં invalid જેવાં રહીને પણ એમનાં પત્ની જીવતાં રહ્યાં ને ઘર પૂરતાં હરતાંફરતાં થઇ શક્યાં એ એમના જ પરિશ્રમ ને પુરુષાર્થનું પરિણામ છે.

માત્ર સાહિત્ય અને વિજ્ઞાનના જ નહિ, પરંતુ ધંધા-વ્યવસાય કે અન્ય નિમિત્તે હાથ ચડતા કોઈપણ ક્ષેત્રના વિષયનું બને તેટલું બારીક જ્ઞાન મેળવવાની એમની ખાસિયત જ થઇ પડી છે. મિલની નોકરી લીધી એટલે પછી એ ધંધાને લગતા સાંચાઓ, સ્પિનિંગ-વીવિંગને લગતી ક્રિયાઓ, રૂના પ્રકાર અને ગુણ, આદિ વિષે એમણે મળ્યું તેટલું વાંચીને જાતને તૈયાર કરી લીધી; મિલના વહીવટને કારણે કાયદાનું જ્ઞાન જરૂરી થઈ પડ્યું એટલે એમાં યે એટલી તૈયારી કરી લીધી કે એકવાર એક ધારાનિષ્ણાતે કહેલું કે તમે કોઈ વકીલ કરતાં પણ વધુ ઝીણવટભર્યું કૌશલ દાખવો છો. મિલમાં જવાઆવવા માટે તથા લાંબાં પર્યટનોના શૉખને માટે મોટર સાઈકલ લીધી તે પણ બધી ઝીણવટભરી ચોક્સાઈ કરીને સૌથી કદાવર ને ઝડપી; અને પછી તે ચલાવનારા ઈન્ટર્નલ કમ્બશ્ચન એન્જિન વગેરેનું સાહિત્ય વાંચીને એની કારવાઇથી એટલા માહિતગાર થયા કે જરૂર પડ્યે તાત્કાલિક સમારકામ પણ જાતે કરી શકે. પ્રકૃતિ ને પર્યટનના શૉખને લીધે શિકારશૉખી મિત્રો સાથે શિકારપાર્ટીઓમાં જાય તેમાંથી બંદૂકોની વિવિધ બનાવટો ને તેની ગોળીઓનાં બલ, વેગ, પ્રકાર આદિ વિષેનું પણ જ્ઞાન મેળવે. ફોટોગ્રાફીના જ્ઞાન વિના તો આ બધા શૉખ ફિક્કા, એટલે તે પણ ખરું જ. મિલને અંગે માલસામાન વેચવા આવતા યુરોપિયન-અમેરિકન સેલ્સમૅનો પોતાના માલ વિષે આટલી ઝીણવટભરી માહિતી ધરાવતા આ મિલમૅનેજરને જોઈ છક થઇ જતા. અને એથી વધુ આશ્ચર્ય તો એમને ત્યારે થતું, જ્યારે તે એમના કોઈ અંગત શૉખ (હૉબી)ને લગતી વાતચિતમાં ઊતરતા. એ વિદેશીઓને કોઇ ને કોઇ શૉખ હોય જ છે--સિક્કા, પતંગિયાં, કીટકો, વનસ્પતિ, ભૂસ્તર વગેરે કંઇકંઇ વસ્તુઓના વિશિષ્ટ નમૂનાઓનો સંગ્રહ તથા અભ્યાસ કરવાનો. અને એમને, આ મિલમૅનેજર જેવા માણસ તરફથી એ દરેક વિષય પરત્વે કોઇ વિદ્વાન ‘હૉબીઈસ્ટ’ જેટલું જ્ઞાન દર્શાવતી વાતો સાંભળવા મળતી ત્યારે તેમનો આનંદ વધી જતો, અને વેપારી બનીને આવેલો માણસ મિત્ર બનીને ઊઠતો.

પક્ષીઓના અભ્યાસની સાથોસાથ અન્ય પ્રાણીઓ, વનસ્પતિ તથા સર્પ, મત્સ્ય, કીટકો આદિનું એમને પૂરું જ્ઞાન છે. એકવાર વડોદરા રાજ્યના મત્સ્યખાતાના વડા અધિકારી સાથે મુલાકાત થઇ ત્યારે એ અધિકારીએ સાશ્ચર્ય જાણ્યું કે રાજ્યની વિપુલ સગવડવાળા હોદ્દેથી ગુજરાતની મીઠા જળની માછલીની પોતે જેટલી જાત જાણતા હતા તેમાંના ઘણા મોટા ભાગનો તો શ્રી આચાર્યે અમદાવાદમાં પોતાનો વ્યવસાય કરતાં કરતાં અભ્યાસ કરી લીધો હતો. કરોળિયા ઉપર પણ એમણે તલસ્પર્શી અભ્યાસ કરેલો છે. વ્યવસાયને અંગે જ્યારે જ્યારે મુંબાઇ જવાનું થાય ત્યારે નવરાશનો બધો સમય ત્યાંના પ્રકૃતિવિજ્ઞાન-મંડળ ‘બૉમ્બે નૅચરલ હિસ્ટરી સોસાએટી’માં જ વીતવાનો. કીટકવિજ્ઞાનમાં રસ લેતા ત્યાંના માણસો ઘણી ન સમજાતી બાબતોમાં એમના અભિપ્રાયો અને નિર્ણયોની ઇંતેજારી રાખે છે. એ સોસાએટીના મુખપત્ર ‘જર્નલ’માં કીટકવિજ્ઞાન વિષે આવેલી એમનાં અમુક વિધાનોની નોંધો તદ્વિદોમાં માન્ય થઈ છે.

આટલા નાનાવિધ વિષયોનું આટલું તલસ્પર્શી જ્ઞાન હોવા છતાં, અને અમુક વિષયમાં તો એ માન્ય તદ્વિદ ગણાતા હોવા છતાં, પ્રમાણમાં જાહેરમાં તેઓ ઘણા જ ઓછા જાણીતા છે, તેનું કારણ એમનામાં રહેલો જાત-જાહેરાતનો અભાવ. વ્યાખ્યાન આપવા ઊઠે તો કલાકો સુધી, સચોટ પ્રાસાદિક વાણીપ્રવાહ દ્વારા માહિતી, મુદ્દા અને જ્ઞાનનો ધોધ વહેવડાવી શ્રોતાઓને આસનબદ્ધ રાખી શકે એવી શક્તિ હોવા છતાં, એમણે ક્યાંય કદિ ભાષણો આપ્યાં નથી; ‘કુમાર’ અને એમના સંપાદન તળે નીકળતા ‘પ્રકૃતિ’નાં લખાણો સિવાય એમણે ક્યાંય લેખો લખ્યા નથી. બલ્કે આ પ્રકારે જાહેરાત મેળવવાની એમને નફરત છે. અને લખવાનો કંટાળો તો એટલો બધો છે કે એમના આટલા ઊંડા ને વિપુલ જ્ઞાનને લોકસંગ્રહને માટે પણ જનસમાજ આગળ મૂકવું પોતાને માટે કર્તવ્યરૂપ છે એ મુદ્દો સ્વીકારતા હોવા છતાં મિત્રોના આગ્રહને એમણે કદી દાદ આપી નથી.

પણ પ્રકૃતિ-વિજ્ઞાન માટેના એમના પ્રેમ ને ઉત્સાહે એમની પાસે ગુજરાતમાં એક ઘણું મહત્ત્વનું કાર્ય કરાવ્યું છે. ઇ. ૧૯૩૮માં, એમણે મિત્રો તથા એ વિષયમાં રસ લેનારાઓને પ્રેરીપ્રેરીને ‘ગુજરાત પ્રકૃતિ મંડળ’ની સ્થાપના કરી, ને એ સંસ્થા તરફથી ‘પ્રકૃતિ’ નામનું (ગુજરાતીમાં તો એ વિજ્ઞાનનું પ્રથમ) ત્રૈમાસિક શરૂ કર્યું. તેના તંત્રી તરીકે એમણે અભ્યાસપ્રચુર અને વિદ્વદ્‌માન્ય લેખો, નોંધો તથા સંપાદન વડે ગુજરાતના નામને હિંદભરમાં ઊજળું કર્યું છે. જોકે એ મંડળના જીવનકાળના આ એક દાયકામાં આપણી ઉદાસીનતાને લીધે મંડળને કેવાં કપરાં બાથોડિયાં ભરવાં પડે છે તે તો જાણનારા જ જાણે છે. પણ એમનો ઉત્સાહ તો હજી એવો જ અદમ્ય છે. એનો લાભ લઈ ગુજરાત એ પ્રવૃત્તિને ચિરસ્થાયી કરશે તો ભાવિ પ્રજાને માટે એ એક મોંઘો અને ગૌરવભર્યો વારસો બની રહેશે.

હપતો: ૩૮મો

નાયકના બાહ્ય તથા અભ્યંતર ગણ

એટલે નાટકના મુખ્ય પાત્ર (નાયક)નાં સહાયકપાત્રો કે ઉપપાત્રો વિષે વિવરણ: પ્રધાન, સેનાપતિ આદિ પુરુષપાત્રો તે બાહ્ય પાત્રો (ગણ) ને રાણીથી માંડી દાસી સુધીનાં સત્તરેક જેટલાં સ્ત્રી પાત્રો તે અભ્યંતર.

લેખક · યોગેન્દ્ર પ્રિયદર્શી

નાટકમાં જુદીજુદી ઘટનાઓનું નિદર્શન કરવામાં આવેલું હોય છે; આથી જ તેને સંસારનું દર્પણ કે પ્રતિબિંબ કહ્યું છે. નાટકનાં પાત્રોનો આધાર તેમાંની ઘટનાઓ ઉપર રહેલો હોવાથી તેનાં પાત્રોના પ્રકાર કે સંખ્યા પણ જુદાજુદા પ્રકારનાં હોય છે. આથી તેને અંગે કશા ચોક્કસ નિયમો નથી તે તો નાટકના વસ્તુ, કથા કે ઘટના અનુસાર વધતા કે ઓછા પ્રમાણમાં તથા તેને અનુકૂળ રૂપમાં હોય છે. છતાં પ્રાચીન કાળમાં દરેકે દરેક વસ્તુ અંગેના જેમ ચોક્કસ નિયમો ઘડાતા જ હતા, તેમ જુદાજુદા નાટ્યપ્રકારોમાં પણ કેટલાં ને કેવા પ્રકારનાં પાત્રો હોવા જોઈએ તેના સામાન્ય નિયમો તો હતા, અને તે વિવિધ 'રૂપક' તથા 'ઉપરૂપક' (પ્રાચીન નાટ્યપ્રકારો)ના વર્ણનમાં દર્શાવેલા છે. જોકે પુરાતન નાટકોના આ નિયમો અત્યારના નાટકો માટે બંધબેસતા થતા નથી, કારણકે જે નાટ્યપ્રકારો માટે આ નિયમો કરવામાં આવેલા તે પ્રકારો હાલમાં પ્રચલિત રહ્યા નથી. વળી અર્વાચીન નાટ્યશૈલી પ્રાચીન નાટ્ય-પ્રણાલિકાથી સદંતર ભિન્ન છે. તેના પ્રકાર તથા વિષયો પણ બદલાયા છે. અત્યારની આપણી સર્જનપ્રવૃત્તિ પશ્ચિમની અસરને કારણે વાસ્તવદર્શી બનેલી હોવાથી આપણાં આધુનિક નાટકો વર્તમાન જીવનની વાસ્તવિક ભૂમિકા પર રચાએલાં છે. આજનાં નાટકોના નાયક ચૂસાતા મધ્યમ વર્ગનો કારકુન કે કચડાતા અજ્ઞાન દલિત વર્ગનો મજદૂર પણ હોઈ શકે છે.

પ્રાચીન નાટકોનો નાયક ઉચ્ચ કોટિનો, સર્વગુણસંપન્ન, સંપૂર્ણ પુરુષ રહેતો, કારણકે તે કાળનાં નાટકો અત્યારનાં નાટકોની જેમ વાસ્તવલક્ષી (Realistie) નહિ પણ આદર્શલક્ષી (Idealistic) વલણવાળાં હતાં. આથી જ પ્રાચીન નાટકો પૌરાણિક કથાઓ ઉપર કે અમુક ઐતિહાસિક ઘટનાઓ ઉપર રચાએલાં હોય છે. આ ઘટનાઓ મોટે ભાગે કોઇ સુપ્રસિદ્ધ, મહાપરાક્રમી, દૈવી કે આદર્શ રાજાના જીવનને લગતી હોય છે. આમ, પ્રાચીન નાટકોનો નાયક મોટે ભાગે રાજા હોવાથી તેનાં સહાયક પાત્રો પણ પ્રધાન વગેરે હોય છે. આ પાત્રો બે વિભાગમાં વહેંચાએલાં છે: નાયકના બાહ્યગણ તથા નાયકના અભ્યંતર ગણ.

બાહ્યગણમાં મંત્રી, સેનાપતિ, ન્યાયાધિકારી, કુમાર વગેરે પુરુષપાત્રોનો સમાવેશ થાય છે.

અભ્યન્તર ગણમાં નીચેનાં સ્ત્રી પાત્રોનો સમાવેશ થાય છે: (૧) મહાદેવી (૨) દેવી (૩) સ્વામિની (૪) સ્થાયિની (૫) ભોગિની (૬) શિલ્પકારિણી (૭) નાટકી (૮) નર્તકી (૯) અનુચારિકા (૧૦) પરિચારિકા (૧૧) સંચારિકા (૧૨) પ્રેક્ષણકારિકા (૧૩) મહત્તરી (૧૪) પ્રતિહારી (૧૫) કુમારી (૧૬) સ્થાવિરા (૧૭) આયુક્તિકા ઈત્યાદિ. આ પાત્રોમાંથી ભોગિની, નાટકી, અનુચારિકા, પ્રેક્ષણકારિકા, પ્રતિહારી, તથા કુમારી આટલાં પાત્રોનાં લક્ષણો નાટ્યશાસ્ત્રમાં આપેલાં નથી, પણ માત્ર નામોલ્લેખ જ કરેલો છે.

પ્રથમ આપણે બાહ્યગણરૂપી પુરુષપાત્રોના લક્ષણો જોઈએ.

રાજા: પ્રાચીન રાજાઓ મનુષ્યની સર્વ પ્રકારની ઉત્તમતાઓના સમન્વય રૂપ હતા. આથી શાસ્ત્રકારોએ તેમનામાં દૈવી અંશોનું નિરુપણ કરેલું છે તથા તેમને નરશ્રેષ્ઠ તરીકે વર્ણવેલા છે. આમ હોવાથી રાજાના પાત્રમાં આટલા ગુણોનું નિરુપણ હોવું જોઇએ: સુશીલ (સારા સ્વભાવ તથા આચરણવાળો), મતિમાન, બલવાન, વિદ્યાવ્યાસંગી, દીર્ઘદર્શી, પ્રતાપી, સત્કર્મી, દયાનિધિ, ઉદાર, લોકપાલ (લોકોનું પાલન કરનાર), કર્મમાર્ગવિશારદ (પોતાનાં કર્તવ્યો બજાવનાર), રક્ષા સમાન્વિત (રાજ્યનું રક્ષણ તથા વર્ધન કરનાર), સ્મૃતિશાસ્ત્રવિદ્ (સ્મૃતિઓ તથા શાસ્ત્રોનો અભ્યાસી), શિલ્પ પ્રવર્તક (વિવિધ કળાકારીગરીને પ્રોત્સાહન દ્વારા પ્રવર્તાવનાર), નીતિશાસ્ત્રકુશળ, તથા અવ્યસની.

મંત્રી (પ્રધાન): વ્યવહારદક્ષ, બુદ્ધિમાન, દક્ષિણ, પ્રિયંવદ, કાર્ય–અકાર્યને જાણનાર, અર્થશાસ્ત્રનિપુણ, ધાર્મિક વગેરે.

સેનાપતિ: વિક્રાન્ત (પરાક્રમી), શૂર, ઉત્સાહી, સત્યપ્રિય, શત્રુનાં છિદ્રો તથા ચડાઇ યોગ્ય સમયને જાણનાર, વગેરે.

ન્યાયાધિકારી: તત્ત્વજ્ઞ, ધીમાન, મધ્યસ્થ, બહુશ્રુત, ધર્મયુક્ત, શાંત, દાન્ત, જિતક્રોધ (જેણે ક્રોધને જીત્યો છે તેવો અક્રોધી), સમદષ્ટિ ઈત્યાદિ.

કુમાર: સૌમ્ય, સ્નિગ્ધ, ક્ષાન્ત, વિનીત (વિવેકી), નિપુણ, (હોશિયાર) તથા વિવિધ વિદ્યાઓ તેમજ શાસ્ત્રોમાં વિચક્ષણ.

હવે અભ્યંતરગણરૂપ નાયકના અંતર્ગત જીવનમાં વણાએલાં સ્ત્રીપાત્રોનાં લક્ષણો જોઇએ.

મહાદેવી: સગુણા, મુક્તઇર્ષ્યા (ઇર્ષ્યારહિત), નૃપશીલજ્ઞા (રાજાના સ્વભાવને જાણનારી), સુખદુઃખસમા (સુખ તથા દુઃખને સરખીરીતે સહન કરનારી), મંગલૈષિણી (સ્વામીનું મંગળ ઇચ્છનારી), શાન્તા, ધીરા તથા પતિવ્રતા.

દેવી: ઉપરના ગુણથી જ અલંકૃત, પરંતુ પોતાનાં વય, રૂપ તથા ગુણોના ખ્યાલથી ઉન્મત્ત, વળી ગર્વિતા, રતિક્રીડા માટે તત્પર, સહપત્ની પ્રત્યે ઈર્ષ્યાવાળી વગેરે લક્ષણોવાળી.

સ્વામિની: નૃપવલ્લભા (રાજાની પ્રિયતમા કે પ્રીતિપાત્ર સ્ત્રી) અથવા સ્વામીથી સત્કારાએલી (બહુમાન પામેલી) સ્ત્રીને સ્વામિની કહે છે. તે રૂપ, ગુણ તથા શીલસંપન્ન હોય છે. સેનાપતિ કે અમાત્ય (મંત્રી)ની કન્યાને પણ સ્વામિની કહે છે.

સ્થાયિની: રૂપયૌવન-યુક્તા, કામકુશલા (રતિક્રિયામાં કુશળ), સહપત્ની પ્રત્યે અસૂયા (ઈર્ષ્યા)વાળી, ગંધપુષ્પાદિ આભૂષિતા (સુંગધિત પદાર્થો તથા પુષ્પ વગેરેથી સુશોભિત), નિદ્રાપ્રમાદ-આલસ્ય-રહિતા, મધુર, અનુકૂલ (પતિની ઇચ્છાને અનુસરનારી), માન્ય-અમાન્યને જાણનારી.

ભોગિની: સુશીલા, કોમલા, મધ્યસ્થા, શાન્તા, અનુદ્ધતા.

નાટકી (વિવિધ વેશો ભજવનારી): અભિનયકુશલા, રૂપયૌવનસંપન્ના, રસભાવપ્રવીણા, નાના-શિલ્પ-પ્રયોગજ્ઞા (વિવિધ કળાપ્રયોગો જાણનારી), સ્ત્રીભાવ-વિશેષજ્ઞા (હાવ, ભાવ, હેલા વગેરે સ્ત્રી-ભાવોમાં તેમજ વાદ્યવાદન તથા શ્રવણમાં કુશળ).

નર્તકી: નૃત્ય-ગીતકુશલા,સ્વર-તાલ-લય-અતિજ્ઞા,(સૂક્ષ્મ જાણકાર), વાદ્યકુશલા, જિતશ્રમા (શ્રમરહિત), મધુરા, સ્નિગ્ધા, વિકલા, ચિત્રકર્મ-કુશલા, રૂપ-યૌવન-કાન્તિ-શ્રેષ્ઠા, આલસ્યત્યકતા (આળસ વગરની) ને ચોસઠ કળાઓમાં પ્રવીણ. નાટ્યશાસ્ત્ર મુજબ નાટકી તથા નર્તકી બંને એક જ પાત્રો જણાય છે.

અનુચારિકા:સર્વ અવસ્થાઓમાં રાજાનીસાથે રહેનારી દાસી.

પરિચારિકા: નાયક કે નાયિકાની શૃંગારસંયોજિની કે તેમની સેવાશુશ્રૂષા કરનારને પરિચારિકા કહે છે. તેને નીચેનાં કાર્યયુક્ત જણાવી છે: રસવ્યંજનકારિણી—રસયુક્ત પદાર્થો યોજનારી તથા ધારણ કરાવનારી જેમકે: અલંકારિણી (અલંકારાદિ ધારણ કરાવનાર), માલાસંયોજિની (પુષ્પ વગેરેનું સંયોજન કરનાર તથા પહેરાવનાર), ગંધયોક્ત્રી (અત્તર વગેરે પદાર્થો યોજનાર), ગંધોપચારિણી (અંબર, કસ્તૂરી, કેસર, ચંદન વગેરે સુગંધિત પદાર્થોનો લેપ કરનાર–ચોળનાર) સંવાહની (વસ્તુ કે પદાર્થ વહન કરનાર—લઇ જનાર-લાવનાર), છત્રધારિણી (છત્ર ધારણ કરનાર), તથા સ્નાન કરાવનાર, શય્યા બિછાવનાર, ચંપી કરનાર, વાયુ ઢોળનાર વગેરે.

સંચારિણી: વિવિધ કક્ષા(આવાસો)માં ફરનારી, ઉપવન-સંચારમાં સાથે જનારી, દેવસ્થાનમાં તેમજ વિવિધ ક્રીડાઓ તથા મહેલમાં સાથે રહેનારી, તથા પ્રહર-પ્રહરની ચોકીમાં જેની યોજના થતી હોય તે.

પ્રેક્ષકારિકા: રતિ સંબંધી અતિ ગુપ્ત કાર્યોમાં અન્વેષણ (તપાસ) અર્થે જેની યોજના થતી હોય તે.

મહત્તરી: અંત:પુરની રક્ષા માટે યોજાયેલી સ્ત્રી.

પ્રતિહારી: સંધિ, વિગ્રહ વગેરે રાજદ્વારી ખબરો આપનારી તથા તેથી ઉત્પન્ન થએલી પરિસ્થિતિનું નિવેદન કરનારી.

કુમારી: રતિસંભોગ પ્રાપ્ત ન થયો હોય તેવી સ્ત્રી, (રાજાની પુત્રી), લજ્જાયુક્ત, વિનયશીલ તથા સ્થિર સ્વભાવની કન્યકા.


સ્થવિરા (વૃદ્ધા): પરાપૂર્વના રીતરિવાજો તથા નીતિનિયમો જાણનારી, પૂર્વના રાજાઓથી સન્માનાએલી તથા તેમનાં ચરિત્રો જાણનારી અનુભવી વૃદ્ધ સ્ત્રી.

આયુક્તિકા: ભાંડાગાર તથા શસ્ત્રાગારની અધિકૃતા (ઉપરી), વિવિધ આયુધો, ધાન્યો, ફળો, ઔષધિઓ તેમજ વિવિધ મૂળો વગેરે જેના કબજામાં હોય તે. વિવિધ ગંધ, પુષ્પ, વસ્ત્ર વગેરેની વ્યવસ્થા પણ તેને જ હસ્તક હોય છે. (ચાલુ)

(ચાલુ)

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

પહેલું ઈનામ: 'શ્રમજીવીની સવાર'—વજુભાઇ પટેલ (નાઇરોબી); બીજું ઈનામ: 'મધરાતે મરીન-ડ્રાઈવ'—જિતેન્દ્ર કોઠારી (મુંબાઇ); નોંધપાત્ર :(૧) 'સરિતાનું સૌન્દર્ય' વજુભાઈ પટેલ, નાઇરોબી; (૨) 'સૂની વાટ'–દીનબંધુ, કઠલાલ; (૩) 'એ શું હશે ?' –વિક્રમ દલાલ, અમદાવાદ.



આ વખતે સારી સંખ્યામાં મળેલાં ચિત્રોમાં ઊંચો ચિત્રગુણ ધરાવતી સંખ્યા પણ ઠીકઠીક છે. પહેલું ઇનામ મેળવનાર ભાઈ વજુભાઈ પટેલનું 'શ્રમજીવીની સવાર' સમુદ્રકિનારાના શ્રમજીવીઓના રોજિંદા જીવનવ્યાપારની તૈયારી દર્શાવવા સાથે વાતાવરણની અસર ઉપજાવતું ચિત્ર છે. સવારના કાર્યની શરૂઆત કરતા માછીમારો, કોઈ પરસ્પર વાતો કરતા તો કોઇ પોતાનું કામ સંભાળતા જે અવ્યવસ્થિતરીતે, નાનાનાના મછવાઓની એવી જ અવ્યવસ્થિત હારમાં ગોઠવાએલા છે, તેમાંથી સપ્રમાણ સંયોજનનું એક કાવ્ય રચાઇ આવ્યું છે; અને તેમાં જળની લહરીઓ તથા છાયાપ્રકાશના પટ તાલબદ્ધતા ઉમેરે છે. એના સંયોજનની સંવાદિતા દર્શાવવા માટે આ સાથે એ જ ચિત્રના આલેખન ઉપર તેની રહસ્યરેખા (line of interest) આંકી બતાવી છે. (મૂળ ચિત્ર જુઓ આ અંકની આર્ટપ્લેટ ઉપર.) ચિત્રવિસ્તાર પર ત્રાંસી કર્ણરેખાએ એ વિસ્તરે છે, અને ઉપરની હોડીમાં ડાબી તરફ ઊભેલા માણસથી શરુ થઇને, નીચલી હોડીના વાંસના છેડા સુધીમાં 'ક'ના અંક જેવી આકૃતિ રચે છે. એમાં જળની લહેરો તથા ઊભા ભાંગેલા પડછાયા પૂરક બને છે. ઍંગલ, એક્સપોઝર ને ટેકનીક, એ ત્રણે રીતે પણ ચિત્ર પ્રશંસાપાત્ર છે.

'મધરાતે મરીન-ડ્રાઈવ'માં વીજળીના પ્રકાશથી ઝળહળી ઊઠેલા મુંબાઈના મરીન-ડ્રાઈવના કિનારામાર્ગનું રાત્રિદૃશ્ય વિચારપૂર્વક લીધું છે. (જુઓ આર્ટપ્લેટ તથા બાજુએ.) પ્રકાશરેખાથી રચાતા અર્ધવર્તુલનો દૂરનો છેડો ટમટમતા દીવાઓ દ્વારા ઊપલા જમણા ખૂણે વિરામ પામે છે, એ વચ્ચે તૂટક ન હોત તો ચિત્ર સંપૂર્ણ બનત.

ભાઈ વજુભાઈ પટેલના 'સરિતાનું સૌન્દર્ય' ચિત્રમાં સૂર્યપ્રકાશમાં હીલોળા લેતા પાણીના વહેણમાં રહેલા વેગને યોગ્ય કોણથી ઉતારવાનો યત્ન આવકારપાત્ર છે, પણ સંયોજન જોરદાર નથી. ઉપરનો કાળો ભાગ અડચણરૂપ જણાય છે.

ભાઈ દીનબંધુનું 'સૂની વાટ' નામ ચિત્રને યોગ્ય છે. વેરાન રસ્તા પરથી પસાર થતી અટૂલી બાઈના પાત્રને પાછળનું ઝાડ અને દૂર દેખાતું મકાન સૂની વાટમાં જાણે કંઈક આશ્વાસન સમાં છે. આકાશનો ભાગ નિર્જનતામાં ઉમેરો તો કરે છે, પણ સાથે દૃષ્ટિભંગ પણ કરે છે.

ભાઈ વિક્રમ દલાલે 'એ શું હશે ?' ચિત્રમાં બારીમાંથી બહાર અચરજ ભાવે જોઈ રહેલી બાળકીની મુદ્રા સફળતાથી ઉતારી છે. (જુઓ આર્ટપ્લેટ) તેમાં મોં પાસેની ઊભી પ્રકાશરેખા નડતરરૂપ છે. અક્કડ લાગતું બાળક જરા નીચું વળીને જોતું હોત તો વધુ કુદરતી બનત. બાળકીના માથાના વાળ, પાછળની છાયામાં મળી જાય છે તેને બહાર લાવવાથી ચિત્ર જોરદાર બનશે. **શ્રીદામ ભટ્ટ**

Our Friends Abroad

[જગતસંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ]

આ પત્રો મેળવનાર: શ્રી કૃષ્ણવદન જેતલી, આનંદ નગર, એલિસ બ્રિજ, અમદાવાદ.

દૂર દરિયા પારના ડેન્માર્ક જેવા નાના દેશમાં રહ્યારહ્યા પણ
એક માણસ હિંદ વિષે કેવો સહાનુભૂતિપૂર્ણ ને અવલોકનયુક્ત અભ્યાસ ધરાવે છે તે દર્શાવતા
ડેન્માર્કના એક વિદ્વાન અધ્યાપકના આ પત્રો જેવી સવિશેષ ગુણવત્તા ધરાવતા પત્રો મોકલવાનું પત્રમિત્ર વાચકોને આમંત્રણ છે.

Erik Rasmussen
Hojstrupvej 30 A, Copenhagen, Vanl. (Denmark)
૧૫મી ફેબ્રુઆરી, ૧૯૪૮

પ્રિય મિ. કૃષ્ણવદન જેતલી,

મારા અંગત મિત્રો મિ. હેલ્વેગ પીટરસન અને મિસ ઍમી લોલ્ક દ્વારા મને તમારો ૯મી ડિસેમ્બરનો પત્ર મળ્યો; અને હિંદી મિત્રો સાથે સંપર્ક સાધવાને હું ઘણો આતુર હોવાથી આ લખવા માટે મને ક્ષમા કરશો એવી આશા રાખું છું. એનું કારણ તો તમે આખો પત્ર વાંચ્યા બાદ સમજશો. મને આશા છે કે, તમને જેમાં રસ છે તે સ્કૅન્ડિનેવિયન સાહિત્ય ને એવા બીજા અનુષંગી વિષયો પર માહિતી આપીને હું તમને કાંઈક ઉપયોગી થઈ શકીશ.

આ પત્ર હું તમને ૩૦મી જાન્યુઆરીએ લખવાનો હતો, પણ મિ. ગાંધીના અવસાનના સમાચારથી તેમાં વિક્ષેપ પડ્યો. બીજી વધુ યોગ્ય વ્યક્તિના અભાવે ડૅનિશ રેડિયોએ મને મિ. ગાંધીના સ્મરણમાં વાર્તાલાપ આપવાનું કહ્યું. મને લાગે છે કે એ મહાત્માના આ ધિક્કારપાત્ર ખૂનથી તમારી આખી પ્રજાને ભયંકર ખોટ ગઈ છે, —ખાસ કરીને તો કોમવાદ આવો ગંભીર બન્યો છે એવે સમયે.

આગળ વધતાં પહેલાં હું મારે વિષે તમને કાંઈક કહું તો ઠીક. હું ૩૦ વર્ષનો છું (જન્મ કોપનહાગનમાં ૧૯૧૭ના એપ્રિલમાં), પરણેલો છું, અને ૪ વર્ષની તથા ૧ માસની વય વચ્ચેનાં ત્રણ બાળકો છે. કોપનહાગનના વાનલોઝ નામે પરામાં અમારે નાનુંસરખું ઘર છે. ૧૯૪૨ના જાન્યુઆરીમાં મેં મારી યુનિવર્સિટીની ડિગ્રી લીધી, જે ઇંગ્લિશ યુનિવર્સિટીની લગભગ એમ. એ. ની બરોબરીની છે. મારો મુખ્ય વિષય ઇતિહાસ અને બીજો વિષય જર્મન તથા ડૅનિશ ભાષા ને સાહિત્ય હતા. હું એક માધ્યમિક શાળામાં શિક્ષક છું, પણ એ ઉપરાંત સાહિત્યિક કાર્ય કરું છું.

૧૯૪૨ના માર્ચમાં જ્યારે સર સ્ટૅફર્ડ ક્રિપ્સ ન્યૂદિલ્હી ગયા અને હિંદ હવે કયો માર્ગ પસંદ કરે છે તે જોવા આખી દુનિયા તેના તરફ મીટ માંડી રહી હતી તે વખતે, ઇંગ્લંડના રૉયલ ઇન્સ્ટીટ્યૂટ ઑફ ઇન્ટરનૅશનલ અફૅર્સના જેવી પણ તેનાથી ઘણી નાની, અમારી 'ઇન્સ્ટીટ્યૂટ ઑવ હિસ્ટરી ઍન્ડ ઈકનૉમિક્સ' નામની ડૅનિશ રાષ્ટ્રીય સંસ્થાએ મને આધુનિક હિંદી ઇતિહાસ તથા 'ક્રિપ્સ મિશન' ની પશ્ચાદ્ભૂમિકા વિષે એક નાનું પુસ્તક લખવાનું સોંપ્યું હતું. મેં એ કામ માથે લીધેલું, અને ત્યારથી મને તમારા દેશમાં ખાસ રસ જાગ્યો છે. થોડાં જ અઠવાડિયાંમાં મારું એક નવું પુસ્તક બહાર પડવાનું છે, જેમાં મેં ૧૫મી ઑગસ્ટના હિંદી સ્વાતંત્ર્યદિનની પશ્ચાદ્ભૂમિકા સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

હિંદ આવીને નજરોનજર વસ્તુસ્થિતિનો અભ્યાસ કરવાનું તો બહુ ખર્ચાળ હોવાથી તમારી સાથે સંપર્ક સાધવાનો મને બહુ ઉમંગ છે. હું બહુ જ ઓછા હિંદીઓના અંગત સંપર્કમાં આવ્યો હોવાથી મારું જ્ઞાન વધારવાને ઘણો આતુર છું. હિંદના મહાપ્રશ્નો (દાખલા તરીકે કાશ્મીર) વિષે તમારાં મંતવ્યો જાણીશ તો મને ઘણો આનંદ થશે. મુદ્દાઓ તો હું ઘણાખરા જાણતો હોઉં છું પણ તેના ખરા 'રંગ' (એ શબ્દથી હું શું કહેવા માગું છું ને સમજો તો)ની ઊણપ મને સાલે છે. મિ. નેહરુ વિષે તમારો અભિપ્રાય જાણવા પણ હું ચાહું છું. મેં તેની આત્મકથા અને બીજાં ઘણાં પુસ્તકો વાંચ્યાં છે અને એણે મને ભારે મુગ્ધ કર્યો છે. આમ યુરોપિયનોને માટે મહાત્માજી કરતાં એ વધુ સહેલાઇથી સમજી શકાય એવા પ્રકારના માણસ છે. તમારો પત્ર મેળવવાની રાહ જોઉં છું અને આશા રાખું છું કે હું પણ તમને કાંઇક ખપનો થઈ શકીશ. સહૃદય તમારો, એરિક રાસ્મુસ્સેન.

૨૭-૪-૧૯૪૮

પ્રિય કૃષ્ણવદન જેતલી,

હજી સુધી ૨૭-૨ના તમારા પત્રનો ઉત્તર ન આપવા માટે ક્ષમા કરશો. હું બહુ જ કામમાં હતો. તમે જાણો છો તેમ હું માધ્યમિક શાળામાં શિક્ષક હોવાથી અઠવાડિયે ૩૦ પાઠ મારે લેવાના હોય છે. હિંદ કરતાં અહીં કદાચ શિક્ષકની સ્થિતિ જરા સારી હશે, પણ તે સંતોષકારક તો નથી જ. શાળામાંથી હું વર્ષના ૯૦૦૦ ક્રોનર, એટલે કે આશરે ૪૫૦ પાઉન્ડ (લગભગ ૬૦૦૦ રૂપિયા) કમાઉં છું. આ રકમ તમને વધુ જણાય તો તમારે એ ખ્યાલમાં રાખવાનું કે અહીં અમારા જેવી ઠંડી આબોહવામાં ઘરભાડું, બળતણ અને કપડાંનો ખર્ચ ઘણો ભારે હોય છે. આ શિયાળે, દાખલા તરીકે, અમારે ૧૦૦૦ ક્રોનર તો બળતણ માટે ખર્ચવા પડ્યા, અને તોય આ શિયાળો તો જરા નરમ હતો. ગમે તેમ, પણ શાળાની મારી કમાણી મારા કુટુંબના નિભાવ પૂરતી ન હોવાથી મારે બીજું કામ કરવું પડે છે. ઐતિહાસિક લેખો અને પુસ્તકો ઉપરાંત હું છાપાંઓ માટે લેખો લખું છું, જેમાં ઠીક વળતર મળે છે. વળી 'ઈન્સ્ટીટ્યૂટ ઑવ ઇકનૉમિક્સ ઍન્ડ મૉડર્ન



આ પત્રોના લેખક રાસ્મુસ્સેન: પોતાની પત્ની તથા પુત્રી સાથે

હિસ્ટરી'ની સંસ્થા માટે થોડું સંશોધન પણ કરું છું. એ કામ અત્યંત રસભર્યું હોવાથી મને મારો બધો જ બચતનો વખત તેમાં જ વાપરવાનું મન થાય છે.

તમે મોકલેલા પત્રો માટે ઘણો જ આભારી છું. ત્યાંનું સજીવ ચિત્ર પામવાના મારા પ્રયત્નોમાં તે મને બહુ કિંમતી છે. એ પૈકી એકનો ઉપયોગ મેં 'હિંદના સમાજવાદીઓ' વિષે એક લેખ લખવામાં કર્યો અને વર્તમાનપત્રોમાં જ્યારે કાશ્મીરનો પ્રશ્ન ઉપસ્થિત થશે ત્યારે એક લેખ તેના પર પણ લખીશ. હું સમજું છું કે આ કેસમાં યુનોએ તમારું મતસમાંતરપણું સાધ્યું નહિ હોવાથી તમે હિંદીઓ કટુ બન્યા છો. આ દેશના ઘણાખરા માણસો તો એ આખા પ્રશ્ન વિષે કશું જ જાણતા નથી, અને જેઓ જાણે છે તે પણ કાશ્મીરની ૮૦થી૯૦ ટકા વસતિ મુસ્લિમ હોવાને વધુ અગત્ય આપે છે. હું બરાબર જાણું છું કે આનો શો ઉત્તર તમે દેવાના, અને હું જે બધું વિચારી શક્યો છું તે પછી મને લાગે છે કે તમે સાચા છો, પણ આ તો એક ખુલાસા રૂપે.

તમે મારો તથા મારા કુટુંબનો ફોટો માગ્યો છે. હાલ બહુ સારો તો મારી કને નથી, પણ હું તથા મારી પત્ની મારી મોટી પુત્રીને રમાડીએ છીએ એવો થોડાં વરસ પહેલાંનો એક આ સાથે બીડું છું.

ડેન્માર્ક વિષે કાંઈક જણાવવા તમે લખ્યું છે. આર્થિક દૃષ્ટિએ તો ખેતી અહીં પ્રધાન છે. અમે માખણ, ચીઝ, ઈંડાં, બેકન અને એવી બીજી પ્રાણિજ પેદાશો નિકાસ કરીએ છીએ. અમારી ઘણીખરી નિકાસ ગ્રેઈટ બ્રિટન જાય છે, જોકે યુદ્ધ પહેલાં જેટલી તો હવે નહિ જ, કેમકે એટલું ખરીદવાની તેમનામાં હવે શક્તિ નથી. અમારું ઉત્પાદન પણ અગાઉ કરતાં ઘણું ઘટ્યું છે, કેમકે દરિયાપારના દેશોમાંથી અમને પૂરતી અન્નસામગ્રી મળતી નથી. એકંદરે અમે ઘણા ગરીબ બની ગયા છીએ—થોડેઅંશે જર્મન કબજાગીરીને લીધે, જેમાં ડેન્માર્કને ૫૦ કરોડ પૌંડ ખોવા પડ્યા, જે ૪૦ લાખની વસતિ માટે ઘણું ભારે કહેવાય. યુદ્ધ પહેલાં ડૅનિશ ખેતી જગતભરની શ્રેષ્ઠ ખેતી પૈકી ગણાતી,—કંઇક અંશે નાના ખેડૂતોની સહકારી પ્રવૃત્તિને લીધે (ખેતરનું સરેરાશ કદ ૪૦ એકર; ને જમીન ઘણીખરી હિંદના શ્રેષ્ઠ ભાગ જેવી ફળદ્રુપ નહિ). પણ હવે અમને વધુ મશીનરી જોઇએ છે.

વસતિનો ૩૦ ટકા ખેતીમાંથી રોજી રળે છે; બીજો ૩૦ ટકા ઉદ્યોગમાંથી. પણ અમારા ઉદ્યોગો પરદેશ કરતાં સ્વદેશનાં બજારો માટે જ માલ પેદા કરતા હોવાથી કાચા માલની ઘણી આયાત કરવી પડે છે. કોલસો કે તેલ અહીં નીકળતાં નથી.

હિંદ સાથે સરખાવતાં અહીંનાં જન્મ તથા મરણ બંનેનાં પ્રમાણ નીચાં છે—અનુક્રમે ૨૦ અને ૧૦ ટકા. ઓછું મરણપ્રમાણ અહીંની સુંદર વૈદકીય વ્યવસ્થા અને સામાજિક વીમા-પદ્ધતિને આભારી છે અને ઓછું જન્મપ્રમાણ સંતતિ નિયમનને. હમણાં વસતિ-વધારાની જરૂર હોવાથી થોડા સમયથી જન્મપ્રમાણ વધ્યું છે. તમારા પત્રની આશા રાખું છું. સહૃદય તમારો, એરિક રાસ્મુસ્સેન

૫–૭–૧૯૪૮

પ્રિય કૃષ્ણવદન,

ગઈ કાલે મળેલા તમારા પત્ર માટે ઘણો આભાર. મને તેની ઈંતેજારી હતી, તેથી તે મળવાથી ઘણો આનંદ થયો. એમ ન માનશો કે પત્રવ્યવહાર કરવો મને ગમતો નથી; પણ જો હું ન લખી શકું તો વાંક મારા સમયના અભાવનો છે. આ હું તરત લખી શકું છું કારણ કે હું હમણાં રજાઓ ગાળવા નીકળ્યો છું. અહીં જો કાંઈ કામ કરવાનું હોય છે તોપણ તે મુલતવી રાખી શકાય તેવું હોય છે. જુલાઇ આખો ને ઑગસ્ટનો શરૂનો ભાગ હું ને મારું કુટુંબ અહીં ટાસિન્જ નામના નાનકડા ટાપુમાં રહેવાનાં છીએ. નકશામાં ફુનેનની દક્ષિણે એ જણાશે. મારાં સાસુ-સસરા અહીં એક ફળવાડી ચલાવે છે, જેમાં સફરજન, પેર, ચેરી વગેરે થાય છે. ડેન્માર્કનું આ એક સુંદરતમ સ્થળ હોવાથી રજાઓ ગાળવા માટે બહુ મનોહર જગ્યા છે.

મારી પત્નીનું નામ એલેન છે, જેનો ઉચ્ચાર અંગ્રેજી નામની પેઠે જ થાય છે. તમારા નામનો ઉચ્ચાર કઈ રીતે થાય છે? અને તમારી અટકનો ઉચ્ચાર અંગ્રેજીની જેમ જ છે? ખાસ કરીને ભાર (પ્રયત્ન) ક્યાં મુકાય છે તે કલ્પવું મુશ્કેલ હોય છે. હું હમેશાં 'પ્રસાદ' ઉચ્ચાર જ કરતો હતો, પણ હમણાં જ ખબર પડી કે તે પ્રસ'દ એમ બોલાય છે. તમે જાણો છો ને, કે ડૅનિશમાં Johann V. Jensen માંના jનો ઉચ્ચાર અંગ્રેજી j જેવો નહિ પણ અંગ્રેજીના y જેવો થાય છે: યોહાન યેન્સેન.

તમે મોકલેલી પુસ્તિકાઓ મળે તેની હું રાહ જોઉં છું. હું મારા બુકસેલરને લખું છું; એ તમને એલ્સીનોરની આંતરરાષ્ટ્રીય લોકશાળાના નેતા પીટર મૅનિકનું એક પુસ્તક મોકલશે : 'ડેન્માર્ક–એક સામાજિક પ્રયોગશાળા'. એમાં લેખક અમારી લોકશાળાઓ, સહકારી પ્રવૃત્તિઓ અને એવી બીજી રસદાયક વસ્તુઓનું જીવંત ચિત્ર આપે છે. હું જાણું છું કે પરદેશીઓ, ખાસ કરીને દરિયાપારના દેશોના લોકોને અમારા મુલકમાં રસ જાગતાં આ જ વસ્તુઓ વિષે તેઓ જાણવા ચાહે છે. અમારા વિદ્વજ્જનોના ફોટોગ્રાફોની બાબતમાં તો, હું અહીં ટાસિન્જમાં છું ત્યાં સુધી મેળવવા મુશ્કેલ છે, પણ કોપનહાગન જઈને હું ચોક્કસ થોડાક મેળવીશ. ઇબ્સન તમને ગમે છે જાણીને આનંદ થયો. મારે મન તો એનું ઘણું મૂલ્ય છે. કદાચ એ યુરોપનો ૧૯મી સદીનો શ્રેષ્ઠ નાટ્યકાર હતો. તમે એ તો કદાચ જાણતા હશો કે નૉર્વેજિયન અને ડૅનિશ ભાષાઓ નજીકની સંબંધી જેવી છે. અમે તેમનાં મૂળ પુસ્તકો કશી મુશ્કેલી વિના વાંચી શકીએ છીએ. ઈ. ૧૮૧૪ સુધી લગભગ ૪૦૦ વર્ષ લગી ડેન્માર્ક અને નૉર્વે જોડાએલાં જ હતાં. નેપોલિયની વિગ્રહો દરમ્યાન ૧૮૦૭માં અંગ્રેજોએ કોપનહાગન પર તોપમારો કરવાને કારણે ડેન્માર્ક ફ્રાન્સને પક્ષે ભળવાથી સ્વીડને એ સાલમાં નૉર્વે જીતી લીધું. ૧૮મી સદીમાં તો ડેન્માર્ક આર્થિક અને સાંસ્કારિક પ્રગતિમાં નૉર્વે કરતાં ઘણું આગળ હોવાથી નૉર્વેજિયન ભાષા ઉપર ડૅનિશની ઘણી અસર થએલી છે,—ખાસ કરીને શહેરોમાં બોલાતી ભાષા અને સર્વસામાન્ય લખાતી ભાષા પર. છેક ઇબ્સન ને બ્યૉર્નસનના કાળ સુધી એમ રહ્યું. પણ હવે નૉર્વેજિયનોએ, રાષ્ટ્રીય કારણોને લીધે, પશ્ચિમ નૉર્વેની લોકબોલીઓના પાયા ઉપર એક નવી જ લેખભાષાનું નિર્માણ કર્યું હોવાથી વસ્તુસ્થિતિ ફરી ગઇ છે, ને સામાન્ય ડેનને માટે એ ભાષા સમજવી અશક્ય છે. જોકે એની પાછળનો ભાવ તો સમજી શકાય, પણ એથી મુશ્કેલી ઓછી નથી થતી.

નૉર્વે અને ડેન્માર્ક સંયુક્ત હતાં તે દરમ્યાન ઘણા નૉર્વેજિયનો કોપનહાગનમાં આવી વસ્યા. દાખલા તરીકે અહીં જ એકમાત્ર યુનિવર્સિટી હતી ને આજ તેમાંના કેટલાકની તો મહાન ડૅનિશ કવિઓમાં ગણના થાય છે. દાખલા તરીકે મહાન સ્કૅન્ડીનેવિયન નાટ્યલેખક લડવિગ હૉલ્બર્ગ (૧૭૫૪) ને બીજો યોહાન હર્માન વેસ્સેલ, જેનું નામ તો ભાગ્યે જ અમારા દેશોની બહાર જાણીતું છે; પણ એણે સુંદર કૃતિઓ આપી છે. ખરેખરો જગવિખ્યાત કહીએ તેવો ડૅનિશ કવિ તો એક હાન્સ ઍન્ડરસન : જેની પરી-કથાઓ, કહેવાય છે કે, દુનિયાની પચાસેક ભાષાઓમાં અનુવાદિત થઈ છે; કદાચ ગુજરાતીમાં પણ થઇ હોય. યોહાનિસ વિ. યેનસેન (જેમાં તમને ખાસ રસ હોય

એમ જણાય છે) ના વિચારો વિષે તમે શું ધારો છો તે જાણવા મને ગમે છે. આ સદીની શરૂમાં ગોરી પ્રજાઓની મહત્તા તથા બીજી પ્રજા ઉપરની તેમની સરસાઈના ખ્યાલથી તે બહુ પ્રભાવિત થએલા (ખાસ કરીને એમના 'ધ વ્હીલ' અને 'ધ લૉંગ જર્ની' માં). ખરું જોતાં તે રડયાર્ડ કિપ્લિંગનો ડૅનિશ નમૂનો ગણી શકાય. કિપ્લિંગ તો, હું માનું છું કે, તમને નહિ ગમતો હોય; જોકે કવિ તરીકે હું તેને મહાન લેખું છું, અને હિંદ વિષેનો મારો રસ તેની નવલકથા 'કિમ' વાંચીને જાગૃત થએલો. પણ ડેન્માર્ક નાનો ને નબળો દેશ હોઈને યેનસેન કિપ્લિંગ ને બીજા 'જિંગોઈસ્ટો'ના કરતાં વધુ વિસ્તાર પામી શક્યો ને આખી દુનિયાના લોકોના રસનો વિષય બન્યો. એની માનવતા ને લોકશાહી-પ્રેમ એટલાં વિશાળ છે કે નાઝીઓના જાતિ-અભિમાનના સાંકડા સિદ્ધાંતને તે અનુમોદે એમ નથી. એણે એ બાબતમાં પોતાનો અણગમો જ્યારે દાખવેલો ત્યારે જર્મનો નિરાશ થઇ ગએલા.

રાજગોપાલાચારી વિષે તમે મને લખ્યું એનાથી વધુ તો હું બહુ જ ઓછું જાણતો હોઈશ: એટલે એમના વિષે વિસ્તૃત માહિતી આપશો તો આભારી થઈશ: દાખલા તરીકે ૧૯૪૨માં એમની પ્રવૃત્તિ શી હતી? મારા મન પર એવી છાપ છે કે, એ જોકે બીજી બધી રીતે ગાંધીજીના અનુયાયી હોવા છતાં 'હિંદ છોડો' નીતિના વિરુદ્ધ હતા, અને મહાયુદ્ધ પછી તે ફરી પાછા કૉંગ્રેસમાં પોતાની બધી વગ સ્થાપિત કરી શકયા એ જોઈને મને આશ્ચર્ય થએલું. જોકે મેં જોયું કે એમના પોતાના જ પ્રાંત મદ્રાસમાં એમને થોડા વિરોધનો સામનો કરવો પડેલો, કે હું ખોટો છું?

થોડાં અઠવાડિયાં પર એક સભામાં મિ. હૉરેસ ઍલેકઝાન્ડર હિંદની તાજી પરિસ્થિતિ પર બોલેલા તેમાં હું હતો. તમે તો કદાચ એમનું નામ જાણતા હશો. એ બ્રિટિશ કવેકર (ધ ફ્રેન્ડ્ઝ સોસાઍટીના) છે, અને ગાંધીજીના અનેક મિત્રો પૈકી એક છે. હિંદ ઉપરનું એમનું એક પુસ્તક પણ મેં વાંચ્યું છે: એ ખરેખર વાંચવાલાયક છે, કેમકે લેખક પોતે બ્રિટિશર હોવા છતાં વિચારોમાં બ્રિટિશતરફી નથી. અને ગાંધીજીના મોટા પ્રશંસક હોવા છતાં મહાત્માજીના બીજા પ્રશંસકોની જેમ પોતાની તુલનાબુદ્ધિ એમણે ગુમાવી નથી. ૧૫મી ઑગસ્ટ પહેલાં પૂર્વ બંગાળ અને કલકત્તામાંના ગાંધીજીના કાર્ય વિષે એમણે ઘણી રસદાયક વાતો કહી. કોપનહાગનમાં રહેતાં મિ. અને મિસિસ મુખરજી નામનાં કોઇ દંપતી પણ એ સભામાં હાજર હતાં અને તેમણે સ્વતંત્ર્યદિને પોતે દિલ્હીમાં હતાં તેની વાતો પણ કરી. મિ. ઍલેકઝાન્ડર પાસેથી મને જાણવા મળ્યું કે લંડનની ઇન્ડિયા ઑફિસમાંથી 'ઇન્ડિયન ન્યુસ' નામનું એક અઠવાડિક પ્રકટ થાય છે, એટલે મેં ઈંડિયા ઑફિસને પુછાવ્યું કે હું તેનું લવાજમ ભરી શકું કે કેમ; અને આજે જ મને પ્રોત્સાહક ઉત્તર મળ્યો છે કે તેઓ કાંઇ પણ લીધા વિના મને એ સાપ્તાહિક ભેટ મોકલશે. એથી મને ઘણો આનંદ થયો, કેમકે હવે હિંદમાંના બનાવો વિષે હું વધુ સારી માહિતી મેળવી શકીશ, જે બીજી કોઈ રીતે શકય નથી.

તમારા નવા કામ વિષે જાણી મને ઘણો રસ પડયો. એનો અર્થ એમ કે તમે શાળા ભણાવવી છોડી? ભલે એ નવું કામ કોઈવાર કંટાળાજનક લાગે, પણ આવા અગત્યના કામમાં ફાળો આપવાનો મળ્યો એ બહુ ઉત્તેજક ગણાય. તમારો સંશય હું બરોબર સમજી શકું છું કે જ્યાં અભણપણું આટલી ભયંકરરીતે વ્યાપક હોય ત્યાં લોકશાહી કઇ રીતે ચાલી શકે? ખરું જોતાં તો, જેમાં પ્રજા પોતે પોતાના પ્રશ્નો વિષે વિચારપૂર્વક અંગત અભિપ્રાય બાંધીને મત આપી પોતાના પ્રશ્નોનો પોતે જ નિકાલ લાવી શકે એ પ્રકારની લોકશાહી જ સાચી ને શ્રેષ્ઠ છે. પણ એ બહુ જ મુશ્કેલ પદ્ધતિ છે અને કોઈ પણ દેશમાં એવી સરકાર અમુક અંશે જ અસ્તિત્વમાં લાવી શકાય. મારા મતે તો આજે લોકશાહી કયાંયે જો કાંઇક સંતોષકારકરીતે ચાલતી હોય તો તે ગ્રેઈટ બ્રિટન, બેલ્જીઅમ, નેધરલૅન્ડ, સ્વિટ્ઝર્લૅન્ડ ને સ્કૅન્ડિનેવિયન દેશોમાં. નહિ ફ્રાન્સમાં, નહિ યુ. સ્ટે. અમેરિકામાં, અને, અલબત્ત, સોવિયેટ યૂનિયનમાં પણ નહિ. ત્યાં તો ખરું જોતાં સરમુખત્યારી જ છે. જેમાં જનતાને આર્થિક ને સાંસ્કારિક બંને રીતે ઊંચા ધોરણ પર લાવી શકાય તેમાં જ લોકશાહીનો પાયો તો રહેલો છે. દક્ષિણ યુરોપમાં જ્યાં આ ધોરણ પાર પાડી ન શકાયું ત્યાં લોકશાહી સદંતર નિષ્ફળ ગઈ. મને ભય છે કે શરૂઆતમાં હિંદમાં પણ કદાચ એવું હશે, પણ હિંદના લોકોના શાન્તિપ્રિય સ્વભાવ અને તમારી પ્રાચીન તથા આજ લગી અખંડ રહેલી સંસ્કાર-પ્રણાલીઓને લીધે, બીજી આર્થિકરીતે પછાત પ્રજાઓ કરતાં તમને અંતે વધુ સારી તક છે. માતબર પ્રજાઓને માટે લોકશાહી એ કદાચ એક વિલાસ નથી. અને તમને તો એક બીજો સધ્યારો પણ છે: ભવિષ્ય તમારું જ છે. એ સમય ભલે નજીક હોય કે દૂર, પણ મને તો ચોક્કસ ખાતરી છે કે એક દિવસ હિંદ જગતના સૌથી ધનિક ને બલિષ્ઠ દેશ પૈકી એક બનશે યુરોપ તો, ભય છે કે દુનિયાનો એક ગરીબ ખૂણો બની રહેશે.

મને લાગે છે કે હું હવે બંધ કરું. તમને મારી પત્ની તથા મારા તરફથી તમારા ભાવિ માટે શ્રેષ્ઠ શુભેચ્છાઓ સહ

તમારો હૃદયપૂર્વક, એરિક રાસ્મુસ્સેન

ઈંગ્લાંડ, ઑસ્ટ્રેલીઆ વગેરેનાં થોડાં સરનામાં

(1) Mr. Zan Harris, 28 Choloeley Crescent, Highgate, London, N. 16, England—13, Stamps, Sports, Films; (2) Miss Belinda Scott, Foxley Farm, Holly Port, Maidenhead, Berks, England—14, Sports, Cricket, Gardening; (3) Mr. Neville Lipkin, 125, Child Wall Rd., Liverpool-15, England—14, Post-cards, Films, Music, Illustrated weekly; (4) Mrs. Elsic Lawless, 9 Holsall Ave., Oxford, Nr., Warrington, Lancs,. England—21, Music, Sports, Films, Stamps; (5) Miss Rita Hall, 8 West View, Padgate Nr., Warrington, Lancs., England—19, General correspondence, Illustrated Weekly; (6) Miss Dolly Turner, 205, William St., Kings Cross, Sydney, Australia—16, Stamps, Correspondence, Music, Literature; (7) Mr. Joseph Adeleke, C/o Adeleke Awoyinika, 29 Binuyo St., Lagos, Nigeria—18, Stamps, Politics, Sports, Films; (8) Mr. Amritsingh Amrit, P. O. Box No. 792, Mombasa Cross, Kenya Colony—17, Post-cards on Filmstars, Buildings, Native life, Sports, Literature; (9) R. G. Pettman, 52 Grey St., Queenstown, C.P., South Africa, General Correspondence, P.C. of landscapes; (10) Mr. Bernard Cooper, 31, Kings wood Ave., Queens Park, London, N. W. 6. England—15, Stamps, Post-cards of Native life, Building, Photos of Cricketeer; (11) Mr. L. F. Gillam, 30, Brecklands, Broom., Rotherham, Yorkshire, England—Stamps, Coins, Views, Politics, Indian cooking, & Gardening. (ઉલ્લેખ: ચન્દ્રકાન્ત કે. ઘડિયાળી, ૮૪૧, ભાઉની પોળ, રાયપુર, અમદાવાદ.)

ટિકિટ-સંગ્રહ આજનો સંસારવ્યાપી શૉખ



ઑસ્ટ્રેલિયાના આદિવાસીઓના સંસ્કારની કક્ષા ઉચ્ચ કોટિની હોવાના પ્રતીતિજનક માનમાં એ દેશે આ ખાસ ટિકિટ ગયે વર્ષે કાઢેલી, જેના ઉપર મગરનું આલેખન ને 'ઍબૉરિજનલ આર્ટ' (આદિવાસી કલા) એવા શબ્દો છે.



ઈ. ૧૮૭૪માં સમસ્ત જગતના દેશોના ટપાલખાતાંઓનો એક સંઘ 'યુનિવર્સલ પોસ્ટલ યુનિયન' સ્થપાએલો, તેને આ માસ(ઑક્ટોબર)ની ૧૦મી તારીખે ૭૫ વર્ષ પૂરાં થયાંની ઊજવણી નિમિત્તે હિંદે તે દિવસે ચાર નવી ટિકિટો તથા તે ચોડવા માટેનું ફર્સ્ટ-ડે કવર કાઢ્યાં છે, તેની છાપ ઉપર આપી છે. હિંદ એ સંઘનું જૂનું સભ્ય છે અને તેની કારોબારી સમિતિ ઉપર પણ છે. એ ચાર ટિકિટો અનુક્રમે ૦-૦-૯, ૦-૨-૦, ૦-૩-૬, અને ૦-૧૨-૦ની કિંમતની છે અને તે ચારે ઉપર એક જ પ્રકારની આકૃતિ છે, જેમાં એ વિશ્વસંસ્થાના પ્રતીક રૂપ દુનિયાનો ગોળો અને બાજુમાં હિંદનું રાજચિહ્ન અશોકસ્તંભ આલેખ્યાં છે.

ટિકિટો સંઘરવાનો શૉખ કેળવનારે સૌ પહેલું તો ટિકિટને કવર કે કાગળ ઉપરથી કેમ ઉખેડવી એ શીખી લેવું જરૂરી છે. ગયા હપતામાં આપણે જોઈ ગયા કે આ વિષયમાં મોટામાં મોટી અગત્યનો ને પ્રાથમિક મુદ્દો એ છે કે કોઇ પણ ટિકિટ ક્યાંયથી પણ જો લેશમાત્ર ખંડિત થએલી હોય તો તે કોડીના મૂલની પણ ગણાતી નથી; સિવાય કે માણસ માત્ર પોતાના આનંદ ખાતર તેને રાખે. ગમે તેવી અપ્રાપ્ય ટિકિટ પણ ખંડિત હોય તો તે વેચાણ કે બદલાની દૃષ્ટિએ નકામા જેવી ગણાઈ જાય છે.

એટલું જ નહિ, પણ ટિકિટ ભલે ફાટ્યા વિના ઉખડી હોય, છતાં જો તેના કાગળનો થોડો ભાગ મૂળ કાગળને ચોંટી રહ્યો હોય ને એટલા પૂરતો તે ભાગમાંથી તેનો કાગળ જરાક પાતળો થઇ ગયો હોય તો એ પણ ટિકિટની એક ખામી ગણાય છે. આને ટિકિટ-સંગ્રહની ભાષામાં અંગ્રેજીમાં 'થિનિંગ' કહે છે. ટિકિટ ઉખેડતી વખતે આ 'થિનિંગ' પણ ન થવું જોઇએ. એટલે આ શૉખ કેળવનારે સૌથી પહેલું જ્ઞાન તો કાગળ પરથી ટિકિટ કેમ ઉખેડવી એ મેળવવાનું છે.

કવર કે કાગળ ઉપર ચોંટેલી ટિકિટ ઉખેડવા માટે તેને પાણીથી ઢીલી કરવી જરૂરી છે. ચીતરવાની નરમ પીંછી કે રૂનું પૂમડું કોકરવરણા પાણીવાળું કરીને તે વડે ધીમેથી ટિકિટને તથા તેની આજુબાજુના કાગળને ભીંજવવાં. થોડી વાર રહીને ચપ્પુનો છેડો તેના એક ખૂણા નીચે સરકાવી જોવો. જો તે હજી ચોંટેલી જ જણાય તો ફરી થોડું પાણી લગાડવું. પછી ચપ્પુના છેડા વડે એક ખૂણો ઉચકાઇને આંગળીના ટેરવાની પકડમાં આવે એટલો બહુ કાળજીથી ઉખેડવો.

પણ આટલેથી હરખાઇને ઉતાવળે ટિકિટને ખેંચીને ઉખેડી લેવી નહિ. ટિકિટ ઉખેડવાની ખરી યુક્તિ 'ટિકિટને કાગળ પરથી' નહિ પણ 'કાગળને ટિકિટ ઉપરથી' ઉખેડી લેવો એ છે. આને માટે આ લેખ સાથેના ચિત્રમાં બતાવ્યા પ્રમાણે ટિકિટને ઊંધી નાખી તેનો ઊંચો કરેલો છેડો એક હાથની આંગળી વડે દબાવી રાખવો અને બીજા હાથ વડે કાગળને આસ્તેથી ઉખેડી લેવો. (અનુ૦ પૃ૦ ૩૧૯)

આકાશવાણી (અનુ૦પૃ૦ ૨૯૯થી ચાલુ) તેની શરમ એમના ચહેરા પર લેશમાત્ર નહોતી. એમણે કહ્યું, 'આવો, અંદર આવો.'

અને અચેતનપણે હું એમની સાથે ઓરડામાં પ્રવેશ્યો. પણ ઓરડામાં બીજું કોઈ જ નહોતું. સ્ત્રી-સાદની અધિકારિણી કોણ જાણે ક્યાંય અલોપ થઇ ગઇ હતી! માત્ર ઘરના એક ખૂણામાં રેડિયો સેટમાંથી પ્રકાશ બહાર આવતો હતો. જાણે પ્રિયતોષબાબુ અત્યાર સુધી બેઠાબેઠા રેડિયો સાંભળતા હતા, ને રેડિયો બંધ કર્યા વિના જ એ બારણું ખોલવા ઊઠ્યા હતા.

પ્રિયતોષબાબુ મારી સાથે જો તોછડું વર્તન કરત, તો હું યે કંઈક જોર કરી શકત. પરંતુ એમણે એટલી સભ્યતાપૂર્વક મને રેડિયો પાસે લઇ જઇને બેસાડયો કે મારા મોંમાં કોઇ શબ્દ જ આવ્યો નહિ. પોતાના મોં પર એકવાર હાથ ફેરવી ધીરેકથી એમણે મને પૂછ્યું, 'કંઇ જરૂર છે ખરી ?'

હું કંઈ કહું એ પહેલાં જ પેલું વ્યંગ હાસ્ય ફરીથી મારા કાનમાં ઝંકાર કરી ઊઠ્યું. મેં હાંફળાફાંફળા થઇને જોયું તો એ હાસ્ય રેડિયો-માંથી જ આવતું હતું! અને એ પછી તરત શબ્દો સંભળાયા—ટોળભર્યા તીખા સાદમાં કોઈ સંભળાવતું હતું: 'જરૂર છે જ તો! તમે કોની સાથે વાતો કરો છો તે ચોરીછૂપીથી સાંભળવા આવ્યા છે!'

ને હું બીકનો માર્યો રેડિયોથી જરાદૂરસરકીગયો! કદાચ માથાના વાળ ઊભા થઈ ગયા હતા! શરીરે પણ જાણે શૂળા ભોંકાતા હતા! વિહ્વળ થઇને મેં પૂછ્યું, 'આ શું? આ કોણ બોલે છે, પ્રિયતોષબાબુ?'

પ્રિયતોષબાબુએ એકવાર આંખ જરા ઊંચી કરી મારી સામે જોયું. ને પછી માથું ઢાળીને ધીરે ધીરે એમણે કહ્યું, 'મારી પત્ની.'

'તમારાં પત્ની?! પણ...'

રેડિયોમાંથી રોષભર્યો સખત સાદ બહાર આવ્યો:' પણ—એ તો મરી ગયાં છે એ જ ને? પણ એમાં તમારે શું છે? તમે શા માટે મારા પતિને દુ:ખી કરવા અહીં આવ્યા છો? જાવ-તમારે ઘેર જાવ. કેવા ભલા માણસ છો તમે? મારા પતિના ચારિત્ર્યની તપાસ કર-નારા તમે કોણ છો? શો છે તમને અધિકાર? એ તમારી બાજુ રહેવા આવ્યા છે એથી તો તમારી શેરી પવિત્ર થઇ ગઇ છે એની ખબર છે?' અને પછી ઓચિંતો એ તપ્ત રોષિત સાદ ગળગળો થઇ ગયો: 'ભલા થઇને જાવ, હવે જઇને સૂઈ જાવ—નહિ તો માંદા પડશો. રાત ઘણી વીતી ગઈ છે.'

પ્રિયતોષબાબુ ઊઠીને ઊભા થયા. મારા માથામાંનું ભેજું પાકી ગયું હતું, તદ્દન ગામડિયાની જેમ મેં પૂછ્યું, 'પણ હું તો આમાં કંઈ સમજી શકતો નથી! રેડિયોમાંથી......'

ક્લાન્ત સાદે પ્રિયતોષબાબુ બોલ્યા, 'મારી પત્ની નિત્ય આ સમયે રેડિયો દ્વારા મારી સાથે વાતો કરે છે. એના અવસાન પછી એ ક્રમ બરાબર ચાલ્યો આવે છે. આ એક આટલો જ છે મારા જીવનનો આધાર. એ જ મારો સંસાર ચલાવે છે, એ જ બધું કરે-કારવે છે; હું તો ફક્ત એના કહ્યા મુજબ કામ કર્યે જાઉં છું.'

વિસ્મયના તાનમાં મન ત્યારે પણ અર્ધમૂર્છિત જ હતું મેં પૂછ્યું, 'પણ આ કઈ રીતે સંભવિત બન્યું?'

રેડિયોમાંથી અધીર ઉત્તર આવ્યો: 'તમને એ નહિ સમજાય. અને એ સમજવાની વૃથા મથામણ પણ કરતા નહિ. એ કરતાં ઘેર પાછા ફરો. તમારી પત્નીને પેટમાં ગોળાનો વ્યાધિ છે ને? ભલું ઈચ્છતા હો તો તરત ઘેર પાછા ફરો, નહિ તો ફરી એને જીવતી જોઇ નહિ શકો!' આ છેલ્લા શબ્દો બોલતી વેળા એ સાદ અતિશય ગંભીર થઈ ઊઠ્યો હતો.

અને નેતરની સોટીની ભાષા સાંભળ્યા પછી જે રીતે ગલુડિયું ભાગે તે રીતે પ્રિયતોષબાબુના મકાનમાંથી નીકળી હું મારા મકાન તરફ દોડવા લાગ્યો. મારગમાં ભૂતો કદાચ મારી સાથે જ થઇ ગયો હશે, પણ એનું ભાન મને નથી રહ્યું. એનો તો એક ભ્રમ જ માત્ર છે.

ઘરમાં જઇને જોઉં છું તો બેઠકઘરમાં રેડિયો ઉઘાડો પડયો છે; પરંતુ એની અંદરથી કંઇ અવાજ સંભળાતો નથી. અને નીચે છો ઉપર સાદડી પર મારી સ્ત્રી પડી છે. એની બે આંખો બંધ છે; અને એક હાથ એવો અસ્વાભાવિકરીતે પડયો છે કે જાણે—

મારા મનની સ્થિતિ તમે કલ્પી શકો છો. એના શરીર ઉપર લગભગ મૂર્છિત થઇને હું પડયો. એ હાંફળીફાંફળી ઊઠીને બેઠી થઇ ગઈ ને બોલી, 'ઓહ! આવ્યા? મને જરા તન્દ્રા આવી ગઈ હતી—'

અને એ જ વખતે રેડિયોમાંથી તરલ કૌતુકનું હાસ્ય દિલરૂબાની મૂર્છનાની જેમ બહાર આવ્યું. અને પછી પેલો જ સાદ—'કેવો ઠેકાણે આવ્યો? હવે જઈશ ફરી કોઈની છાની વાત સાંભળવા? પતિ-પત્નીની વાતો ચોરીછૂપીથી સાંભળવા ગયો હતો એટલે જરા પરચો બતાવ્યો. હવે ફરી કદી યે એવું કરતો નહિ...'

રમણિક મેઘાણી

સંકેત (અનુસંધાન પૃ૦ ૨૯૮થી ચાલુ)

સંદેશ આપવો છે. તો 'દ' માટે ડાબા હાથે ત-વર્ગના તરુની સંજ્ઞા (મૂઠી) કરીને તેને પડખે જમણા હાથે ત્રણ આંગળાં દેખાડવાં, એ 'દ' થયો. તેને હ્રસ્વ ઉ કરવા માટે સાપની ફેણની સંજ્ઞા ડાબા હાથે કરી જમણા હાથની ચાર આંગળી; પછી અરધો 'શ' બતાવવા ડાબા હાથે શણગારની સંજ્ઞા તરીકે ગળે હાથ મૂકી જમણા હાથની એક આંગળી, અને પછી તેને કાપવા ડાબા હાથની આંગળી પર જમણા હાથ વડે છરી જેવો ઘા. 'મ' દર્શાવવા પ વર્ગની પાસા ફેંકવાની સંજ્ઞા ડાબા હાથ વડે કરી, જમણા હાથની પાંચે આંગળી ઊંચી; અને 'ન' માટે 'તરુ'ની સંજ્ઞા (મૂઠી) જોડે જમણા હાથની પાંચ આંગળી. પછી ડાબા હાથની મૂઠી પર જમણો હાથ મૂકીને અહીં 'દુશ્મન' શબ્દ પૂરો થયો એમ દર્શાવવું. આ રીતે પછીના શબ્દો દર્શાવ્યે જવા.

વળી કાનો, માત્રા, હ્રસ્વ-દીર્ઘ, વરડુ આદિ સ્વરની નિશાનીઓ માટે એક બીજો પ્રકાર પણ છે. કાનો=જમણા હાથે જમણા ગાલ ઉપર ઊભી લીટી; જમણા કાનના પાછળના ભાગે હ્રસ્વ ઈ, અને જમણા કાનના આગળના ભાગે દીર્ઘ ઈ; હ્રસ્વ વરડુ=જમણા હાથે એક આંગળીથી દાઢી નીચે ડાબેથી જમણે હાથે બતાવવું; દીર્ઘ વરડુ=જમણા હાથે બે આંગળી વડે દાઢીએ હાથ; એક માત્રા=જમણા હાથની એક આંગળી વડે કપાળે ડાબી તરફથી જમણી તરફ ત્રાંસી લીટી; બે માત્રા માટે જમણા હાથની બે આંગળી વડે કપાળ પર ડાબી તરફથી બેવડી ત્રાંસી લીટી; અનુસ્વાર=જમણા કાન ઉપર જમણા હાથની એક આંગળી; આ રીતે પણ સંજ્ઞાઓ પ્રચલિત હતી. (ચાલુ)

સરળ રીત

બે જણ એક તળાવની પાળેપાળે ચાલ્યા જતા હતા. તેમનામાં વાદ થયો કે આસપાસના દેખાવમાં ફેરફાર કરવાની કોનામાં વધુ તાકાત છે: એક જણ તગડા જેવો હતો. તેણે નજીકની ભેખડ પર જઇ ઉપરથી એક જંગી પથ્થર ગબડાવ્યો. તે ધડાક કરતો પાણીમાં પડયો ને જબ્બર મોજાં ઊછળ્યાં. પણ થોડી વારમાં તેનાં કુંડાળાં દૂરદૂર પહોંચી ધીમેધીમે શમી ગયાં. ■ એનું આ કાર્ય પૂરું થયા પછી બીજા માણસે પોતાના ગજવામાંથી કેટલાંક સુંદર ફૂલોનાં અને અનાજનાં બીયાંનું પડીકું કાઢ્યું અને કાંઠા પરની ભીની જમીનમાં છાંટતો ચાલ્યો.

જયકૃષ્ણ ઈન્દ્રજી (અનુસંધાન પૃ૦ ૨૯૪થી) પછી તો પ્રમાણભૂત વનસ્પતિશાસ્ત્રી તરીકે તેમની પ્રતિષ્ઠા એટલી જામી ગઇ હતી કે કેટલાંક રાજ્યો, સંસ્થાઓ ને વિદ્વાનો તરફથી તેમના પરિશ્રમનું મૂલ્યાંકન થવા માંડયું હતું. કાશી વિશ્વવિદ્યાલય તરફથી ત્યાંના આયુર્વેદ-વિજ્ઞાન-વિભાગ માટે વનસ્પતિઉદ્યાન તૈયાર કરવા મહામના પંડિત શ્રી માલવીયજીએ તેમને નિમંત્રણ પાઠવેલું. પૂ. મહાત્મા ગાંધીજીએ ગુજરાત વિદ્યાપીઠમાં તેમને વ્યાખ્યાન આપવા આમંત્ર્યા. પણ તેમણે તે બધી જંજાળ છોડી પાકટ વયે પુન: પોતાને વતન માંડવી જ પાછા વળવનું ઉચિત માન્યું, આમ, જન્મભૂમિ કચ્છની સેવા કરવાના સદુદ્દેશે તેઓ ઈ. ૧૯૨૨માં માંડવી પહોંચ્યા ત્યારે કચ્છના મહારાવશ્રીએ તેમને કાઠડા રાજમહેલના સુપરિન્ટેન્ડેન્ટ તરીકે નીમ્યા અને તેમને મનગમતી કામગીરી આપી. અહીં દરિયાઇ હવામાનના પ્રતિકૂળ વાતાવરણમાં પણ વૃક્ષો ઉગાડવાના અખતરાઓ અને યોજનાઓ તેમણે કરી અને ઊડતી રેતીના ઢસાઓ ઉપર ઊગતી વનસ્પતિઓને સંરક્ષણ આપવાની વ્યવસ્થા કરાવી. તેમણે માંડવીથી કાઠડા રાજમહેલ જતી સડકો પર વૃક્ષો રોપાવ્યાં ને રાજમહેલના ઉદ્યાન-વિકાસની શરૂઆત કરી. વાઈસરૉય લૉર્ડ અર્વિન કચ્છ આવેલા ત્યારે તેમણે એ રાજમહેલ પર એક વનસ્પતિ-પ્રદર્શન યોજેલું. તે પ્રસંગે કચ્છના મહારાજકુમાર શ્રી વિજયરાજજીએ વાઇસરૉયના હસ્તે તેમને સુવર્ણચંદ્રક પ્રદાન કરાવી તેમનાં ચારિત્ર્ય, દેશપ્રેમ, ઉદારતા ને રાજ્યભક્તિનો ઉલ્લેખ કરી જનસેવાના સતત ધૂની તરીકેની શ્રી જયકૃષ્ણભાઇને ઉચિત શબ્દોમાં અંજલિ આપી. કાંઈ પણ કામ ન થઇ શકે એવી એમની વૃદ્ધાવસ્થાની આખર ને આજારી સ્થિતિમાં પણ કચ્છ રાજ્યે 'સ્ટેટ બૉટનિસ્ટ' તરીકેની તેમની નોકરી તેમના અંત લગી ચાલુ રાખી હતી; અને તેઓ પણ દિલોજાની તથા શુદ્ધ અંત:કરણથી પ્રામાણિકપણે કરેલી નોકરી કરનારની આ રીતે રાજ્યે કરેલી બૂઝથી ભારે આત્મસંતોષ અનુભવતા.

સાહિત્યના તેઓ અખંડ અભ્યાસી હતા. જેવો તેમનો પુસ્તકશૉખ અનેરો હતો એવો જ સમૃદ્ધ તેમનો પુસ્તકસંગ્રહ હતો. ખરું જોતાં એમનું જીવન એમનાં ગ્રંથોએ જ ઘડયું હતું. મોંમાગ્યાં દામ આપતાં પણ અત્યારે મળવાં દુર્લભ એવાં વનસ્પતિવિદ્યાનાં ઘણાં પુસ્તકો તેમના સંગ્રહમાં હતાં. ઉપરાંત, જીવનચરિત્રો, ઈતિહાસ, કથાવાર્તા અને ધર્મ-ભક્તિને લગતાં અંગ્રેજી, હિંદી તથા ગુજરાતી ભાષાનાં ચુનંદાં પુસ્તકો તેમની પાસે હતાં. પોરબંદરથી જ્યારે એમને માંડવી જવાનું થયું ત્યારે એ પુસ્તકોનો નિકાલ કેમ કરવો એ પ્રશ્ન એમને મૂંઝવતો હતો, તેમણે વેચ્યાં હોત તો એની મોંમાગી કિંમત તેમને મળત. પણ પુસ્તકો વેચે એવા ક્ષુદ્ર હૃદયના તેઓ ન હતા. બૉટનીનાં કેટલાંક પુસ્તકો પોતાના શિષ્યોમાં, વૈદકને લગતાં વૈદ્ય મિત્રોને, પુષ્ટિમાર્ગનાં અને ધાર્મિક પુસ્તકો તથા હસ્તલિખિત પ્રતો વૈષ્ણવ મંદિરોમાં તેમજ કેટલાંક પોરબંદર સ્ટેટ લાયબ્રેરીને, એમ તેમણે ભેટ આપી દીધાં. આ રીતે છસોએક જેટલાં પુસ્તકોનો નિકાલ કરી તેમણે બાકીનાં સાતસો જેટલાં વિવિધ (અને ખાસ કરી વનસ્પતિવિદ્યા ને વૈદકને લગતાં) પુસ્તકો મોટી છ પેટી અને ત્રણ કોથળા ભરીને માંડવી મોકલ્યાં. પુસ્તકોને તેઓ પોતાનું સાચું ધન માનતા એને તેને પોતાને હાથે વાવર્યું ગણીને તેમને આનંદ થયો, એવા એ ધૂની હતા. નહિ તો એ પુસ્તકોનો સંગ્રહ જો એક જ સ્થાને રહ્યો હોત તો અમૂલ્ય ગ્રંથભંડાર બની રહેત. માંડવીનાં પુસ્તકો તેમણે કચ્છના મહારાજશ્રીને આપી દીધાં. તેમાંથી પણ કેટલાંક સારાંસારાં ચુંટાઈને લેવાઇ ગયાં ને બાકીનાં યુ. મ. કુ. શ્રી તરફથી જયકૃષ્ણભાઈના સ્મરણાર્થે ભુજ લાયબ્રેરીમાં એક કબાટ ભરી ભેટ અપાયો. જયકૃષ્ણભાઈના એક જ 'જાહેર સ્મારક' જેવો એ કબાટ આજે ભુજની મહારાઓશ્રી વિજયરાજજી લાયબ્રેરીમાં અભ્યાસી જયકૃષ્ણભાઈનું સ્મરણ કરાવતો પડયો છે.

જનતામાં વનસ્પતિજ્ઞાનનો બહોળો ફેલાવો થાય તે માટે તેઓ સદા સતર્ક રહેતા. જુદાંજુદાં સામયિકોમાં લખાણો મોકલાવવા ઉપરાંત તેઓ પ્રસંગે પ્રસંગે વનસ્પતિ-પ્રદર્શનો ગોઠવતા. ભુજમાં છેલ્લે સં. ૧૯૮૫ની વિજયાદશમીએ નાનીબા સંસ્કૃત પાઠશાળાના મકાનમાં તેમણે ભવ્ય પ્રદર્શન યોજ્યું હતું. પ્રદર્શનમાં ગોઠવાતી વસ્તુઓ ઉપરાંત ત્યાંના શણગાર માટે પણ તેઓ જંગલનાં ફૂલપત્તાંનો જ ઉપયોગ કરાવતા. આવા દરેક કાર્યમાં નિરભિમાનપણે તેઓ જાતે અથાગ શ્રમ લઇ ઉત્સાહ દેખાડતા. પોતાનું જ્ઞાન જનસમાજને કેમ ઉપયોગી બને એ જ એમની અંતરની એકમાત્ર ભાવના હતી. વનસ્પતિના નમૂનાઓ જોવામાં જ્યારે લોકો નીરસ જણાતા ત્યારે નર્મ ભાવે તેઓ બબડતા પણ ખરા કે. 'આપણા લોકો કેવા ભલા છે! જબરદસ્તીથી આપો તો યે વનસ્પતિના નમૂના કોઈ ઉપાડી ન જાય; અરે જુએ પણ નહિ!' કચ્છમાં એક સારું બૉટનિકલ મ્યૂઝિયમ (વનસ્પતિ સંગ્રહસ્થાન) સ્થાપવાની તેમની ધારણા હતી. પણ એ ઈચ્છા બર આવી નહિ. તેમના મૃત્યુ પછી તેમના નમૂનાઓનો સંગ્રહ અવાવરૂ ને બે-દરિયાફ પડી રહ્યાં અને સડી જતાં વેરવિખેર થઈ ગયો! મુંબાઇની રૉયલ ઇન્સ્ટીટ્યૂટ ઑવ્ સાયન્સના બૉટની ડિપાર્ટમેન્ટવાળા ડૉ. મહાબળે જ્યારે કચ્છ આવેલા ત્યારે આ લેખક સાથે તેમના નમૂનાઓના સંગ્રહ વગેરેની શરદબાગમાં તપાસ કરી હતી. તે વખતે ત્યાંથી મહા મુશ્કેલીએ માત્ર રડયાખડયા નમૂના જોવા મળી શક્યા હતા!

પોતાની પાસે વનસ્પતિવિદ્યા શીખવા આવનારને તેઓ શીખવવા સદા ઉત્સાહી રહેતા. પોરબંદરમાં તેઓ નિવૃત્ત થઇને રહ્યા ત્યારે પોતાની પાસે શીખવા માટે કે વનસ્પતિને લગતા કાંઇ ખુલાસા જાણવા માટે કોઇ આવવા ઈચ્છે તો તેને સાહાય્ય આપવા તેમણે ત્યાંના ગેઝેટમાં જાહેરાત આપી હતી અને કવિવર નાનાલાલે તો તેમની પાસે અભ્યાસ કરવા જનારને માસિક ૫૦ રૂપિયાની શિષ્યવૃત્તિ પણ જાહેર કરેલી! મહાત્મા ગાંધીજીએ પણ પોતાના ભત્રીજા સામળદાસ જયકૃષ્ણભાઈ પાસે જઇ વનસ્પતિનું જ્ઞાન મેળવે એવી ઈચ્છા એક પત્રમાં પ્રદર્શિત કરેલી. પણ સાધારણ જનસમાજ તો, પારો મારવામાં રામબાણ થાય તેવી, કે તાંબાની સફેદ ભસ્મ થતી હોય તેવી યા તો સોનું બનાવવામાં કામ લાગે એવા કીમિયાવાળી 'જડીબુટ્ટીઓ' જાણવા જ આતુર દેખાતી! જયકૃષ્ણભાઈ તો વનસ્પતિનું જ્ઞાન મેળવી તેનો વ્યવહારુ ઉપયોગ કરવો એને જ કીમિયો કહેતા. વનસ્પતિનાં પુષ્પો અને પાંદડાંઓનાં સૌંદર્યનું અવલોકન કરી તેની વિવિધ ડિઝાઇનો આપણાં છાપકામ, શિલ્પકામ વગેરે લલિત કળાઓમાં ઉતારવા પણ વનસ્પતિઓનું જ્ઞાન આવશ્યક છે તેના તેઓ આગ્રહી હતા. 'વૈદ્ય કલ્પતરુ'ના તંત્રી વૈદ્યરાજ જટાશંકર લીલાધર તરફથી એમને ઘણી પૂછપરછ થતી. તે ઉપરાંત અનેક વૈદ્યો, હકીમો અને ડૉક્ટરો તથા કેટલીક ફાર્મસીઓ સુદ્ધાં તેમની કને વનૌષધિઓ મંગાવતા. સ્વ. અમૃતલાલ સુંદરજી પઢિયાર ઘણી વખત પોતાના ભ્રમણમાં વનસ્પતિસંગ્રહ કરી નોંધ સાથે એમને મોકલતા. 'આયુર્વેદ વિજ્ઞાન'ના તંત્રી અને આપણા જાણીતા ઇતિહાસજ્ઞ વિદ્વાન શ્રી દુર્ગાશંકર કે. શાસ્ત્રી વનસ્પતિઓનો અનુભવ લેવા તેમની પાસે ચાર મહિના રહ્યા હતા. જયકૃષ્ણભાઇના

પ્લાન્ટ્સ ઑવ બૉમ્બે' ('હિંદી વૈદકીય વનસ્પતિ' અને 'મુંબઈની ઝેરી વનસ્પતિ')ના લેખક ડૉ. કે. આર. કીર્તિકરે તો એમને 'To me you are an authority on the subject' અને 'You are my guiding light in Botany' લખીને પોતાના માર્ગદર્શક કહેલા છે. 'બૉમ્બે નૅચરલ હિસ્ટરી સોસાએટી'ના 'જર્નલ'માં મિ. બર્ડવૂડે 'ફ્લોરા ઑવ માથેરાન' લખીને તેમાં પણ એમના તરફનું સૌજન્ય દાખવ્યું છે. 'Flora Saurastrene', 'Walks and Talks among Plants' ને ગુજરાતીમાં 'બૉટનીનું પાઠ્યપુસ્તક' જયકૃષ્ણભાઈ લખે એવી તેમના ઘણા મિત્રોની ઇચ્છા હતી. આ પુસ્તકો, તથા 'વનસ્પતિશતક', તેમજ 'બજારનાં ઓસડિયાં' વગેરે અન્ય પુસ્તકો લખવાની એમની તૈયારી પણ હતી; પરંતુ વૃદ્ધ અવસ્થાને કારણે તેઓ આ કાર્ય પૂરું કરી શકયા નહિ. ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠ વનસ્પતિવિદોમાં છેલ્લે શ્રી સુરેશ દીક્ષિત એમની પાસે માંડવીમાં Field botanyનો અનુભવ લઈ ગયા હતા. (જે વખતનાં સ્મરણો એમણે 'કુમાર'ના ૬૭મા અંકમાં આલેખ્યાં છે.)

વૃક્ષારોપણકાર્યને તો એમણે પોતાનું જીવનધ્યેય જ બનાવ્યું હતું. 'મોત આવે તોપણ કહું કે હમણાં સબૂર કર, આટલું આ ઝાડ વાવી લેવા દે' એમ એ કહેતા. ઉમર મોટી થઇ તો યે વૃક્ષારોપણનું તો જેટલું થાય તેટલું જાતે જ કામ કરતા. પુરુષોત્તમ માસમાં તો પંચકેશ વધારી પ્રતિદિન અમુક વૃક્ષો વાવવાં જ ને વૃક્ષરક્ષક મંડળના ફંડમાં અમુક દક્ષિણા આપ્યા પછી જ જમવું, એવું તેઓ વ્રત લેતા. વૃદ્ધાવસ્થાના આખરી દિવસોમાં પણ વૃક્ષારોપણ કરાવતાં તેઓ આરામ લેતા નહિ અને કહેતા કે 'હું આરામ લઉં તો મારાં વૃક્ષો પણ આરામ લે.' વારંવાર લોકોનો રસ જાગૃત કરી, સમારંભો ગોઠવી, તેઓ મહાપુરુષો અને રાજકુટુંબના હાથે, ભૃગુસંહિતામાં આપેલી વિધિ સહ વૃક્ષનું પૂજન કરાવી વૃક્ષારોપણ કરાવતા. સં. ૧૯૮૨ના કારતકમાં મહાત્મા ગાંધીજી કચ્છ-માંડવી આવેલા ત્યારે તેમના વરદ હસ્તે તેમણે ૧ વડ, ૧ પીપળો અને ૧ તુલસી એમ આર્યાવર્તની અગ્રગણ્ય વનસ્પતિ-ત્રિપુટીનું વૃક્ષારોપણ કરાવ્યું. ૨૫ ઝાડોનો ગાંધીકુંજ સ્થપાવ્યો અને વડનું નામ 'ગાંધી વડલો' રાખ્યું. એ વખતે મહાત્માજીને 'વૃક્ષારોપણ મંડળ'નું ઉદ્ઘાટન કરવા જે એમણે વિનંતિ કરી તેના ઉત્તરમાં ગાંધીજીએ સૂચના કરેલી કે ''શ્રી જયકૃષ્ણભાઇ મારે હાથે વૃક્ષારોપણ કરાવી આજે ''વૃક્ષારોપણ-મંડળ'ની સ્થાપના કરે છે એ તો સ્તુત્ય છે જ; પણ વૃક્ષારોપણ તો પક્ષીઓ, જલવહેણ અને હવા સુદ્ધાં મળી કુદરતનું કામ કુદરત કરે છે. પુષ્કળ બીજ લઇ છૂટે હાથે જંગલોમાં છાંટો તો એકનાં અનેક વૃક્ષ થાય. પણ ખરી જરૂર તો વૃક્ષોની રક્ષાની છે. આજે સમજણ વગર ઝાડીનો નાશ થઇ રહ્યો છે તે અટકવું જોઇએ. તમારા મંડળનું નામ 'વૃક્ષરક્ષકમંડળ' રાખો.'' આથી તરત શ્રી જયકૃષ્ણભાઇએ 'વૃક્ષ-રોપક અને રક્ષક મંડળ' એમ મંડળના નામમાં સુધારો કરાવ્યો.


મહાત્માજી તો તેમને ઘણા કાળથી ઓળખતા. ગાંધીજી જ્યારે દક્ષિણ આફ્રિકા હતા ત્યારના એમના કાર્યમાં તેમણે રસ દેખાડેલો અને એમની પાસેથી લીમડાના ગુણદોષ જાણી ત્યાંના તાવવાળા સત્યાગ્રહીઓને દવામાં લીમડાનો રસ આપ્યો હતો અને તેથી તેમને આરામ થયો હતો. જ્યારેજ્યારે મહાત્માજી પોરબંદર જતા ત્યારે જયકૃષ્ણભાઇ તેમને અચૂક મળતા, અને એમનો અભ્યાસશૉખ જોઈ મહાત્માજી પ્રસન્ન થતા. જ્યારે તેઓ અમદાવાદ વૈદ્ય સંમેલનમાં ગએલા ત્યારે વિદ્યાપીઠમાં તેમણે વનસ્પતિવિજ્ઞાન ઉપર ભાષણ આપ્યું હતું અને આશ્રમમાં એક વડલો વાવ્યો હતો. તે વખતે મહાત્માજીને એમણે શતાવરીનાં સુંદર ફૂલો ભેટ ધર્યાં હતાં. આથી ગાંધીજી ખૂબ ખુશ થયા હતા.

સ્વાર્થ કે લોભ વિના કેવળ પ્રેમથી જ કાર્ય કરવામાં તે માનતા. 'સર્વ દેશમાં, સર્વ કાળમાં, સર્વ જાતની વનસ્પતિ ઉચ્ચ પ્રાણીઓની પેઠે જ સર્વદા ખરા પ્રેમની ભૂખી છે. આપણે ત્યાં તેને પ્રેમની પ્રીતિ નહિ મળવાથી, તેના તરફ અમીની દૃષ્ટિ નહિ પડવાથી, તેને સરસ હૃદયનું આલિંગન નહિ મળવાથી જ તે સ-રસ હોવા છતાં અ-રસ થઈ ગઈ છે. માટે વિદ્વાનો સ્વદેશની વનસ્પતિઓ તરફ અમીની દૃષ્ટિ ફેંકે તો જ તેઓ પ્રફુલ્લિત થાય.' આવા પ્રેમથી તેઓ વનસ્પતિસૃષ્ટિને જોતા અને તેની વિકાસક્રિયાઓમાં રસ લેતા. 'જલસરપોલિયા' (Vallisneria spiralis)નાં સંવનન અને પ્રજનનનું તેમણે રસિક વર્ણન કર્યું છે. સ્વ. નારાયણ હેમચંદ્રે 'વનસ્પતિતત્ત્વજ્ઞાન' લખેલું. તેમાંથી 'પુષ્પતત્ત્વ' અને 'ફૂલનાં લગ્ન'નું ડૉ. હરિપ્રસાદ દેસાઇએ પોતાના 'સંસારનાં સુખ'માં અવતરણ કરેલું છે. એવા સરસ વિષયનો પ્રત્યક્ષ પરિચય પામવામાં જયકૃષ્ણભાઈ અપાર આનંદ લેતા. મથુરામાં કૃષ્ણ-તમાલનું સુંદર વૃક્ષ જોઇ એમણે 'વનમાલી કૃષ્ણચંદ્ર'ની વનલીલાને સજીવન થતી કલ્પેલી. વનસ્પતિજીવનમાં તેઓ ઈશ્વરનું અસ્તિત્વ અનુભવતા. હિમાલયની વનશ્રી જોવા જવાની તો એમને ઘણી વખત ઇચ્છા થએલી; પણ પોતાની આખર અવસ્થામાં એમણે માંડવીમાં 'અહેં જ દ્વારકા' કરી લીધી. માંડવીમાં રેતીના ઢસાઓ ઉપર દરિયાવલ (Isomea biloba)નાં ફૂલપત્રોમાં સૌંદર્ય જોઇ એમને હિમાલયની વનશ્રીની સાંભળેલી સ્તુતિ યાદ આવતી અને કહેતા કે 'ધન્ય હિમાલય, જેનું નામ સંભારતાં પણ આનંદ વર્તાય છે!' ભાવનાની મઝામાં એઓ માનતા.

જયકૃષ્ણભાઇ સાચા અર્થમાં 'વનચર' (Naturalist) હતા. એમના જીવનનો પૂર્વાર્ધ વનસ્પતિશાસ્ત્રના અભ્યાસમાં અને ઉત્તરાર્ધ કર્તવ્યપરાયણતા તથા ઇશ્વરભક્તિમાં વીત્યા. ૩૭ વર્ષની ઉમરે તેમનું લગ્ન થએલું. એમનાં પત્ની સુશીલ, વિનોદી અને મળતાવડાં હતાં. પુત્રી સુંદરબેન ઉપરાંત એમને બે પુત્રો હતા, પણ તે બાળ વયે જ મૃત્યુ પામ્યા હતા. શારીરિક કે માનસિક દુઃખસુખ સહી લેવાની એમની શક્તિ અજબ હતી. એઓ સતત પોતાના કાર્યમાં મગ્ન રહેતા અને પ્રભુપરાયણ જીવન ગાળતા. ભક્તિની ધૂનમાં આનંદાવેશમાં આવી એઓ ઘણીવાર ભાન પણ ભૂલી જતા. આખર અવસ્થામાં તેઓ ભજનમંડળી અને પ્રભુસ્મરણમાં જ વિશેષ રસ લેતા અને ચાતુર્માસમાં અનુષ્ઠાન કરી તેમાં આનંદ માનતા. એઓ વૈષ્ણવ સંપ્રદાયના હતા છતાં ય સર્વધર્મસમભાવી હતા. જૈન યતિઓ સાથે એમને નિકટનો મીઠો સબંધ હતો. ખજૂરનું પાણી અને દૂધ એમના મનગમતા ખોરાક હતા અને કાસુંદ્રાની નીઓ કૉફી જેને તેઓ 'સુદામામૃત' કહેતા એ એમનું પ્રિય પેય હતું. સુગંધી પુષ્પોવાળાં ઝાડોનો ફેલાવો કરવો એ એમનો અંગત શૉખ હતો. કમળફૂલ એમનું પ્રિય પુષ્પ હતું અને દર દીવાળીએ સરસ્વતી તથા લક્ષ્મીના પ્રતીક સમા એ કમળફૂલની એઓ પૂજા કરતા. સિત્તેર વર્ષની ઉમર સુધી એમની તબિયત બરાબર સચવાઈ રહી હતી, પણ પછી વૃદ્ધત્વની અસર તળે તે લથડતી ગઇ. છતાં એવી નરમ તબિયતે પણ એ કદી નરમ પથારીમાં સૂતા નહિ. એ પ્રમાણે એકદા એઓ હીંચકા પર શેતરંજી નાખી તે પર સૂતા હતા ત્યારે, ૧૯૮૫ના ચૈત્ર સુદ ૮ની રાત્રે ૧ વાગે, ત્યાંથી પડી ગયા. તેમાં એમના જમણા પગનું હાડકું ભાંગી ગયું અને અંતિમ માંદગી ચાલુ થઈ. એ બીમારીમાં એઓ ખાસ વાતો કરતા નહિ, પણ ગીતાપાઠ, કથાવાર્તા, શ્રવણ અને ઇશ્વર-

સ્તવનમાં જ સમય વીતાવતા. 'કચ્છની ભૂમિમાં બંધાએલો દેહ છો કચ્છની ભૂમિમાં પાછો અર્પાય' એમ એઓ ઘણીવાર કહેતા. આ દરમ્યાન એમનાં પુત્રી સુંદરબેનની સુવાવડ આવી, જેમાં તેનું અવસાન થયું. આ આઘાત ન સહેવાયાથી એમની પણ બીમારી વધી, અને સં. ૧૯૮૬ના માગશર સુદ ૨ તા. ૩ ડિસેમ્બર ૧૯૨૯ના રોજ ભુજમાં ૮૧ વર્ષની ઉમરે એઓ પંચત્વ પામ્યા.

કચ્છનાં જંગલોમાં ફરતાં આ લખનારને એ મહાનુભાવે પાડેલી કેડીએ પહોંચવાનો જ્યારેજ્યારે મોકો મળે છે ત્યારેત્યારે એ વનસ્પતિવિદ્દરની જીવનસૌરભ, એમણે શરૂ કરેલાં કાર્યો પૂરાં કરવા પ્રેરતી, આજે પણ મહેકી રહે છે.



એક કલામય પ્રાર્થનાપીઠ

યૌવનકાળે વ્યાયામની એકનિષ્ઠ ઉપાસનાથી ને તરુણ વર્ગની પ્રોત્સાહનમૂર્તિ બનીને કાઠિયાવાડમાં 'વીર માંકડ'નું બિરુદ પામનાર, અને પછી પોરબંદર રાજ્યના વિદ્યાધિકારીપદેથી માનવજીવનનું સર્વાંગી ઘડતર કરતા સંસ્કારસંચિત શિક્ષણના અવિશ્રાંત વિતરક તરીકે સૌરાષ્ટ્રના આદરણીય શિક્ષણશાસ્ત્રી તરીકે માન પામીને અકાળે પોતાની જીવનલીલા સંકેલી જનાર સ્વ. છોટાલાલ લક્ષ્મીશંકર માંકડનું નામ આજે પણ સર્વ પરિચિતોનાં હૃદયમાં એ જ માનભર્યું સ્થાન ધરાવે છે; તો પોરબંદરની જનતા તો એમને કેમ વિસરે? એમનું ભાવભર્યું સ્મરણ ચિરસ્થાયી કરવા માટે પોરબંદરની શાળાના ચોગાનમાં એક સાદી પણ કલામય 'પ્રાર્થનાપીઠ' ચિત્રકુટિ સાથે બંધાવેલી છે તેનું ચિત્ર આ ઉપર આપ્યું છે. આજથી એકાદ વરસ પર શ્રી નાનાભાઈ ભટ્ટે એ ચોગાનમાં સ્વ. માંકડના સ્મરણને પુષ્પાંજલિ અર્પી, તેનું નામ 'માંકડ-ચોક' પાડીને ત્યાં પ્રાર્થનાપીઠ સ્થાપવા સૂચવેલું, તે અનુસાર તા. ૧૯મી ઑગસ્ટ ૧૯૪૮ના રોજ સૌરાષ્ટ્રના વડાપ્રધાન શ્રી ઢેબરે આ પીઠનું ઉદ્ઘાટન કરેલું. બૌદ્ધ પ્રણાલિની આકૃતિએ રચેલા એના શિખરની નીચેની તકતીમાં હમેશાં એક નવું ઉત્તમ ચિત્ર મૂકવામાં આવે છે, જેથી વિદ્યાર્થીઓમાં અનાયાસે સૌન્દર્યદૃષ્ટિ કેળવાય. આમ પ્રાર્થનાપીઠ સાથે ચિત્રકુટિ યોજીને તેમાં ધર્મ અને કલાના સંબંધની આપણી પ્રાચીન પરંપરા જાળવવામાં આવી છે. એ ચિત્રની ફ્રેઈમની નીચેની તકતીમાં રવીન્દ્રનાથનું આ વાક્ય કોરેલું છે: 'હું મારા દેશને ચાહું છું: પણ પૂજા તો એ સત્યની જ કરીશ કે જે એ સર્વ કરતાં ઊંચે આસને વિરાજમાન છે.' પગથિયાંની બંને બાજુની તકતીઓમાં અનુક્રમે આ પ્રમાણે લેખ છે: (૧) સ્મૃતિ અર્ઘ્ય: પોરબંદરના પરમ માનનીય વિદ્યાગુરુ છોટુભાઈ માંકડની યાદમાં સમર્પણ: ૧૫મી ઑગસ્ટ ૧૯૪૮; (૨) અર્પણ કરનાર: શ્રી પુરુષોત્તમ કાનજીભાઈ બદિયાણી: વિદ્યાર્થીમંડળની ઈચ્છાથી: બીજો સ્વાતંત્ર્યદિન.

ા છલોછલ સૌંદર્યથી ભરેલા મનોરમ જગતમાંથી પણ જે બીચારાઓ આનંદ લઈ નહિ શક્યા હોય એમણે જ કદાચ સ્વર્ગની કલ્પના કરીને મનનું સમાધાન કર્યું હશે. (પુ. સં.)



વીતી છે સ્વપ્નની રાત પ્રભાની પર્વણી હવે,
પૂર્વની કેડીએ પંખી પૃથ્વીનું પળશે હવે.
હૈયાના ક્ષીણ સૌ ભાવો ધૈર્યના રજ્જુએ કસી,
ઊભે પ્રાચીમુખે આજે ભારતી ભૂપટે હસી.
પ્રભાની પર્વણી આજે પગલી સૌ પ્રભાભરી,
(કડી) પૃથ્વીની પાંખને સ્પર્શે જ્યોતિ કો દિવ્યઅંબરી. –સુન્દરમ્

પ્રકૃતિતત્ત્વવિદ્ શ્રી હરિનારાયણ આચાર્ય—'વનેચર'

'કુમાર'ના વાચકોને તો એમનું નામ અપરિચિત નથી જ. છેક ઇ.સ. ૧૯૨૬માં (૨૫મા અંકમાં) એમણે સ્વ. પ્રો૦ રામમૂર્તિનું ચરિત્ર લખ્યું ત્યારથી આજ ચોવીસ વર્ષથી, જીવનચરિત્રો, પ્રોત્સાહક લેખો, વ્યાયામવિષયક લખાણો, પક્ષી-પ્રાણીને લગતી વાર્તાઓ, પર્યટનલેખો તથા નાનીમોટી અસંખ્ય નોંધો વડે, કદાચ કોઈ પણ લેખકની કલમથી નહિ એટલાં, એમની કલમથી 'કુમાર'નાં પાનાં સમૃદ્ધ થયાં છે. વ્યાયામ વડે દેહને કેળવનારાઓના પ્રેરણાત્મક પરિચયો આપતી શરીરસૌષ્ઠવ વિષેની એમની સચિત્ર લેખમાળા 'સ્વાસ્થ્ય-શક્તિ-સૌન્દર્ય'; વ્યાયામ, આરોગ્ય અને તેને અનુષંગી શરીરવિજ્ઞાનને લગતા વાચકોના પ્રશ્નો ચર્ચીને માર્ગદર્શક ઉત્તરો આપતો લોકપ્રિય વિભાગ 'અખાડો'; કાયાને કસ અને મનને જ્ઞાન વડે પુષ્ટ કરવાના બહુમૂલ્ય સાધન રૂપ પર્યટનનો આનંદ આપતો વિભાગ 'ખભે ખડિયો'; અને જેનાથી એ સૌથી વધુ લોકપ્રિય થયા તે, ગુજરાતી સાહિત્યમાં એક નવો જ પ્રદેશ ઉઘાડતી, ઊંડા અભ્યાસ ને અવલોકનોથી સભર, પક્ષી-પ્રાણીઓનો પરિચય આપતી, 'વનેચર'ની સહીથી લખાએલી પેલી રસપ્રચુર, જ્ઞાનપ્રચુર, ચિત્રપ્રચુર લેખમાળા 'વનવગડાનાં વાસી'ના લેખક તરીકે 'કુમાર'ના વાચકો એમને ઓળખે છે. ઈ. ૧૯૩૮માં 'ગુજરાત પ્રકૃતિ મંડળ' સ્થપાયા પછી તેના ત્રૈમાસિક મુખપત્ર 'પ્રકૃતિ'ના તંત્રી તરીકે પ્રકૃતિવિજ્ઞાન ઉપર એમણે જે અભ્યાસપ્રચુર અને વિદ્વદ્માન્ય લેખો, નોંધો તથા સંપાદન વડે ગુજરાતના ગૌરવને હિંદભરમાં ઊજળું કર્યું, તે અગાઉ એમના જ્ઞાનનો મબલખ ને મોઘેરો લાભ ને લ્હાવ મેળવવા 'કુમાર'ના જ વાચકો સૌથી વધુ ભાગ્યશાળી થયા છે, એ 'કુમાર'ને મન સદા અભિમાનનો વિષય રહ્યો છે; ને તેથી, ગુજરાત સાહિત્ય સભા તરફથી, પ્રાંતની સર્વોચ્ચ ગૌરવપૂજાના પ્રતીકરૂપ અપાતો રણજીતરામ સુવર્ણચન્દ્રક પ્રકૃતિવિજ્ઞાનમાં ગુણ-વિશેષતા માટે ૧૯૪૭ના વર્ષ માટે તેમને હમણાં અપાયાના આ પ્રસંગે અમે એમનું સબહુ માન તથા ઊમળકા સાથે અભિવાદન કરીએ છીએ, ને ઘણા સમયથી વાચકોને જેની અપેક્ષા હતી તે એમનો કંઈક નિકટવર્તી પરિચય અન્યત્ર આપીએ છીએ.



માસમાસનાં પંખી : ૪૫
ઇગ્રેટ બગલાં



જળાશયો આગળ નજરે પડતાં આવા એકસરખા લાગતા ઘાટનાં બધાં પંખીઓને આપણો પ્રાકૃત જનસમાજ તો 'બગલાં'ના જ નામથી ઓળખે છે; પણ પ્રાણીશાસ્ત્રની દૃષ્ટિએ એમાં બે તદ્દન ભિન્ન પ્રકારો હોય છે. છેલ્લા ત્રણ માસથી જે પંખીઓનો પરિચય આપણે કરીએ છીએ એ ઘૉંકડાં, કાંકરોળી, ફાટીચાંચ વગેરે જાતિ તે Stork. બગલાંની જાતિ એનાથી જુદી જ છે.

સ્વભાવે અધમ, અસંસ્કૃત ગણાતા આ ગરીબડા, પંખીનો દૂધ જેવો વાન એની આ ગર્ભાધાનની ઋતુમાં ઊગતાં નવાં ને સોહામણાં પીછાં વડે સવિશેષ દીપ્તિમાન બને છે.

એ બગલાંના પણ બે પ્રકાર છે: એકલાં ફરનારાં તે Herons અને સમૂહમાં ફરનારાં તે Igrets. ઇગ્રેટની યે ચાર જાતો થાય છે: લાર્જ, સ્કૉલર, લિટલ અને કૅટલ ઈગ્રેટ. આ ઉપર જેનું ચિત્ર છે તે 'લિટલ ઇગ્રેટ' જાતની વિશિષ્ટતા એ કે તેની ચાંચનો રંગ સદાકાળ કાળો જ રહે છે; બીજી બેની ચાંચનો રંગ ઉનાળે પીળો થઈ જાય છે, અને કૅટલ ઇગ્રેટ (એટલે ઢોરની પાછળ પાછળ ફરીને તેના ચાલવાથી ઊડતાં જીવડાં પકડી ખાનાર)ની ચાંચ સદા પીળી રહે છે. મોટામાં મોટું ઇગ્રેટ દોઢ ગજનું ને નાનામાં નાનું કાગડા જેવડું.

આ ઉપર આપેલા લિટલ ઇગ્રેટના દેહનું કદ તો સામાન્ય મુરઘી જેવડું જ હોય છે. એ મોટું લાગે છે તેની પાતળી લાંબી ગરદન અને એવા જ લાંબા પગથી. એની બીજી વિશિષ્ટતા તે આ ગર્ભાધાનકાળમાં માથા પર ઊગતાં કલગી જેવાં બે સુંદર પીછાં. વિવિધ બકજાતિના શરીરે (પીઠ, છાતી, પૂછડી વગેરે પર) આ ઋતુમાં ઊગી નીકળતાં એ સુંદર પીછાંનો શણગારમાં ઉપયોગ કરવા માટે પશ્ચિમની પ્રજા એ ગરીબ પંખીનો શિકાર કરે છે.

દુરજન કી કિરપા બુરી, ભલો સજન કો ત્રાસ,
જબ સૂરજ ગરમી કરે, તબ બરસનકી આસ,

ફર્નિચરને નવેસરથી પૉલિશ કરતાં પહેલાં તેના ઊઝરડાએલા ભાગ પર અખરોટનો ગર ઘસી જોજો. ઊઝરડા નહિ રહે.



કલાકણિકા: કલાનો વૈભવ માણસે છેક ક્યાં ક્યાં સુધી પહોંચાડચો છે! પાત્રો, પોષાકો, ઉપરકરો, ઓજારો, હથિયારો આદિ જે કાંઈ પોતાને ઉપયોગમાં આવનારી ચીજ છે તેને માનવીએ લુખ્ખી નથી રાખી. તેનું એક વધુ દૃષ્ટાંત આ મોટું ચિત્ર પૂરું પાડે છે. એ છે મ્હેસુર તરફનો હાથીનો એક અંકુશ!



વેપાર માટે હિંદ આવીને પગદંડો જમાવતી યુરોપીય પ્રજાઓએ પાડેલા સિક્કાઓમાં ગયા અંકે પોર્ચુગીઝોનો સિક્કો આપ્યો હતો. આ પર ડેના લોકોનો એવો 'હિંદી-ડૅનિશ' સિક્કો આપેલો છે.

અનેકાર્થી શબ્દ: **ઝીલ**=ઊંડા પાણીની જગ્યા; છોળ કે છાલક; એક પ્રકારની વનસ્પતિ; સામો લણવાનું વાંસનું એક ઓજાર; તંબૂરાનો તાર; લાખેલીમોટી બરણી.

ગણિતગમ્મત

એકથી માંડીને કોઈપણ રકમ સુધીના અંકોનો ક્રમિક સરવાળો જાણવા ૩૦૮મા અંકમાં એક યુક્તિ આપી છે. તેવી આ બીજી: જે રકમ સુધીનો સરવાળો જાણવો હોય તે છેલ્લી રકમને તેનાથી અર્ધી રકમ વડે ગુણી, ગુણાકારમાં ફરી તેટલી રકમ ઉમેરવી દા.ત. ૧ થી ૧૧ સુધીનો સરવાળો મેળવવા માટે

$$\frac{૧૧}{૧}\times\frac{૧૧}{૨}=\frac{૧૨૧}{૨}+\frac{૧૧}{૨}=\frac{૧૩૨}{૨}=૬૬$$

અપારદર્શક (ફ્રૉસ્ટેડ) કાચ મેલો થાય છે તે જલદી સાફ થતો નથી. સોડા બાઇ કાર્બમાં સ્હેજ પાણી નાખી જાડી રાબ જેવો તેનો રગડો લુગડાના પોતા વડે કાચ પર લગાડી સુકાવા દો. બેએક કલાક બાદ ગરમ પણીથી ધોવાથી સ્વચ્છ થઇ જશે.

સાઇકલની શોધ ઇ. ૧૮૮૫માં ઇંગ્લંડના બે લુહારો મૅકમિલન અને સ્ટર્લીએ કરેલી.

અકબરના દરબારના એક રત્ન વજીર ખાનખાનાંના આકર્ષક સૌંદર્યથી મુગ્ધ થઈ એક રૂપવતી સ્ત્રીએ પોતાની છબિ ચીતરાવીને તેને મોકલી પોતાની સાથે શાદી કરવા વિનતિ કરી. તેના કારણમાં જણાવ્યું કે 'પરમાત્મા મને આપના જેવો રૂપાળો પુત્ર આપે.' સત્ત્વશીલ ખાનખાનાંએ કહેવડાવ્યું, 'શાદી કરવા છતાં આપણને સંતાન ન થવાનો અથવા દીકરી થવાનો પણ સંભવ રહેલો છે. માટે તમને જો પુત્ર જ જોઇતો હોય તો હું જ તમારો પુત્ર થવા તૈયાર છું. તમારી હા આવ્યે હું તમને માતા પ્રમાણે ગણીને મારી કમાણીમાંથી ભાગ મોકલતો રહીશ.'

કહેવતોના અર્થ: 'વડું વડું ખાય ને કાણાનો શોક પાળે.' એક વાણિયાને ત્યાં કોઈ પડોશીને ત્યાંથી વડાં આવ્યાં. ઘરમાં શોક હોવાથી સારી ચીજો ન ખાવાની પ્રણાલિકા હોય છે. પણ સ્વાદ આગળ વાણિયો તે ટકાવી શક્યો નહિ, અને શોકનો પ્રતિબંધ માત્ર વડાના કાણા પૂરતો જ રાખવાનું મનમનામણું કરી વડાં આરોગ્યાં. કોઇ ચાલી આવતી પ્રણાલિ, સામાજિક રીતરિવાજ, કે સૈદ્ધાંતિક બાબતોના પ્રતિબંધો પોતાના સ્વાર્થની આડે આવતા હોય ત્યારે, તેમાંથી છટકવા ખાતર, માત્ર દેખાવ કરવા પૂરતું, તેમાંની નિરર્થક વસ્તુઓનું પાલન કરવાનો કોઇ દંભ કરે, અને ખરા સત્ત્વનો દ્રોહ કરીને પોતાનો સ્વાર્થ પાર પાડી લે, એવાઓનો છળ ઉઘાડો પાડવા માટે આ કહેવત વપરાય છે.

નૂતન ચીનની નવી સ્થપાએલી સામ્યવાદી સરકારે તાજેતરમાં ૬૮ પ્રકારની નવી ટિકિટો કાઢી છે તે પૈકીની એક નીચે આપી છે, જેના પર એ સરકારના પ્રમુખ માઓ-ત્સે-તુંગની તસ્વીરની પાછળ દાતરડા-હથોડાની સંજ્ઞાવાળો લાલ ધ્વજ છે. બીજી ટિકિટો ઉપર અન્ય નેતાઓ, વિદ્રોહનાં દૃશ્યો અને જનતા-યુદ્ધનાં પ્રતીકોનાં આલેખનો છે. (મોરારજીભાઇ દ. પટેલ)



ટિકિટ સંગ્રહ (અનુ૦ પૃ૦ ૩૦૮થી ચાલુ) આરીતે ટિકિટ આબાદ સલામત રહી જશે. જો કાંઈકે ચોંટી રહેશે તો કાગળનો ભાગ ટિકિટને ચોંટી રહેશે. તે ઉખેડી નાખવા માટે ફરી પીછી કે પૂમડાથી તે ભાગને થોડો ભીંજવી ઢીલો કરીને કપડા વડે ધીમેથી ઘસીને ઉપાડી લેવો.

આ રીતે ઉખેડેલી ટિકિટ ભીની હોય છે એટલે તેને તદ્દન કોરા બ્લૉટિંગ પેપર પર મૂકી, તે પર બીજો બ્લૉટિંગ રાખી, બે ચોપડીઓ વચ્ચે કે કોઈ વજન નીચે દબાણમાં થોડો વખત રાખવી; કોરી પડી જશે.


આ પદ્ધતિ તો સામાન્ય ચાલુ છાપવાળી (સ્ટીલ એન્ગ્રેવિંગની પદ્ધતિથી છાપેલી) ટિકિટો માટે ચાલે. પણ હમણાં હમણાં ઇંગ્લંડ, દક્ષિણ આફ્રિકા વગેરે કેટલાક દેશોની ટિકિટો આધુનિક ફોટોગ્રેવર પદ્ધતિથી છાપેલી હોય છે (મુંબાઈનું ઈલસ્ટ્રેટેડ વીકલી છપાય છે એ જાતની છાપપદ્ધતિથી). એવી ટિકિટોના રંગ જાણીજોઇને કાચા રાખેલા હોય છે; કેમકે ઘણા લોકો નહિજેવી છાપવાળી ટિકિટોને સાફસુફ કરી ફરી વાપરતા હતા. એટલે આ કાચા રંગવાળી ટિકિટો પર પાણી લાગતાં તેનો રંગ રેળાઈ જાય છે.

એવી ટિકિટોને ઉખેડવા માટે તેને મૂળ કાગળ સાથે જ કવર પરથી કાપી લેવી, અને પછી તેના ઉપરના ભાગને પાણી ન અડે એવી રીતે, એક રકાબીમાં ઠંડું પાણી ભરી તેમાં તે તરતી મૂકવી.

આમ કરવું ન ફાવે તો એક બીજો રસ્તો છે. ચોખ્ખા સફેદ બ્લૉટિંગ પેપરનો (શાહીના બિલકુલ ડાઘ વગરનો તદ્દન કોરો) કટકો લઇ, તેને પાણીથી સારી પેઠે ભીંજવી, તેના પર પેલી ટિકિટો મૂકીને તેની નીચેના કાગળને ઢીલો થવા દેવો, ને પછી હળવેથી ઉખેડી લેવો.

આ થઈ ચોંટેલી ટિકિટોની વાત. પણ સંગ્રહ કરનારાઓ પાસે તો ઘણીવાર બદલામાં આલ્બમમાં ચોંટેલી ટિકિટો પણ આવે છે. આવી ટિકિટોની પાછળ સહેજસાજ કચરો કે જૂના આલ્બમનો કાગળ ચોંટેલો હોય તો તે ઉપરની પદ્ધતિથી ઉખેડી સાફ કરી નાખવો.

ટિકિટોની બાબતમાં એક ત્રીજી વાત યાદ રાખવાની એ કે ટિકિટો જેમ ફાટેલી કે નુકસાનવાળી ન હોવી જોઇએ, અગર 'થિનિંગ' થઇને પાતળી પડી ગએલી ન હોવી જોઇએ, તેમ તેની પાછળનો ગુંદર પણ જેટલો બને તેટલો અખંડ રહેવો જોઈએ. કોરી ટિકિટોમાં આ ગુંદર જેટલો અખંડ તેટલું તેનું મૂલ્ય વધારે. એટલે કચરો ઉખેડતી વેળા કે નવેસરથી પોતાના આલ્બમમાં ચોડતી વેળા એ ગુંદરના ભાગને જેટલું ઓછું નુકસાન પહોંચે એટલું સારું.




કવર ઉપરની ટિકિટ ઉખેડવાની રીત: ટિકિટને કદિ કાગળ પરથી ખેંચવી નહિ, પણ ટિકિટને ઊંધી નાખી તેનો એક છેડો દબાવી રાખી કવરને ખેંચી ઉખેડવું. એથી ટિકિટ નહિ ફાટે.

કેટલીકવાર ભેજના કે એવા બીજા કારણે કોરી ટિકિટો આખી ને આખી સામા કાગળ પર ચોંટી જાય છે. આને માટે એક બે નુસખા છે. એક તો ઉપર જણાવ્યા મુજબ છીછરી રકાબીમાં ઠંડા પાણી પર તેને ચત્તી મૂકવી ને કાગળ ઢીલો પડે ત્યારે ઉખેડી લેવી. એ ન ફાવે તો ભીંજવેલા બ્લૉટિંગ પર મૂકવી. અથવા તો ટેબલના એક ખાનામાં એક રકાબીમાં પાણીમાં ભીંજવેલી વાદળી તથા રકાબીને પડખે, પણ બહાર, એ ચોંટેલી ટિકિટો બંનેને મૂકી લાંબા વખત સુધી ખાનું બંધ રાખવું. એથી પણ કાગળ ઢીલો થઇ ગુંદરને અખંડ રાખી ઊખડી આવશે.

ઉખેડેલી કે બદલામાં આવેલી ટિકિટોના ખૂણાને વળીને ઘેડ પડી ગઇ હોય તો ડાઘડૂઘ વગરના તદ્દન સફેદ બે કાર્ડના ટુકડા વચ્ચે તેને મૂકી તે પર સહેજસાજ (બહુ ગરમ નહિ) ઇસ્ત્રી ધીમેથી ફેરવવી. એથી ઘેડ ભાંગી જશે.


ટિકિટ પર મેલના કે એવા ડાઘ પડીને તે ગંદી થઇ ગઇ હોય તો દવાવાળાને ત્યાંથી કે કોઇ દાક્તર મિત્રને ત્યાંથી થોડું હાઇડ્રોજન પૅરૉક્સાઈડ લાવી, પીછીથી હળવે હળવે લગાડવાથી મેલ નીકળી આવશે. ચિકાશવાળા ડાઘ, તેને તદ્દન ચોખ્ખા બેન્ઝૉઇનમાં પલાળવાથી નીકળી જશે. આ બેન્ઝૉઈન વાપરતી વખતે તેને ગરમી કે જ્વાળાથી દૂર રાખવું.


(ચાલુ)



કુમારની કોથળીઓ

અનેક રીતે ઉપયોગમાં આવતી હોવાથી લોકો એને કાળજીથી સંઘરે છે એ અમે જાણીએ છીએ. અને તેમાં યે હમણાંહમણાં એના ઉપર મહિનેમહિને ઋતુઋતુનાં રંગ આલેખતાં સુશોભનો બદલાવા માંડ્યાં છે ત્યારનું એ આકર્ષણ વધ્યું પણ છે. પણ..પણ અમને એક વાત સમજાતી નથી: જે કોથળીને આટલી બધી કાળજીપૂર્વક સંઘરી રાખવાની આપ ચીવટ રાખો છો એ જ કોથળી ઉપર, આપના નામ સરનામાને બરોબર મથાળે જ, આપનો 'ગ્રાહક નંબર' લખેલો હોય છે તે યાદ રાખવાની કે નોંધી લેવાની ચીવટ આપ કેમ નહિ રાખતા હો? ડાયરીમાં એક ખૂણે એ નંબર નોંધી રાખો, ને લવાજમ મોકલતી વેળા કે કોઇ પત્રવ્યવહાર કરતી વેળા અમને એ લખી જણાવો તો અમારી કેટલી મોટી જહેમત બચી જાય છે એનો આપને ખ્યાલ કદાચ નહિ હોય. આપને તો એથી કશી જ ખાસ તકલિફ નથી પડવાની, પણ અમારી તો, હજારોના સમુદાયમાંથી આપનું નામ શોધી કાઢવાની મોટી જહેમત બચી જશે. આભાર.





મીરાં-ચિત્રપટ (કલાકાર • શ્રી નંદલાલ વસુ) વડોદરાના કીર્તિમંદિરની દીવાલો પર વિખ્યાત ભારતીય કલાકાર શ્રી નંદલાલ વસુ પાસે એ રાજ્યે જે ચાર વિશાળ ભીંતચિત્રો ચીતરાવ્યાં છે તે પૈકી એકનો પરિચય ૩૦૦મા અંકમાં આપ્યો હતો. આ ઉપર, પૂર્વ દિશાની ભીંત પરની 'મીરાંબાઈ'ની તકતીઓ આપીએ છીએ. સમગ્ર ભીંતને ભરી દેતા એ લાંબા ચિત્રપટનું સળંગ આલેખન ઉપલી પટ્ટીમાં આપ્યું છે; જેમાં પહેલી તકતીમાં ધ્યાનમગ્ન મીરાં, બીજીમાં સરોવરતીરે ચિંતનરત મીરાં, ત્રીજીમાં ભજનધૂનમાં લીન સંન્યાસિની મીરાં, અને ચોથીમાં દ્વારકાગમન કરતી મીરાં આલેખેલી છે. ચિત્રસંયોજનમાં વાતાવરણ જમાવતાં બીજાં અનુષંગી અંગો પણ છે. 'ભજનધૂન'ના ચિત્રમાં બંગાળના બાઉલ ભજનિકોની છાયા છે. પણ ચિત્રોની માંડણી, પાત્રોનાં આલેખન તથા વસ્ત્રો ને વનસ્પતિ, સ્થાપત્યો અને ઉપસ્કરો આદિમાં હૃદયને ભાવે તેવી શુદ્ધ ભારતીય આલેખનપદ્ધતિ છે. તકતીઓ વચ્ચેના ગાળામાં આપણી પ્રાચીન પોથીઓની ઢબે ઊભી પટ્ટીઓમાં મીરાંનાં લોકપ્રિય ભજનો લખેલાં છે. ચિત્રોના સાચા સૌંદર્યનો ખ્યાલ આપવા માટે પટ્ટીની નીચે તેની પહેલી ને છેલ્લી તકતીનાં ચિત્રો મોટા રૂપમાં આપ્યાં છે.



દેલવાડા મંદિરનો બહારનો મંડપ : એના શિલ્પમંડિત સ્તંભોની સમૃદ્ધિ દાખવતા આ ફોટોગ્રાફમાં, એકબીજાને ભાંગતી આડીઊભી રેખાઓથી તથા સુયોગ્ય ખાલી ગાળાઓથી રચાતા ચિત્રસંયોજનનું રચનામાધુર્ય, એ પ્રાચીન કલાને વધુ પ્રિયકર બનાવે છે. (ફોટો · મફતલાલ ફુલિયા)








ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

ડાબી બાજુએ ઉપર: ‘શ્રગજીની સવાર’ –વજુભાઈ પટેલ (નાઇરોબી) પહેલું ઈનામ; નીચે: ‘મધરાતે મરીન ડ્રાઈવ’–જિતેન્દ્ર કોઠારી (મુંબઈ) બીજું ઈનામ; જમણી બાજુ મથાળે: ‘એ શું હશે?’-વિક્રમ દલાલ (અમદાવાદ). પરિણામની વિશેષ વિગતો તથા ચિત્રચર્ચા માટે જુઓ અંદર પૃ. ૩૦૪.



ઉત્તમ ખોરાક

પ્રજાના આરોગ્ય તથા શક્તિસંચય માટે ઉત્તમ ખોરાક કયો એ વિચારવાની ઘણી જરૂર છે. પશ્ચિમના વિદ્વાનોએ ખોરાક વિષે ઘણી-ઘણી છણાવટ કરીને છેવટે જે પ્રકાર પસંદ કર્યો છે તે એ કે દરેક અનાજના આખા દાણા, વધારે વખત ગરમીમાં રાખ્યા વગરના હોય તો વિટામીનયુક્ત રહે, એટલું જ નહિ પણ તેના શરીરને ગુણકારી તત્ત્વો તેની અંદર જ રહે.

ઘઉં, બાજરી કે જુવારને વીજળી-ચક્કીમાં પીસવાથી તેનું હીર બળી જાય છે અને લોટ હાથ દાઝે એટલો ગરમ થાય છે. ત્યાર બાદ વળી તેમાંથી થુલું ચાળી કાઢી નાખવામાંઆવે છે તેમાં પણ શરીર-ને પોષક તત્ત્વો તેમજ આંતરડાંને સાફ કરનાર વસ્તુ નીકળી જાય છે. આવા નિઃસત્ત્વ લોટની ભાખરી કે ઢોકળી ખાવાથી પુરું પોષણ ન જ મળે. તેમજ ચોખાને હજમ કરનાર ડાયસ્ટેઝ તત્ત્વ જેમાં રહેલું છે તે ફોતરી છડીને કાઢી નાખવામાં આવે તો ચોખાનો પૂરતો લાભ ન મળે. આ જ પ્રમાણે બીજાં અનાજોનું પણ સમજવું. Whole wheat bread (થૂલું કાઢ્યા વગરના લોટની રોટી) બનાવવાની ભલામણો ને જાહેરાતો વિલાયતી અખબારોમાં હવે આવવા માંડી છે; પણ એથીયે ચઢિયાતો ખોરાક આપણા કહેવાતા જૂની ઢબના લોકો ખાતા. Puffed wheat, puffed rice, corn-flakes વગેરે નામો નીચે હવે મમરા ને પૌંઆ વેચાવા માંડ્યા છે. પણ એ જ ધાણી, ચણા, દાળિયા, સાથવો આપણે ત્યાં જૂના જમાનાથી નાનાં મોટાં સૌ માટે વપરાતા. પણ દુનિયાનો ગોળો ફરે તેમ ફૅશન પણ ફરે છે અને તેથી નવાનવા પ્રકારના ખોરાકો આપણે અપનાવ્યા. હવે છેવટે આપણે આપણા અસલ ઉત્તમોત્તમ ખોરાક પર આવી જઇએ તો તંદુરસ્તી સાચવતા થઈ જવાય. ધાણી, ચણા, મમરા કે પૌંઆ આખા દાણાના ખોરાક છે ને ગરમીના ઓછામાં ઓછા સંસર્ગમાં આવે છે. વળી તે અગાઉથી પચીને તૈયાર થયેલા હોઇ પાચનક્રિયા પર બોજો પડતો નથી. સંયુક્ત પ્રાંતોમાં બહાર-ગામ જતી વખતે સાથવો જ બાંધી દેવાય છે. સાથે જરા મીઠું અને ગોળ લઈ લે એટલે પોતાને અનુકૂળ સ્વાદ મળી રહે! આવો ઉત્તમ ખોરાક દરેક નિશાળમાં દાખલ કરવો જોઇએ. વિટામિનયુક્ત અને સંપૂર્ણ તત્ત્વોવાળો તેમજ સહેલાઇથી પચે તેવો અને કબજિયાત ન કરનારો—બલ્કે કબજિયાત મટાડનારો આ ખોરાક છે.

આજે પડીકાંમાં વેચાતા ખોરાકો માટેનાં 'Pre-digested' 'Dextrinized' વગેરે મોટાં વિશેષણો આપણા ભાડભૂંજાઓને આવડતાં નથી, તેથી બીચારા પછાત રહ્યા છે. નહિ તો માલની કિંમતથી બમણી કિંમતના ફૅન્સી પૂઠાંના બૉકસ અને પૅકીંગના કાગળ પાછળ ખર્ચ કરીને ચારગણી કિંમતે વેપારીને વેચત, અને વેપારી વળી તે પર પચીસ ટકા પોતાનો નફો ચઢાવત તે જુદો.

આરોગ્યની આકાંક્ષા રાખનાર સૌ ભાઇ-બહેનો અને શાળામાં જતાં બાળકોનાં આરોગ્યની સંભાળ રાખવાની તકેદારી જેમને રાખવાની છે તેઓ આ ખોરાક તરફ લક્ષ આપે અને જાહેરખબરિયા ખોરાકો તરફ લાલચભરી દૃષ્ટિ ન રાખે.

(ગુજરાત સમાચાર) મોહનલાલ મા. ઝવેરી

મણિપુરી નર્તન સાથેનાં વાદ્યો

છેક આજ સુધી પોતાના પૂર્વરૂપમાં જ સચવાઈ રહેલા મણિપુરી નર્તનથી તો હવે આપણે અજાણ નથી જ. એમાં કંઠગીતનું સ્થાન જોકે વધુ મહત્ત્વનું છે, પરંતુ આ સાથે દર્શાવેલાં વાદ્યો પણ તેની મધુરતામાં ઓછો વધારો નથી કરતાં. આપણી બંસી જેવી જ સાદી



મણિપુરી નૃત્યોમાં વપરાતાં વાદ્યો


બંસી, ઝાંઝ જેવાં એ માંગ્કાંગ્ અને સેલપુંગ, રાવણ-હથ્થાને મળતું પેના, મંજીરાં, ડફ, ઢોલક કે મૃદંગ, બધાં જ સાદાં વાદ્યો લાગે છે, પણ મણિપુરી સિદ્ધહસ્ત કસબીઓ જ્યારે તેને રમાડે છે ત્યારે તો એમ જ લાગે કે વાદ્યો પણ કર્ણમાધુર્યની સાથે દૃષ્ટિમાધુર્ય પણ દર્શાવી શકે છે. એમાંનાં તંતુવાદ્યો અને સુષિરવાદ્યો તો કંઠગીતના અનુસરણ પૂરતાં જ છે; અને તાલની મધુરતા માટે મંજીરાં-માંગ્કાંગ્ જેવાં રણત્કારક વાદ્યો પણ વપરાવાનાં જ. પરંતુ સારાયે નૃત્યની જમાવટ કરવા માટે તો અવનદ્ધ વાદ્યો જ જોઇએ. અને તેમાંયે મૃદંગ! એ તો તેનું પ્રધાન અને અનિવાર્ય અંગ જ ગણાય. અનેકની સંખ્યામાં જ્યારે એ પ્રવાહી તાલો રેલાવે છે ત્યારે તો ગર્જતો મેઘ જ જાણે પીગળી રહ્યો હોય એમ લાગે! અને એટલે જ તો કદાચ તેઓ આ પ્રધાન વાદ્ય નહિ શણગારતા હોય?

માત્ર ગુજરાતીમાં જ નહિ, હિન્દભરની ભાષાઓમાં મણિપુરી નૃત્યનો પ્રથમ પરિચય કરાવતું જે ગુજરાતી પુસ્તક હમણાં 'મણિપુરી નર્તન' નામથી બહાર પડ્યું છે, (લેખક ગોવર્ધન પંચાલ, નાલંદા પબ્લિકેશન્સ, ધન-નૂર, સર પી. એમ. રોડ, કોટ, મુંબઇ-૧, સાત રૂપિયા) તેમાંથી આ વાદ્યોનાં આલેખનો અહીં સમૂહિત કર્યાં છે.

શૉખ—શુમારી

દુનિયામાં જે અનેક શૉખ પ્રચલિત છે તે પૈકી અમેરિકાના યુનાઇટેડ સ્ટેટ્સમાં 'ટિકિટ-સંગ્રહ' સૌથી લોકપ્રિયતામાં મોખરે છે, એમ, અમેરિકાની 'હૉબી ફેડરેશન' (શૉખ-સંસદે) જાહેર કર્યું છે. ૨૨,૦૦૦ ઉપરાંત એવા વિવિધ શૉખના પ્રતિનિધિ શૉખીનોની શુમારી (ગણત્રી, મોજણી) કર્યા બાદ તેણે જણાવ્યું છે કે લોકપ્રિયતાની દૃષ્ટિએ ગોઠવતાં અત્યારના પ્રચલિત નાનાવિધ શૉખોનો ક્રમ આ મુજબ આવે છે: સૌ પહેલો ટિકિટ-સંગ્રહ, તે પછી અમેરિકન કાચનાં વાસણોનો સંગ્રહ આવે, તે પછી લાકડકામ, મૉડેલ-મેકિંગ, પૂતળીઓ-ઢીંગલીઓ, હસ્તાક્ષરો, સિક્કાઓ, મૌલિક ચિત્રસર્જનો,

ભરતકામ, મીનીએચર (લઘુતમ) કલાકૃતિઓનો સંગ્રહ. છેલ્લાં દસ વરસમાં સૌથી વધારે પ્રગતિ 'હાથ બનાવટના અમેરિકન હાથ સામાન-સંગ્રહ'ના શૉખે કરી છે. પહેલાં તેનો ક્રમ પંદરમો–સોળમો હતો, તે આજે બીજે આવીને ઊભો છે અને એ શૉખ ધરાવનારાં લગભગ અઢી લાખ સ્ત્રી-પુરુષો ત્યાં આજે છે. વિવિધ શૉખ ધરાવનારા એ દેશના કુલ એક કરોડ નેવું લાખ શૉખીનો પૈકી એક કરોડ પુરુષો છે, સિત્તેર લાખ છે સ્ત્રીઓ, ને વીસ લાખ છે બાળકો. (યુસિસ)



દુનિયાની લાંબામાં લાંબી સીધી લીટી!

ઑસ્ટ્રેલિયાના નલ્લાબૅરના અફાટ વેરાન સોંસરી જતી રેલવેના ૩૦૦ માઇલના પાટા એવી તો અદલ સીધી લીટીમાં છે કે જરા સરખો પણ વળાંક લેતા નથી. આથી દુનિયાની તે લાંબામાં લાંબી સીધી લીટી કહેવાય છે. આ ઉપર તેનું ચિત્ર, તથા એની નીચેની પટ્ટીમાં એ પ્રદેશનો નકશો દર્શાવ્યાં છે. દક્ષિણ ઑસ્ટ્રેલિયાના પૉર્ટ ઑગસ્ટા બંદરેથી શરુ થઇને પશ્ચિમમાં હિંદી મહાસાગર કાંઠે પર્થ બંદર સુધી દોઢેક હજાર માઇલનો પંથ કાપતી એ રેલવેની સફર એટલી કપરી હોય છે કે મુસાફરોની આસાયેશ માટે એમાં વિશાળ સૂવાના ડબા, સુંદર ભોજન, ફુવારાવાળા સ્નાનાગાર અને ધૂળને ખાળી રાખનારી તરકીબોવાળાં બારીબારણાંની ખાસ સોઈ રચવામાં આવે છે. શરુનો ૩૦૦ માઇલનો પ્રદેશ તો એવો ફળદ્રુપ છે કે જ્યાંથી વરસે દહાડે દસેક લાખ ઘેટાંની પેદાશ ઊતરે છે; પણ પછી ૮૦૦ માઇલનો એવો સૂકો ભઠ વેરાન શરુ થાય છે કે જ્યાં ઝાડનું ઠૂંઠું સરખું પણ ન મળે. આથી જ તેનું નામ નલ્લાબૅર (લાટિનમાં નલ્લા=નહિ+આર્બર=ઝાડ) પડયું છે. એ મેદાનની વચ્ચે જ્યાં ૩૦૦ માઈલ સુધી રેલવે તદ્દન સીધી લીટીએ જાય છે તેટલા ભાગની રેખા, ઉપલા ચિત્ર નીચેના નકશામાં ઘાટી કરીને બતાવી છે. એકાદ લાખ ચોરસ માઈલ વિસ્તારના એ મેદાનમાં ચાર કે પાંચ વરસે ક્વચિત્ એકાદ વરસાદ પડી જાય છે ત્યારે અજબ રીતે કોઈક વનસ્પતિ ફૂટી નીકળે છે. એ સિવાય ધૂળ સિવાય ત્યાં કશી સમૃદ્ધિ નથી.

તારીખ પરથી તિથિ જાણવાની રીત

તારીખ ઉપરથી તિથિ જાણવાની એક ઘણી સરળ પદ્ધતિ છે. પ્રથમ ઈ. સ. ની વર્ષ-સંખ્યાને ૧૯ વડે ભાગો. ભાગતાં જે શેષ વધે તેને ૧૧ વડે ગુણો. આવેલા ગુણાકારને ૩૦ વડે ભાગતાં જે શેષ બચે, તેમાં હવે આપેલી તારીખ તથા મહિનાની ધ્રુવસંખ્યા ઉમેરો. (મહિનાની એ ધ્રુવસંખ્યા નીચેના કોષ્ટકમાં આપી છે.)

હવે બધી રકમનો કુલ સરવાળો કરતાં જે સંખ્યા આવે તે ઈષ્ટ તિથિ છે. સંખ્યા ૩૦ થી વધે તો એમાંથી ૩૦ બાદ કરવા. સંખ્યા ૧૫ કરતાં નાની હોય તો તિથિ સુદી સમજવી ને વધુ હોય તો, ૧૫ થી જેટલી વધુ હોય તેટલી વદી સમજવી.

ધ્રુવસંખ્યાનું કોષ્ટક

જાન્યું.	૦	એપ્રિલ	૧	જુલાઇ	૪	ઑક્ટો.	૭
ફેબ્રુ.	૧	મે	૨	ઑગસ્ટ	૫	નવે.	૯
માર્ચ	૦	જૂન	૨	સપ્ટે.	૭	ડિસે.	૯

એક ઉદાહરણ લઇએ: ઈ. ૧૯૪૯ની ૧૧મી સપ્ટેમ્બરે કઇ તિથિ?

ગણતરી: ૧૯૪૯÷૧૯=૧૦૨ ૧૧/૧૯; એટલે શેષ ૧૧ છે. એ ૧૧×૧૧ =૧૨૧; અને ૧૨૧÷૩૦=૪+૧/૩૦ એટલે શેષ ૧ આવી. હવે તારીખ ૧૧મી સપ્ટેમ્બર છે, એટલે ૧+૧૧+૭=૧૯=વદી ચોથ તિથિ.

આ જ પ્રમાણે બીજાં ઉદાહરણ ગણી શકાય. વર્ષસંખ્યાને ૧૯ વડે ભાગતાં શેષ ૦ વધે તો એને ૧૯ જ ગણીને ૧૧ વડે ગુણવા.

(આકાશગંગા) —કાન્તિલાલ ઝવેરી

ભટકતા ધ્રુવ

પૃથ્વી એક મોટો લોહચુંબક છે, જેનો ઉત્તર ધ્રુવ દક્ષિણ દિશામાં અને દક્ષિણ ધ્રુવ ઉત્તર દિશામાં છે એ ઘણાને ખબર હશે. આને લીધે જ જ્યારે લોહચુંબકીય સોયને અદ્ધર મૂકી દેવામાં આવે છે ત્યારે તે ઉત્તર-દક્ષિણ દિશામાં જ રહે છે, કારણ એ અસમાન ધ્રુવ વચ્ચે આકર્ષણ થાય છે. પૃથ્વીના આ લોહચુંબકીય ધ્રુવો ફક્ત એક જ બિંદુના બનેલા નથી, પણ ઘણા બિંદુઓના બનેલા છે. આવા બિંદુઓનું બનેલું આખું ક્ષેત્ર ધ્રુવ તરીકે ઓળખાય છે. જો એ ધ્રુવ ઉપર જઇને આપણે લોહચુંબકીય સોયને લટકાવીએ તો તે ઉત્તર-દક્ષિણ ન રહેતાં પૃથ્વીને બરાબર કાટખૂણે (૯૦°ને ખૂણે) રહેશે!

એ બંને લોહચુંબકીય ધ્રુવો સ્થિર નથી, પણ પોતાના જગ્યાએથી સતત ખસી રહ્યા છે. દક્ષિણ ધ્રુવ છેલ્લાં ૬ વર્ષમાં ૭૦ માઈલ પશ્ચિમ તરફ ખસ્યો છે એમ જણાયું છે. આ ધ્રુવ લિટલ અમેરિકાથી ૧૦૦૦ માઇલ ઉત્તરે આવેલો હોવો જોઇએ એમ ધારવામાં આવે છે. આ ધ્રુવો શાથી ખસી રહ્યા છે એ હજુ જણાયું નથી. લિટલ અમેરિકામાં તથા આ ધ્રુવની આસપાસ પહોંચેલી વૈજ્ઞાનિકોની ટુકડીએ જે સંશોધન કર્યું છે તે ઉપરથી આ માહિતી મળી છે.

ભારતીય આંકડા

હિંદી પાર્લામેન્ટમાં રાષ્ટ્રીય ભાષા વિષેના વિવાદાસ્પદ પ્રશ્ન પછી, સંખ્યાના આંકડાઓ વિષે પણ પાર્લામેન્ટના સભ્યોમાં તીવ્ર મતભેદ હતો. મુન્શી-આયંગર સમિતિએ જગતભરમાં પ્રચલિત આંતરરાષ્ટ્રીય આંકડાની ભલામણ કરી હતી, જ્યારે વિરોધ પક્ષ ભારતીય આકારના આંકડા માટે આગ્રહી હતો. પણ આખી દુનિયા આજે જે આંકડાનો ઉપયોગ કરી રહી છે તેનો મૂળ ખ્યાલ ને સ્વરૂપ બંને ભારતીય જ છે. આપણી હસ્તકલાએ કરી બતાવેલો એ શાંત દિગ્વિજય છે. જોકે યુરોપિયનો એ આંકડાને અરબી આંકડા કહે છે!

હિંદમાં લિપિઓની પેઠે આંકડાઓનો વિકાસ પણ છાપવાની કળા આવી તે પહેલાંના કાળમાં હસ્તપ્રતો દ્વારા થએલો છે. છાપવાની યાંત્રિક કલા અહીં આવી ને પૂર બહારમાં પ્રસરી ગઇ તે પછી જ, લખાતાં પ્રતીકોને આકાર આપવાનું, તેમનું ધોરણ બાંધવાનું ને સરલીકરણ કરવાનું કાર્ય લોકોએ શરુ કર્યું. હિંદની ઘણીખરી બારાખડીઓનું આજનું સ્વરૂપ સિદ્ધ કરવામાં અંગ્રેજ પાદરીઓની શક્તિ અને શ્રમે સારો ફાળો આપેલો છે. હિંદમાં ખ્રિસ્તી ધર્મના પ્રચાર અર્થે તેમણે બાઇબલ તેમજ કેટલુંક બીજું સાહિત્ય દેશી ભાષાઓમાં છપાવ્યું હતું. દુનિયાભરમાં આજે જે આંકડા પ્રચલિત છે તેમનું આજનું સ્વરૂપ પણ છાપવાની કળા આવ્યા પછી તેમાં સતત થતા રહેલા સુધારાને પ્રતાપે સિદ્ધ થએલું છે. પશ્ચિમના દેશોમાં એ આંકડા આજે અરબી આંકડાને નામે ઓળખાય છે, પણ મૂળ તો એ હિંદી જ આંકડા છે.

પૂર્વ અને પશ્ચિમના દેશો વચ્ચે વેપારીઓની અવરજવર થતી ને તેને લઈને લેખન-પ્રતીકોની સાથેસાથે દશાંશ પદ્ધતિ પણ અહીંથી પશ્ચિમના કોઈ દેશોમાં ગઈ. આંકડાઓનો વધારેમાં વધારે ને સૌથી પહેલો ઉપયોગ કરનાર જો કોઇ દેશ હોય તો તે હિંદ છે. ૧, ૪ ને ૬ એ ત્રણ આંકડા તો અશોકના શિલાલેખોમાં મળે છે. ૨,૪,૬,૭ અને ૯ નો ઉપયોગ નાનઘાટના શિલાલેખોમાં થયો છે. ૨,૩,૪,૫, ૭ ને ૯ નાશિકની ગુફાઓમાંના કોતરકામમાંથી મળી આવે છે. ઈસુની આઠમી સદીમાં ભારતીય ખગોળનાં કોષ્ટકોનું અરબી ભાષાન્તર બગદાદ ખાતે થયું અને અરબી વિદ્વાનોમાં હિંદી આંકડાઓ જાણીતા થયા. ઈ. સ. ૮૨૫માં અબુ જાફર મહમદ બિન મૂસા નામના વિદ્વાને આ વિષય પર એક નાની ચોપડી લખી, જેનું લાટિન ભાષાન્તર ૧૧૨૦માં એડલાર્ડ નામના લેખકે કર્યું.

વિદ્વાનોનાં આવાં સંશોધનો પછી શંકાને કોઇ સ્થાન રહેતું નથી. જગતભરમાં વપરાતા આ આંકડાઓ જેની મદદ વડે દુનિયાનું ચિરંતન ગણિતસાહિત્ય સર્જાયું છે તે આંકડા આપણા જ છે.

આ માસ (ઑક્ટોબર) ઈતિહાસમાં

તા. ૨ જગદ્વંદ્ય વિભૂતિ મહાત્મા ગાંધીજીનો જન્મ, ૧૮૬૯
તા. ૫ કોલંબસે કૉસ્ટારિકા શોધ્યો, ૧૫૦૨
તા. ૬ વિખ્યાત અંગ્રેજ રાજકવિ ટેનીસનનું અવસાન, ૧૮૯૨
તા.૧૧ અમેરિકન વનસ્પતિવિદ્ લ્યૂથર બુરબૅંકનું અવસાન, ૧૯૨૬
તા.૧૩ પ્રતિભાશાળી ફ્રેંચ લેખક આનાતોલ ફ્રાન્સનું અવસાન, ૧૯૨૪
તા. ૧૬ સૌંદર્યમૂર્તિ ફ્રેંચ રાણી મેરી આન્ત્વાનેતનો વધ, ૧૭૯૩
તા.૨૧ અમદાવાદના સૂબા શેખ સૂફી સાથે અંગ્રેજ કૅપ્ટન બેસ્ટે ગુજરાતમાં અંગ્રેજોના વેપારને લગતા કોલકરાર કર્યા, ૧૬૧૨
તા.૨૩ સિંધમાં સક્કર બરાજનો પાયો નંખાયો, ૧૯૨૩
તા.૨૬ નૉર્વે સ્વીડનથી છૂટો પડી સ્વતંત્ર દેશ બન્યો, ૧૯૦૫
તા.૨૯ વાસ્કો-દ-ગામાએ બીજી વારની હિંદની સફર વખતે કલિકટ જીતી ૮૦૦ સ્ત્રી, પુરુષ અને બાળકોની કત્લ કરી, ૧૫૦૪
તા.૩૦ હિંદ-ઇગ્લંડ વચ્ચે વિમાની વ્યવહાર શરુ થયો, ૧૯૨૯

આ માસની વ્યક્તિવિશેષ : શ્યામજી કૃષ્ણ વર્મા



મેધાવી વિદ્વાન, સંસ્કૃતના પ્રખર પંડિત અને હિંદી વિપ્લવવાદના આદિકાળમાં તેના પુરસ્કર્તા આ પહેલા ગુજરાતી ઉદ્દામવાદીનો જન્મ ૧૮૫૭ની ૪થી ઑક્ટોબરે કચ્છ-માંડવીમાં એક ગરીબ કુટુંબમાં થએલો. પ્રખર બુદ્ધિમત્તા દાખવી, મુંબઇ અભ્યાસાર્થે જઈ, ૧૮ વર્ષની નાની વયે જ સંસ્કૃત અને અંગ્રેજીમાં ભારે નૈપુણ્ય મેળવ્યું. દરમ્યાન સ્વામી દયાનંદના સંસર્ગમાં આવી દેશભક્તિ અને આર્ય સમાજના રંગે રંગાયા. ૧૮૭૯માં ઈંગ્લંડ જઈ, અનેક મુશ્કેલીઓ વેઠી, ૧૮૮૩માં ઑક્સફર્ડમાંથી ગ્રૅજ્યુએટ થયા. સાથે રૉયલ એશિયાટિક સોસાએટીના સભ્ય થયા, અને બર્લિનમાં ભરાએલી પૌરસ્ત્ય પરિષદમાં હિંદના પ્રતિનિધિ તરીકે વિદ્વત્તાભર્યો નિબંધ વાંચ્યો; અને આમ, ૨૬ વર્ષની ઊગતી વયે તો, ઑક્સફર્ડના પ્રથમ હિંદી ગ્રૅજ્યુએટ જ નહિ પણ સંસ્કૃતના પ્રખર પંડિત લેખે જગતભરમાં નામના મેળવી.

૧૮૮૫માં હિંદ આવી રતલામ, ઉદેપુર ને જુનાગઢ રાજ્યોની દીવાનગીરી કરી. વચ્ચે અજમેરમાં વકીલાત તથા રૂના જીનનો ઉદ્યોગ કરી સારું કમાયા પણ ખરા. પરંતુ દેશી રાજ્યોની ખટપટો અને અંગ્રેજ અમલની કુટિલતાનો જે પરચો મળ્યો તેપરથી તેમણે હિંદમાં રહી અંગ્રેજોના દમનનો ભોગ બનવા કરતાં વિલાયતમાં એમને ઘરઆંગણે જ મોરચો માંડવાનો નવો માર્ગ શોધી, જીવનભરનો વિદેશવાસ સ્વીકાર્યો. ત્યાં ઇંડિયન હોમરૂલ સોસાએટી સ્થાપી, હડધૂત થતા હિંદી વિદ્યાર્થીઓ માટે 'ઇંડિયા હાઉસ' કાઢ્યું, અને દેશની વકીલાત માટે 'ઇંડિયન સોશ્યૉલૉજિસ્ટ' નામનું પત્ર કાઢી બ્રિટિશ અમલનો એવો તો જબરો પ્રતિકાર ગજવ્યો કે સાત જ માસના ગાળામાં હિંદી રાજકારણના વિશાળ ક્ષેત્રમાં જ નહિ પણ છેક અમેરિકા સુધી એમનો પ્રભાવ પડ્યો. આખરે આ 'અનિચ્છનીય પરદેશી'-ને હદપાર કરવા બ્રિટિશ પાર્લામેન્ટમાં માગણી થઇ. પણ એવો સ્વમાન ગુમાવવાનો વખત આવતાં પહેલાં જાતે જ પારીસ ચાલ્યા જઇ ત્યાંથી વધુ જલદ પ્રહારો કરવા માંડ્યા. પરિણામે બ્રિટિશ સરકારે હિંદમાં તેમના પત્ર પર પ્રતિબંધ મૂક્યો.

બીજી બાજુ, શબ્દોને બદલે કાર્યની માંગ વધી. લંડનમાં સાવરકરે નેતૃત્વ લીધું. મદનલાલ ધીંગરાએ હિંદી કચેરીના અગ્રણી કર્મચારીનું ખૂન કર્યું અને બ્રિટિશો ખળભળી ઊઠ્યા. એ કાવતરાના યોજક તરીકે સૌનું ધ્યાન તેમના પર ગયું. ઇંડિયા હાઉસની ઘડીઓ ગણાવા લાગી. પણ છતાં તેમણે કંઇ પ્રતિકાર ન કર્યો. ઊલટું પોતાની લંડનમાંની મિલ્કત પારીસ ફેરવવા માંડી. આથી હિંદી ક્રાન્તિકારીઓ તેમના પર છેડાયા. ઉમર વધતી હતી, તબિયત વણસી ગઇ હતી, છતાં પોતાના વિચારોમાં તે દૃઢ જ રહ્યા.

એવામાં ૧૯૧૪માં મહાયુદ્ધનાં પગરણ પરખી, અગમચેતી વાપરી તે જીનીવા જઈ વસ્યા. ત્યાં સ્વિસ સરકારના દબાણથી 'ઇંડિયન સોશ્યૉલૉજિસ્ટ' પત્ર બંધ થયું. વિશ્વાસપાત્ર મિત્રોએ પણ દગો દીધો. એવામાં મિત્રરાજ્યોની જીત થઈ અને તેમનું દિલ ભાંગી ગયું.

છ વષ બાદ ૧૯૨૦માં ફરી શરુ થએલા 'સોશ્યૉલૉજિસ્ટ'માં તેમની નિરાશા સ્પષ્ટ વર્તાતી હતી. ૧૯૨૩માં તે બંધ કરી પોતાની આર્થિક બાબત હાથ ધરી, અને શેરબજારના સફળ સોદા કરવા માંડ્યા. ૧૯૩૦માં તબિયત છેક લથડી અને એ જ વર્ષે ૩૧મી માર્ચની સાંજે જીનીવામાં દેહ છોડ્યો. ત્યાંના સેન્ટ જ્યૉર્જના સ્મશાનમાં તેમનો અગ્નિસંસ્કાર કરી ત્યાં જ તેમની ભસ્મ દાટવામાં આવી છે.